Version 001: Updates at https://AtmaDharma.com & https://AtmaDharma.org



# બે ભૂલ !
# दो भूल !

Please report errors to rajesh@AtmaDharma.com

ॐ

**શ્રી પંચપરમેષ્ઠીને નમઃ**
**શ્રી નિજ શુદ્ધાત્માને નમઃ**
**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

# બે ભૂલ

**અધ્યાત્મ યુગપુરુષ**
**પૂજ્ય કહાનગુરુદેવના**
**અનન્ય શિષ્યરત્ન, આત્મજ્ઞ,**
**પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈના**
**'બે ભૂલ' ઉપરના ૩ માર્મિક પ્રવચનો**

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન:
શ્રી કુંદકુંદ કહાનામૃત
પ્રભાવના મંદિર ટ્રસ્ટ
'સ્વીટ હોમ', જાગનાથ પ્લોટ,
શેરી નં-૬, જીમખાના રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)
(સમકિત મોદી, ૯૮૨૫૫ ૮૨૫૪૯)

**श्री पंचपरमेष्ठी नमः**
**श्री निज शुद्धात्मा नमः**
**श्री सद्‌गुरुदेवाय नमः**

# दो भूल

**अध्यात्म युगपुरुष**
**पूज्य कहानगुरुदेव के**
**अनन्य शिष्यरत्न, आत्मज्ञ,**
**पूज्य 'भाईश्री' लालचंदभाई के**
**'दो भूल' पर ३ मार्मिक प्रवचन**

प्रकाशक और प्राप्तिस्थान:
श्री कुंदकुंद कहानामृत
प्रभावना मंदिर ट्रस्ट
'स्वीट होम', जागनाथ प्लॉट,
गली न-६, जिमखाना रोड,
राजकोट – ३६० ००१ (सौराष्ट्र)
(समकित मोदी, ९८२५५ ८२५४९)

| | | |
|---|---|---|
| વીર સંવત ૨૫૪૮ | વિક્રમ સંવત ૨૦૭૮ | ઈ.સ. ૨૦૨૨ |
| वीर संवत २५४८ | विक्रम संवत २०७८ | ई. स. २०२२ |



| -: પ્રકાશન :- | -: प्रकाशन :- |
|---|---|
| પૂ. “ભાઈશ્રી” લાલચંદભાઈ મોદીના<br>૧૧૩ મી જન્મદિન પ્રસંગે<br>તા. ૮-૬-૨૦૨૨ , બુધવાર, જેઠ સુદ-૯ | पूज्य 'भाईश्री' लालचंदभाई मोदी के<br>११३ वे जन्मदिन प्रसंग पर<br>दि. ८-६-२०२२, बुधवार, ज्येष्ठ सूद-९ |
| | |
| પ્રથમ આવૃતિ - ૫૦૦<br>પડતર કિંમત ૧૦૦ રૂપીયા (અંદાજીત)<br>મૂલ્ય - સ્વાધ્યાય | प्रथम आवृति - ५००<br>मूल कीमत १०० रुपये (अनुमानित)<br>मूल्य - स्वाध्याय |



| પ્રવચનોની ઉપલબ્ધિ - प्रवचनों की उपलब्धि | |
|---|---|
| ઓડિઓ, વિડિયો, લિખિત તથા સબટાઇટલ્સ<br>औडियो, विडिओ, लिखित और सबटाईटल्स | AtmaDharma.com &<br>AtmaDharma.org |
| વિડિયો તથા સબટાઇટલ્સ<br>विडिओ और सबटाईटल्स | YouTube.com/LalchandbhaiModi |
| Telegram: જાહેરાતો घोषणाएँ | t.me/Lalchandbhai |
| WhatsApp: જાહેરાતો घोषणाएँ | https://atmadharma.com/<br>lalchandbhai.html#NewLectures |
| Telegram: જાહેરાતો અને તત્ત્વ ચર્ચા<br>Telegram: घोषणाएँ और तत्त्व चर्चा | t.me/DhyeyPurvakGyey |

# પ્રકાશકીય કલમે

**અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના સમયસાર આદિ પંચપરમાગમોની રચના કરી. ત્યારબાદ એક હજાર વર્ષ પૂર્વે આ કાળના હાલતા ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી.

આ પરંપરામાં મોક્ષમાર્ગ પ્રાયે: લોપ જેવો જ થઇ ગયેલો. મિથ્યાત્વ ગળાડૂબ થઈને તેનું એક છત્ર રાજ શરૂ થયેલું. તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ, આત્મજ્ઞસંત, નિષ્કારણ કરુણાના સાગર અને ભાવિ તિર્થાધિરાજ એવા નિર્ભય-નિડર અને નિશંક સિંહપુરુષ પરમ પૂજય શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હ્રદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને, ભવ્યજીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટ ધારાથી દેશનાની શૃંખલા વરસાવીને, અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણાં જીવોએ પૂજય ગુરુદેવશ્રીના નિમિત્તે પોતાના આત્મસ્વરૂપને સમજીને આત્મસાત્ કર્યું.

પૂજય ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્નો થયા. તેમાંના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈ થયા. પૂજ્ય ભાઈશ્રીએ ઘણો સમય સોનગઢ પૂજય ગુરુદેવશ્રીની નિશ્રામાં રહી, આચાર્ય ભગવંતોના મૂળ તાત્ત્વિક રહસ્યોને પોતાના જ્ઞાનસરોવરના પ્રકાશ સાથે મેળવીને આચાર્ય ભગવાન તથા પૂજય ગુરુદેવશ્રીએ જે રીતે શુધ્ધાત્માનું રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુધ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો.

**'બે ભૂલ'** પુસ્તકમાં મૂળ જૈન ધર્મમાંથી સારભૂત જીવની **બે ભૂલ** તારવીને તેના ઉપરના ત્રણ માર્મિક પ્રવચનોમાં પૂજ્ય ભાઈશ્રીએ ચર્ચા કરેલ છે. તે સર્વ સંસારી જીવોને પ્રવર્તતી (૧) કર્તાબુધ્ધિ અને (૨) જ્ઞાતાબુધ્ધિ કેમ છે અને કેવી રીતે જાય તેનું સ્પષ્ટીકરણ પૂજ્ય ભાઈશ્રીએ આ **'બે ભૂલ'** પુસ્તકમાં પ્રકાશિત કરેલ છે. તે **'બે ભૂલ'** બતાવતા પૂજ્ય ભાઈશ્રી કહે છે:-

- પહેલી ભૂલ, **પરિણામ પરિણામને કરે છે, માને છે કે હું એને કરું છું**.
- બીજી ભૂલ, **જાણે છે ઇન્દ્રિયજ્ઞાન પરને અને માને છે કે હું પરને જાણું છું**.
- **બે ભૂલ**નું એક પુસ્તક છે એમાં આ બે લાઇન છે બસ! પુસ્તક પૂરું થઈ ગયું.
- **કરે છે પર્યાય અને માને છે કે હું કરું છું. જાણે છે ઇન્દ્રિયજ્ઞાન પરને** (અને) **માને છે કે હું પરને જાણું છું. બે ભૂલ છે**. થોડા દિવસ પહેલા બેનને વાત કરી બે ભૂલની. તો કહે કે આ પુસ્તક લખવા જેવું છે. એ તમે જાણો, આપણું કામ નહીં હવે.
- **કરે છે બીજો અને માને છે કે હું કરું છું. જાણે છે બીજો અને માને છે કે હું જાણું છું પરને**. એવું પુસ્તક એક મોટું મળ્યું અને મોટા અક્ષરે

**'બે ભૂલ'.** આ પુસ્તક તમારી પાસે છે. બધાની પાસે આ પુસ્તક છે. ખોલીને વાંચવું જોઇએ શું લખ્યું છે એમાં. આ શોર્ટ છે બધું બસ!

ઘણી જુદી જુદી રીતે તે **'બે ભૂલ'**ની વાત કરતાં પૂજ્ય ભાઈશ્રી ન્યાય અને લોજિકથી સમજાવે છે કે:-

- હું પરિણામનો કર્તા કેમ નથી?
- પરિણામનો કર્તા પરિણામ છે.
- હું અકર્તા છું.
- હું પરિણામનો અને પરનો જ્ઞાતા નથી.
- પરિણામનો કે પરનો જ્ઞાતા ઇન્દ્રિયજ્ઞાન છે.
- જ્ઞાનસ્વરૂપી ભગવાન પણ અહીંયા અને જ્ઞેય પણ અહીંયાં છે.
- હું જ જ્ઞાન અને હું જ જ્ઞેય છુ.

આ જ પ્રવચનમાં પૂજ્ય લાલચંદભાઈએ કહે છે કે **આ બે ભૂલનું પુસ્તક પણ ભવિષ્યમાં નીકળશે એમ લાગે છે. એટલે કોઇ ને કોઇ કાઢશે**. આજે આ **'બે ભૂલ'** નામની પુસ્તક પ્રકાશિત કરવામાં આવે છે. આવા અદભૂત સ્પષ્ટીકરણરૂપ ત્રણ પ્રવચનો સર્વ મુમુક્ષુ જીવો પોતાના જ્ઞાન શ્રધ્ધાનમાં અવધારીને સમ્યકતા પ્રગટ કરે તેવી મંગલ ભાવના.

આ પુસ્તક પૂજ્ય ભાઈશ્રીના ત્રણ વિડીયો પ્રવચન નંબર LA ૩૪૪, LA ૩૪૫ તથા LA ૩૪૬ ને અક્ષરશઃ પ્રવચનોના રૂપમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. અક્ષરશઃ પ્રવચન લખવાનું, ટાઇપિંગનું (typing) અને પ્રૂફ રીડિંગનું (proof reading) કાર્ય પૂજ્ય લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી અક્ષરશઃ પ્રવચન ટીમે (team) તૈયાર કરેલ છે. સંસ્થા આ કાર્ય બદલ આખી ટીમનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તક પ્રકાશન અર્થે દાનરાશિ પૂજ્ય લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી અક્ષરશઃ પ્રવચન ટીમ તથા AtmaDharma.com

અને AtmaDharma.org તરફથી આવેલ છે, તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તકનું પ્રિન્ટિંગ તથા બાઈન્ડીંગનું કાર્ય Design Scope વાળા અમરભાઈ પોપટ તથા Sharp Offset Printers વાળા ધર્મેશભાઈ શાહ દ્વારા થયું છે. સંસ્થા તેમનો આભાર માને છે. આ પુસ્તક AtmaDharma.com અને AtmaDharma.org પર ઉપલબ્ધ છે.

અમારા ટ્રસ્ટનું આ ૧૮મું પુસ્તક છે. આ પુસ્તકમાં અજાણતા કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

અંતમાં આ '**બે ભૂલ**' પુસ્તકમાં અકર્તા-જ્ઞાતા સ્વભાવનું સ્પષ્ટીકરણ જે પૂજ્ય ભાઈશ્રીએ કરેલ છે તેવો સ્વભાવ સર્વ જીવોને પ્રાપ્ત થાય તેવી મંગલ ભાવના.

લી. ટ્રસ્ટી શ્રી

કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ, રાજકોટ

# प्रकाशकीय कलम से

**अहो उपकार जिनवरनो कुंदनों ध्वनि दिव्यनो,**
**जिन कुंद ध्वनि आप्या, अहो आ गुरु कहाननो।**

वर्तमान शासन नायक महावीर भगवान से प्रगट हुई दिव्यध्वनि की परंपरा में, कलिकाल सर्वज्ञ ऐसे श्री कुंदकुंदाचार्यदेव दो हज़ार वर्ष पूर्व हुये। श्री कुंदकुंददेव ने वर्तमान में महाविदेह क्षेत्र में विराजमान श्री सीमंधर भगवान की सुखानंद से बहती हुई दिव्य-देशना को प्रत्यक्ष सदेह वहाँ जाकर साक्षात् मूर्तिमंत किया एवं भरतक्षेत्र में उसे लाकर द्वितीय श्रुतस्कंध के

समयसार आदि पंचपरमागमों की रचना की। उसके बाद आज से एक हज़ार वर्ष पूर्व वर्तमान काल के चलते-फिरते सिद्ध, ऐसे श्री अमृतचंद्राचार्यदेव हुए। उन्होंने समयसार आदि अनेक शास्त्रों की टीका की रचना की।

इस परंपरा में मोक्षमार्ग प्रायः लुप्त जैसा ही हो गया था। मिथ्यात्व ने गले तक डुबाकर उसका एक छत्र राज शुरू हो गया था। उसी काल में ही जैनशासन में एक आध्यात्मिक महापुरुष, आत्मज्ञसंत, निष्कारण करुणा के सागर और भावी तिर्थाधिराज ऐसे निर्भय-निडर और निशंक सिंहपुरुष परम पूज्य श्री कानजीस्वामी का जन्म हुआ। उन्होंने आचार्यों के हृदय में बैठकर चारों ओर से शास्त्रों का निचोड़ निकालकर परमागमों के रहस्यों को अपनी प्रज्ञा से आत्मसात् करके, भव्य जीवों के श्रेयार्थ ४५ साल तक अटूट धारा से देशना की शृंखला बरसा कर असंख्य जीवों को आध्यात्मिक वातावरण में भिगो दिया। बहुत सारे जीवों ने गुरुदेवश्री के निमित्त से अपने आत्मस्वरूप को समझकर आत्मसात् किया।

पूज्य गुरुदेवश्री के ४५ साल के सोनगढ़ के सुवर्णकाल दरम्यान अनेकों शिष्यरत्न हुए। उनमें से एक प्रमुख शिष्यरत्न ऐसे आदरणीय पूज्य भाईश्री लालचंदभाई हुए। पूज्य भाईश्री ने बहुत समय तक सोनगढ़ में पूज्य गुरुदेवश्री की छत्रछाया में रहकर, आचार्य भगवंतों के मूल तात्त्विक रहस्यों को अपने ज्ञान सरोवर के प्रकाश के साथ मिलान करके, आचार्य भगवान और पूज्य गुरुदेवश्री ने जिस तरह से शुद्धात्मा का रहस्य चारों ओर से विस्तृत किया हैं, उसे भली-भाँति अवधारण करके छठवीं गाथा के निमित्त से अपने शुद्धात्मा को स्पर्श करके अतीन्द्रिय आनंद का स्वाद चख लिया।

"**दो भूल**" पुस्तक में मूल जैनधर्म में से सारभूत, जीव की **दो भूल** छाँटकर उनके ऊपर तीन मार्मिक प्रवचन में पूज्य भाईश्री ने चर्चा की है। सभी संसारी जीवों में प्रवर्तती हुई (१) कर्ताबुद्धि और (२) ज्ञाताबुद्धि क्यों हैं और वे कैसे निकलें, उसका स्पष्टीकरण पूज्य भाईश्री ने इस "**दो भूल**"

पुस्तक में प्रकाशित किया है। वे "**दो भूल**" बताते हुए पूज्य भाईश्री कहते हैं:-

- पहली भूल, **परिणाम परिणाम को करता है, मानता है कि मैं उसको करता हूँ**।
- दूसरी भूल, **जानता है इन्द्रियज्ञान पर को, और मानता है कि मैं पर को जानता हूँ।**
- '**दो भूल**' नाम की एक पुस्तक है इसमें ये दो लाइन हैं बस! पुस्तक पूरी हो गई।
- **करती है पर्याय और मानता है कि मैं करता हूँ। जानता है इन्द्रियज्ञान पर को (और) मानता है कि मैं पर को जानता हूँ। दो भूल हैं।**
- **करता है दूसरा और मानता है कि मैं करता हूँ। जानता है दूसरा और मानता है कि मैं जानता हूँ पर को।**

ऐसी पुस्तक एक बड़ी मिली और बड़े अक्षरों में 'दो भूल' (लिखा है)। यह पुस्तक तुम्हारे पास भी है। सबके पास यह पुस्तक है। खोलकर पढ़ना चाहिये क्या लिखा है उसमें।

बहुत अलग-अलग तरीके से '**दो भूल**' की बात करते हुए पूज्य भाईश्री न्याय और लोजिक से समझाते हैं कि:-

- मैं परिणाम का कर्ता क्यों नहीं हूँ?
- परिणाम का कर्ता परिणाम है।
- मैं अकर्ता हूँ।
- मैं परिणाम का और पर का ज्ञाता नहीं हूँ।
- परिणाम का और पर का ज्ञाता इन्द्रियज्ञान है।
- ज्ञान स्वरूपी भगवान भी यहाँ और ज्ञेय भी यहाँ है।
- मैं ही ज्ञान और मैं ही ज्ञेय हूँ।

इस ही प्रवचन में पूज्य लालचंदभाई ने कहा है कि **ये दो भूल की**

**पुस्तक भी भविष्य में निकलेगी ऐसा लगता है। अर्थात् कोई न कोई इसे निकालेगा।** आज यह "**दो भूल**" नामक पुस्तक प्रकाशित करने में आती है। ऐसे अद्‌भुत स्पष्टीकरणरूप तीन प्रवचनोंको सर्व मुमुक्षु जीव अपने ज्ञान श्रद्धान में अवधारण करके सम्यकता प्रगट करें, ऐसी मंगल भावना।

यह पुस्तक पूज्य भाईश्री के तीन विडिओ प्रवचन नंबर LA ३४४, LA ३४५ तथा LA ३४६ के अक्षरशः प्रवचनों के रूप में प्रकाशित की गई है। अक्षरशः प्रवचन लिखने का, टायपिंग का और प्रूफ रीडिंग का कार्य पूज्य लालचंदभाई अमरचंदभाई मोदी अक्षरशः प्रवचन टीम ने तैयार किया है। संस्था इस कार्य के लिए पूरी टीम का आभार व्यक्त करती है।

इस पुस्तक के प्रकाशन हेतु दानराशि पूज्य लालचंदभाई अमरचंदभाई मोदी अक्षरशः प्रवचन टीम और AtmaDharma.com और AtmaDharma.org तरफ से आए हुई है, जिसके लिए संस्था उनका आभार व्यक्त करती है।

इस पुस्तक की प्रिंटिंग और बाइन्डिंग का कार्य Design Scope “अमरभाई पोपट” और “शार्प ऑफसेट प्रिंटर्स” वाला धर्मेशभाई शाह द्वारा हुआ है। संस्था उनका भी आभार मानती है। यह पुस्तक AtmaDharma.com और AtmaDharma.org पर उपलब्ध है।

हमारे ट्रस्ट की यह १८वीं पुस्तक है। इस पुस्तक में जाने-अनजाने में कोई क्षति रह गई हो, तो हम क्षमा चाहते हैं।

अंत में इस "**दो भूल**" पुस्तक में अकर्ता-ज्ञाता स्वभाव का स्पष्टीकरण जो पूज्य भाईश्री ने किया है, ऐसा स्वभाव सभी जीवों को प्राप्त हो, ऐसी मंगल भावना।

**ली. ट्रस्टी श्री**

**कुंदकुंद कहानामृत प्रभावना मंदिर ट्रस्ट, राजकोट**

# અનુક્રમણિકા - अनुक्रमणिका

પ્રકાશકીય કલમે....3
प्रकाशकीय कलम से....6
અનુક્રમણિકા - अनुक्रमणिका....10
પ્રકાશનો....11
प्रकाशन....12
શ્રી સમયસારજી સ્તુતિ....13
श्री समयसारजी स्तुति....14
શ્રી કુંદકુંદ આચાર્યદેવ - श्री कुंदकुंद अचार्यदेव....15
શ્રી સદગુરુદેવ-સ્તુતિ....16
श्री सद्गुरुदेव-स्तुति....17
પૂજ્ય શ્રી કાનજીસ્વામી - पूज्य श्री कानजीस्वामी....18
જિનજીની વાણી....19
जिनजीनी वाणी....20
પૂજ્ય ભાઈશ્રી લાલચંદભાઈ - पूज्य भाईश्री लालचंदभाई....21
પ્રવચન નં. LA ૩૪૪, તત્ત્વ ચર્ચા - બે ભૂલ....23
प्रवचन नं. LA ३४४, तत्त्व चर्चा - दो भूल....41
પ્રવચન નં. LA ૩૪૫, અનુભવનો વિષય અને અનુભવની વિધિ....59
प्रवचन नं. LA ३४५, अनुभव का विषय और अनुभव की विधि....88
પ્રવચન નં. LA ૩૪૬, તત્ત્વ ચર્ચા - બે ભૂલ....118
प्रवचन नं. LA ३४६, तत्त्व चर्चा - दो भूल....141

# પ્રકાશનો

## પૂજ્ય ભાઇશ્રીની નિશ્રામાં થયેલા પ્રકાશનો

ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી

દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ

ભેદજ્ઞાન ભજનાવલી

## શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો

૧. જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન
૨. દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવની ચર્ચા
૩. જાણનારો જણાય છે
૪. આત્મજ્યોતિ
૫. ચૈતન્ય વિલાસ
૬. શુદ્ધ અંતઃતત્ત્વ
૭. મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧
૮. જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન
૯. અનેકાંત અમૃત
૧૦. જ્ઞાનનું જ્ઞાનત્વ
૧૧. પૂજ્ય 'ભાઈશ્રી'ના સિદ્ધાંતોની સરવાણી
૧૨. બુંદ બુંદમાં અમૃત
૧૩. લંડનના પ્રવચનો ભાગ-૧
૧૪. નયચક્ર તત્ત્વચર્ચા
૧૫. આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧
૧૬. ચિસ્વરૂપ જીવ
૧૭. સત્ અહેતુક જ્ઞાન
**૧૮. 'બે ભૂલ' - 'दो भूल'**

# प्रकाशन

## पूज्य भाईश्री की छत्रछाया मे हुए प्रकाशनों

इंद्रीयज्ञान ज्ञान नहीं है
द्रव्यस्वभाव-पर्यायस्वभाव
भेदज्ञान भजनावली

## श्री कुंदकुंद कहानामृत स्वाध्याय हॉल के प्रकाशन

१. ज्ञान से ज्ञान का भेदज्ञान
२. द्रव्यस्वभाव-पर्यायस्वभाव की चर्चा
३. जाननहार जानने मे आता है
४. आत्मजयोती
५. चैतन्य विलास
६. शुद्ध अन्तःतत्त्व
७. मंगल ज्ञानदर्पण भाग-१
८. ज्ञायक स्वरूप प्रकाशन
९. अनेकांत अमृत
१०. ज्ञान का ज्ञानत्व
११. पूज्य 'भाईश्री' का सिद्धांतों की सर्वाणी
१२. बूँद बूँद मे अमृत
१३. लंडन का प्रवचन भाग-१
१४. नयचक्र तत्त्वचर्चा
१५. आध्यात्मिक ज्ञानगोष्ठी भाग-१
१६. चितस्वरूप जीव
१७. सत् अहेतुक ज्ञान
**१८. 'બે ભૂલ' - 'दो भूल'**

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવકલાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ જ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# श्री समयसारजी स्तुति

**(हरिगीत)**

संसारी जीवनां भावमरणो टाळवा करुणा करी,
सरिता वहावी सुधा तणी प्रभु वीर! तें संजीवनी;
शोषाती देखी सरितने करुणाभीना हृदये करी,
मुनिकुंद संजीवनी समयप्राभृत तणे भाजन भरी.

**(अनुष्टुप)**

कुंदकुंद रच्युं शास्त्र, साथिया अमृते पूर्या,
ग्रंथाधिराज! तारामां भावो ब्रह्मांडना भर्या.

**(शिखरिणी)**

अहो! वाणी तारी प्रशमरस-भावे नीतरती,
मुमुक्षुने पाती अमृतरस अंजलि भरी भरी;
अनादिनी मूर्छा विष तणी त्वराथी उतरती,
विभावेथी थंभी स्वरूप भणी दोडे परिणति.

**(शार्दूलविक्रीडित)**

तुं छे निश्चयग्रंथ भंग सघळा व्यवहारना भेदवा,
तुं प्रज्ञाछीणी ज्ञान ने उदयनी संधि सहु छेदवा;
साथी साधकनो, तुं भानु जगनो, संदेश महावीरनो,
विसामो भवक्लांतना हृदयनो, तुं पंथ मुक्ति तणो.

**(वसंततिलका)**

सुण्ये तने रसनिबंध शिथिल थाय,
जाण्ये तने हृदय ज्ञानी तणां जणाय;
तुं रुचतां जगतनी रुचि आळसे सौ,
तुं रीझतां सकलज्ञायकदेव रीझे.

**(अनुष्टुप)**

बनावुं पत्र कुंदननां, रत्नोना अक्षरो लखी;
तथापि कुंदसूत्रोनां अंकाये मूल्य ना कदी.



શ્રી કુંદકુંદ આચાર્યદેવ - श्री कुंदकुंद अचार्यदेव

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચેતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન" ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્વ ઝળકે પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહેતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# श्री सद्‌गुरुदेव-स्तुति

**(हरिगीत)**

संसारसागर तारवा जिनवाणी छे नौका भली,
ज्ञानी सुकानी मळ्या विना ए नाव पण तारे नहीं;
आ काळमां शुद्धात्मज्ञानी सुकानी बहु बहु दोह्यलो,
मुज पुण्यराशि फळ्यो अहो ! गुरु कहान तुं नाविक मळ्यो.

**(अनुष्टुप)**

अहो ! भक्त चिदात्माना, सीमंधर-वीर-कुंदना !
बाह्यांतर विभवो तारा, तारे नाव मुमुक्षुनां.

**(शिखरिणी)**

सदा द्रष्टि तारी विमळ निज चैतन्य नीरखे,
अने ज्ञप्तिमांही दरव-गुण-पर्याय विलसे;
निजालंबीभावे परिणति स्वरूपे जई भळे,
निमित्तो वहेवारो चिदघन विषे कांई न मळे.

**(शार्दूलविक्रीडित)**

हैयुं 'सत सत, ज्ञान ज्ञान' धबके ने वज्रवाणी छूटे,
जे वज्रे सुमुमुक्षु सत्त्व झळके परद्रव्य नातो तूटे;
- रागद्वेष रुचे न, जंप न वळे भावेन्द्रिमां - अंशमां,
टंकोत्कीर्ण अकंप ज्ञान महिमा हृदये रहे सर्वदा.

**(वसंततिलका)**

नित्ये सुधाझरण चंद्र ! तने नमुं हुं,
करुणा अकारण समुद्र ! तने नमुं हुं;
हे ज्ञानपोषक सुमेघ ! तने नमुं हुं,
आ दासना जीवनशिल्पी ! तने नमुं हुं.

**(स्रग्धरा)**

ऊंडी ऊंडी, ऊंडेथी सुखनिधि सतना वायु नित्ये वहंती,
वाणी चिन्मूर्ति ! तारी उर-अनुभवना सूक्ष्म भावे भरेली;
भावो ऊंडा विचारी, अभिनव महिमा चित्तमां लावी लावी,
खोयेलुं रत्न पामुं, - मनरथ मननो; पूरजो शक्तिशाळी !

**ક્રમબદ્ધ પર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે.**
**કેમ કે જૈનદર્શન અકર્તાવાદી છે અને એમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.**
**क्रमबद्ध पर्याय मे महा रहस्य है। क्योंकि उसमें जैनदर्शन का रहस्य है।**
**क्योंकि जैनदर्शन अकर्तावादी है और उसमें अकर्ता की पराकाष्ठा का स्वरूप है।**



**પૂજ્ય શ્રી કાનજીસ્વામી - पूज्य श्री कानजीस्वामी**

**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ દર્શાવનાર,**
**તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર.**
**(અધ્યાત્મ યુગ પ્રવર્તક પૂજ્ય શ્રી કાનજીસ્વામી)**
**आत्मा अकर्ता है यह जैनदर्शन की पराकाष्ठा है उसे दर्शानेवाले,**
**तथा परिणाम का कर्ता परिणाम है ऐसे कर्ताकर्म की पराकाष्ठा प्रकाशनार।**
**(अध्यात्म युग प्रवर्तक पूज्य श्री कानजीस्वामी)**

# જિનજીની વાણી

**(રાગ-આશાભર્યાંઅમે આવિયા)**

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે... સીમંધર.
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.

# जिनजीनी वाणी

**(राग – आशाभर्या अमे आवीया)**

सीमंधर मुखथी फूलडां खरे,
एनी कुंदकुंद गूंथे माळ रे,
जिनजीनी वाणी भली रे.
वाणी भली, मन लागे रळी,
जेमां सार-समय शिरताज रे,
जिनजीनी वाणी भली रे......सीमंधर०
गूंथ्यां पाहुड ने गूंथ्युं पंचास्ति,
गूंथ्युं प्रवचनसार रे,
जिनजीनी वाणी भली रे.
गूंथ्युं नियमसार, गूंथ्युं रयणसार,
गूंथ्यो समयनो सार रे,
जिनजीनी वाणी भली रे.......सीमंधर०
स्याद्वाद केरी सुवासे भरेलो,
जिनजीनो ॐकारनाद रे,
जिनजीनी वाणी भली रे.
वंदुं जिनेश्वर, वंदुं हुं कुंदकुंद,
वंदुं ए ॐकारनाद रे,
जिनजीनी वाणी भली रे.......सीमंधर०
हैडे हजो, मारा भावे हजो,
मारा ध्याने हजो जिनवाण रे,
जिनजीनी वाणी भली रे.
जिनेश्वरदेवनी वाणीना वायरा
वाजो मने दिनरात रे,
जिनजीनी वाणी भली रे.......सीमंधर०

**સ્વને જાણવાનું છોડીને, પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે**

**स्व को जानना छोड़कर, पर को जानना यह भावबंध की पराकाष्ठा है**

ॐ मैं जाननहार हूँ, ॐ

जाननहार ही जानने में आता है




वास्तव में पर जानने में नहीं आता

ॐ मैं करनार नहीं हूँ। ॐ

<u>પૂજ્ય ભાઈશ્રી લાલચંદભાઈ</u> - <u>पूज्य भाईश्री लालचंदभाई</u>

આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને
તે જ જાણવામાં આવી રહ્યો છે તે જ્ઞાનની પરાકાષ્ઠા છે.
વિધિ સંબંધી સરળતાની પરાકાષ્ઠા સમયસાર ગાથા ૧૭-૧૮ માં બતાવી છે.
(શ્રી કહાનગુરુનાં લઘુનંદન સ્વાનુભવવિભૂષિત પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈ).

आत्मा अकर्ता है यह जैनदर्शन की पराकाष्ठा है और
वो ही जानने मे आ रहा है यह ज्ञान की पराकाष्ठा है।
विधि संबंधी सरलता की पराकाष्ठा समयसार गाथा १७-१८ मे बतायी है
(श्री कहानगुरु के लघुनंदन स्वानुभव विभूषित पूज्य 'भाईश्री' लालचंदभाई)

# પ્રવચન નં. LA ૩૪૪, તત્ત્વ ચર્ચા - બે ભૂલ

**(તારીખ: ૧૯૯૧, ઉષાકિરણ એપાર્ટમેંટ, રાજકોટ)**

એક શાસ્ત્ર મળ્યું નવું. એક શાસ્ત્ર નવું મળ્યું. એનું નામ છે '**બે ભૂલ**', '**दो भूल**'. લખેલું છે માથે '**दो भूल**'-હિન્દીમાં. ગુજરાતીમાં '**બે ભૂલ**'.

એ બે ભૂલમાં એમ લખ્યું છે, એક ભૂલ અને બીજી ભૂલ, બે ભૂલ. એક ભૂલમાં એમ લખ્યું છે કે પ્રત્યેક જીવને, **જીવમાત્ર પરિણામ પરિણામને કરે છે માને છે કે હું એને કરું છું**, એ એક ભૂલ. બીજી ભૂલમાં એમ વાંચ્યું કે **જાણે છે ઇન્દ્રિયજ્ઞાન પરને અને માને છે કે હું પરને જાણું છું,** એ બીજી ભૂલ. બે ભૂલનું એક પુસ્તક છે એમાં આ બે લાઇન છે બસ! પુસ્તક પૂરું થઈ ગયું, ખલાસ થઈ ગયું પુસ્તક.

પર્યાય, પર્યાયને જ કરે છે, એના ષટ્કારકથી થાય છે. એની જન્મક્ષણ છે, એ સત્ છે, અહેતૂક છે, ક્ષણિક ઉપાદાન છે. અનેક પ્રકારે એના શાસ્ત્રના આધાર છે. છતાં એની દૃષ્ટિ પર્યાય ઉપર પડી છે. દ્રવ્ય અકર્તા છે જ્ઞાતા છે, એના ઉપર દૃષ્ટિ નથી આવતી. એટલે એને ભ્રમણા થઇ ગઇ છે ભ્રાંતિ થઇ ગઇ છે કે આ પરિણામને હું કરું છું ને આ પરિણામના ફળને હું ભોગવું છું. બે ભૂલ જ્યારે જશે ત્યારે એને સમ્યગ્દર્શન થશે.

બાકી હું કરું છું પરિણામને, મિથ્યાત્વના પરિણામને મિથ્યાદૃષ્ટિનો આત્મા કરતો નથી. સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે સમ્યગ્દૃષ્ટિનો આત્મા સમ્યગ્દર્શનની પર્યાયને કરતો નથી. કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે પણ એનો આત્મા કેવળજ્ઞાનની પર્યાયને કરતો નથી. આહાહા! એવું ત્રિકાળ અકર્તાપણું એમ ને એમ ચાલ્યું આવે છે, અનાદિ અનંત.

દૃષ્ટિ પર્યાય ઉપર પડી છે, પર્યાય પર્યાયને કરે છે, ભાસે છે - ભ્રાંતિ થઇ ગઇ કે હું કરું છું. આ એણે નિર્ણય પોતાને કરવો પડશે. બીજો કોઇ ઉપાય આમાં છે નહીં. મૂળમા ઘા મારે તો કામ થશે. પાછું, એવો સ્વીકાર કરીને સમ્યગ્દર્શન થાય ત્યાર પછી પણ પરિણામ તો પરિણામને કર્યા કરશે. પરિણામ એનું કર્તાપણું છોડશે નહીં અને આત્મા અકર્તાપણું છોડશે નહીં. આહાહા! બે સત્ છે ને?

સ્વીકાર કરે કે પરિણામ પરિણામને કરે છે અને હું કરતો નથી, અકર્તા છું, જ્ઞાતા છું. એમ દૃષ્ટિ સમ્યક્ થયા પછી પણ પરિણામ તો પરિણામને કર્યા જ કરશે. પરિણામને હું કરતો નથી તેથી પરિણામ એની ક્રિયા બંધ કરી દેશે, એમ છે નહીં. પરિણામમાં પલટો જરૂર આવશે. પરિણામને હું કરું છું ત્યાં સુધી મિથ્યાત્વના પરિણામ થતા હતા. મિથ્યાત્વના પરિણામને પર્યાય કરતી હતી. અને હું કરતો નથી. અને હું અકર્તા જ્ઞાતા છું, દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી. પર્યાય તો એની ક્રિયાને છોડશે નહીં. પણ પલટો આવ્યો. પરિણામમાં મિથ્યાત્વ થતું હતું એના સ્થાને આશ્રવના સ્થાને સંવર. પર્યાય તો ક્રિયાવાન જ છે, અનાદિ અનંત, કોઇ કાળે એની ક્રિયા બંધ નહીં થાય. પર્યાય પોતાના કર્તા સ્વભાવને છોડશે નહીં, આત્મા પોતાના અકર્તા સ્વભાવને છોડતો નથી, ત્રણે કાળ. બે સત્ અલગ અલગ છે, એકમાં બીજાની નાસ્તિ છે, એ અસ્તિ-નાસ્તિ અનેકાંત છે.

જ્ઞાયકમાં પ્રમત્ત-અપ્રમત્ત નથી. નથી માટે જ્ઞાયકભાવ પ્રમત્ત-અપ્રમત્તને કરતો નથી, એમ. એમાં નથી, એમાં ન-અથી, ન-અસ્તિ, નાસ્તિ, નાસ્તિ. નાસ્તિ એટલે ન-અથી. નઅસ્તિ, નાસ્તિ, નથી મારામાં. એનામાં છે પરિણામ, પરિણામ(માં) પરિણામની ક્રિયા થયા કરે છે. આહાહા!

છ મહિનાનો કોર્સ છે ફક્ત. ત્રણ મહિનાનો અકર્તાનો. ત્રણ

મહિનાનો જ્ઞાતાનો. બસ! એવું એક પુસ્તક મળી ગયું ચમત્કારિક! 'બે ભૂલ' આવડા આવડા (મોટા) અક્ષરથી લખેલું છે 'બે ભૂલ' બોલો! બસ બે જ ભૂલ છે? કે હા બે જ ભૂલ છે.

બીજી ભૂલ એવી છે કે ઇન્દ્રિયજ્ઞાન અનાદિકાળનું છે. ઇન્દ્રિયજ્ઞાન તો છે. એ તો લાંબા કાળ સુધી રહેશે, જેમ રાગ લાંબા કાળ સુધી રહે છે (તેમ), રાગ છેટ દસમા ગુણસ્થાન સુધી રહેશે. ઇન્દ્રિયજ્ઞાન બારમા સુધી રહેશે. ભલે અબુધ્ધિપૂર્વક, ક્ષયોપશમરૂપે, લબ્ધરૂપે છે. ઇન્દ્રિયજ્ઞાન રહેશે. ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, હું પરને જાણતો નથી, ત્યાં અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઇ આત્માનો અનુભવ થશે. અને પછી ઇન્દ્રિયજ્ઞાન પરને પ્રસિધ્ધ કર્યા જ કરશે. એ બંધ નહીં થાય, ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર.

શ્રધ્ધા સમ્યક્ થઇ ગઇ. હું પરને જાણતો નથી. ઇન્દ્રિયજ્ઞાન જાણે તો જાણે. એનો જાણનાર, પરનો જાણનાર, રાગનો જાણનાર હું નહીં. આહાહા! આ બીજી ભૂલ જાય તો એક અતીન્દ્રિયજ્ઞાન નવું પ્રગટ થાય અને આત્માના દર્શન થાય. પછી ઇન્દ્રિયજ્ઞાન તો રહેશે, એ તો જાણ્યા કરશે. કોઇ કોઇ વખતે જાણવાનું બંધ કરશે, એનું ડહાપણ આવશે એનામાં. પણ સાવ તદન જાણવાનું બંધ નહીં કરે, થોડો ટાઇમ રહેશે. બારમા ગુણસ્થાન સુધી. એનો કાળ જ્યાં સુધી નહીં પાકે આહાહા! એનું આયુષ્ય પૂરું થશે ત્યારે જ થશે.

આયુષ્ય પૂરું (થયા) વિના દેવગતિમાં જીવ જાય જ નહીં. આયુષ્ય પૂરું થાય ત્યારે બીજી ગતિમાં જાય એમ કહેવાય છે ને? હેં? આનું આયુષ્ય છે. રાગનું પણ આયુષ્ય છે અને ઇન્દ્રિયજ્ઞાનનું પણ આયુષ્ય છે. ગભરાવાની કાંઇ જરૂર નથી. આહાહા! લીમીટ છે એની. રાગ અનાદિ સાંત છે. ઇન્દ્રિયજ્ઞાન પણ અનાદિ સાંત છે. અનાદિનું ભલે હોય એ રાગ અને ઇન્દ્રિયજ્ઞાન પણ એનો અંત છે. સાંત એટલે અંત સહિત. જીજ્ઞેશ સમજાણું?

મુમુક્ષુઃ- બરાબર.

ઉત્તરઃ- બરાબર તો ઠીક. આહાહા! હું નથી જાણતો પરને હોં! ઇન્દ્રિયજ્ઞાન ભલે જાણે. ઇન્દ્રિયજ્ઞાન જાણે છે પરને અને માને કે હું જાણું છું તો એને ઇન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાનમય ભગવાન આત્માની એકત્વબુદ્ધિ થઇ ગઇ, જ્ઞેય જ્ઞાયક શંદરદોષ. કરે છે બીજો અને માને છે કે હું કરું છું. જાણે છે બીજો અને માને છે કે હું જાણું છું પરને. એવું પુસ્તક એક મોટું મળ્યું અને મોટા અક્ષરે 'બે ભૂલ'. આ પુસ્તક તમારી પાસે છે. બધાની પાસે આ પુસ્તક છે. ખોલીને વાંચવું જોઇએ શું લખ્યું છે એમાં.

આ શોર્ટ છે બધું બસ! બહું લાંબુ કરવાથી મૂળ વાત લક્ષમાંથી રહી જાશે. બહુ લાંબુ લાંબુ કરે ને (તો) મૂળ વાત રહી જાય લક્ષમાંથી. રીડયુસ ધ રેડિયસ (reduce the radius), બાપુજી કહેતા તા ને ? ઇ જ ને? રીડયુસ (ધ રેડિયસ), વર્તુળ તું ટૂંકું કર. લાંબે લાંબે જા મા. આહાહા! ઉષાકિરણના કમ્પાઉંડમાં આવી જાય તો વર્તુળમાં આવી ગયો કહેવાય. અને જામનગર હોય તો વર્તુળની બહાર, ઘણું દૂર. ક્યારે અહીંયા આવે? આવે ત્યારે આ થાય ને? આહાહા!

ટૂંકું વર્તુળ, દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છે. પર્યાયને પર્યાય કરે છે, હું કરતો નથી. આહાહા! ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, હું પરને જાણતો નથી, બસ! કોઇ પણ આત્મા બે પદાર્થને જાણી શકે નહીં, એકને જ જાણે. અજ્ઞાની પરને જાણે, જ્ઞાની સ્વને જાણે. સ્વપરપ્રકાશક એ તો પ્રતિભાસરૂપે છે, જાણવારૂપે નથી. લક્ષ બે ઉપર ન હોય, લક્ષ એક ઉપર જ હોય. આત્માનો સ્વભાવ - લક્ષણ ઉપયોગ છે. ઉપયોગનું લક્ષણ સ્વપરપ્રકાશક છે. સમ્યગ્જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશક, મિથ્યાજ્ઞાનનું લક્ષણ પરપ્રકાશક. મિથ્યાદૃષ્ટિ સ્વને જાણતો જ નથી, એકાંતે પરપ્રકાશનમાં જ પડયો છે. અને સમ્યગ્દૃષ્ટિ હરણિયું, દેડકું પરને જાણતો જ નથી, સ્વને જ

જાણ્યા કરે છે. પણ ઓલું ઇન્દ્રિયજ્ઞાનનો પક્ષ છે ને? અને સ્વપરનો પ્રતિભાસ દેખીને સ્વપરપ્રકાશકના શબ્દો આવે ને? આહાહા! એ ઉલઝન થઇ ગઇ.

**स्वपर प्रकासक सकति हमारी।**
**तातैं वचन-भेद भ्रम भारी ॥**
**ज्ञेय दशा दुविधा परगासी।**
**निजरूपा पररूपा भासी ॥ ४६ ॥**

(સમયસાર નાટક, સાધ્ય-સાધક દ્વાર, ગાથા ૪૬)

પ્રતિભાસે છે, જાણે છે એમ નથી લખ્યું. આહાહા! દર્પણમાં બે નો પ્રતિભાસ તો થાય છે. દર્પણનું દળ એમાં પણ પ્રતિભાસે, સ્વચ્છ પર્યાય છે. અને બીજા મોર આદી જે પદાર્થ બાહ્યના, કોલસા આદિ (પણ) પ્રતિભાસે છે. આહાહા!

સ્ફટિકમણિની પર્યાયમાં એનું દળ પણ પ્રતિભાસે છે અને ફૂલનો પણ પ્રતિભાસ છે. પણ ફૂલ કે ફૂલની રતાશ એમાં આવતી નથી. અને દળ એમાંથી નીકળતું નથી. સમયે સમયે દળને પ્રસિધ્ધ કરે છે. દૃષ્ટિ નિમિત્ત આધીન છે એટલે કે મને આ રાતું દેખાય છે. આહાહા! બે ભૂલ છે બસ!

સ્વપરપ્રકાશક જો જ્ઞાનનું લક્ષણ હોય ને? ખરેખર જ્ઞાનનું લક્ષણ હોય તો એટલે કે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ હોય તો, તો નિગોદનો જીવ પણ સમ્યગ્જ્ઞાની થઇ ગયો. અને સ્વપરપ્રકાશક લક્ષણ હોય તો નિગોદમાં જેમ સ્વપરપ્રકાશક છે તો આત્માનો અનુભવ નથી, તો કેવળી પણ સ્વપરપ્રકાશ કરે છે તો આત્માનો અનુભવ નહીં થાય એને. લક્ષણ એવું હોવું જોઈએ કે જેમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ (અને અસંભવ) દોષ ન આવે. એનું નામ લક્ષણ. એવી પરિભાષા છે લક્ષણની.

પ્રતિભાસ બેના હોય, લક્ષ એકનું જ હોય. બે ઉપર લક્ષ હોય જ

નહીં. લક્ષ એટલે અહંપણું. લક્ષ એટલે, લક્ષનો અર્થ અહંપણું. જેને જ્ઞાયક ઉપર લક્ષ થયો કે હું જાણનાર છું, હું જ્ઞાયક છું, પછી ઇન્દ્રિયજ્ઞાન દેહને જાણે પણ દેહમાં આત્મબુધ્ધિ એને થતી નથી. કેમ નથી થતી ખબર છે? કેમ નથી થતી?

મુમુક્ષુઃ- લક્ષ સ્વ ઉપર છે એટલે પરમાં એને અહંપણું નથી થતું.

ઉત્તરઃ- ઠીક. દેહમા અહંબુધ્ધિ કેમ થતી નથી? કોઇ જવાબ આપશે આજે?

મુમુક્ષુઃ- જણાતો નથી. જણાતો નથી.

ઉત્તરઃ- હં...બસ! દેહને જાણતો નથી જ્ઞાની. તો જાણે તો એનું શ્રધ્ધાન થઇ જાય. જાણતો જ નથી ને! અતીન્દ્રિયજ્ઞાન એને જાણતું જ નથી. જણાય ભલે, પ્રતિભાસે ભલે. પણ ત્યાં લક્ષ ક્યાં છે? લક્ષ નથી માટે જાણતો નથી. જાણે તો લક્ષ થઇ જાય. આહાહા! આવી વાત છે. અદ્ભૂતથી અદ્ભૂત ચમત્કારિક વાતો છે.

હું પરને જાણું છું એ જ્ઞાનની પર્યાયનો જે વ્યવહાર - છે અજ્ઞાન. એ એનું શલ્ય છે, એટલે અંદરમાં આવે નહીં ઉપયોગ, જાણતો નથી આત્માને. હું પરને જાણું છું, હું પરને જાણું છું, જાણે છે ઇન્દ્રિયજ્ઞાન અને માને છે કે હું. આત્મા તો અતીન્દ્રિયજ્ઞાનમય છે. આહાહા!

ગુરુના વચન છે એને પણ માનતો નથી. આપણે ઓલું **ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી** છે ને પુસ્તક એમાંથી કાઢો તો ખરા. **ભગવાન! તું પરને જાણતો નથી** એમ ગુરુદેવે કહ્યું. ગુરુદેવના શાબ્દો! **ભગવાન! તું પરને જાણતો નથી** કેટલી કરૂણા કરી. ભગવાન કહીને કહે છે. ભગવાન પરને ન જાણે એમ કહે છે. જે પરને જાણે તે ભગવાન નહીં, બુધ્ધ છે.

મુમુક્ષુઃ- ભગવાન કહેવા, અને પરને જાણે?

ઉત્તરઃ- કયું છે બોલ નંબર?

મુમુક્ષુ:- ૨૭૬.

ઉત્તર:- દોસો, ટુ સેવન સીક્ષ - 276 કાઢો. **અહીં તો કહે છે- ભગવાન! તું પરને જાણતો જ નથી**. 'જ' લગાડીને સર્વથા કહ્યું. કથંચિત્ પરને જાણે અને કથંચિત્ સ્વને જાણે એમ નહીં. એ કથંચિત્ શબ્દ હોય એ પ્રતિભાસનો છે, જાણવાને લાગુ નથી પડતું. કથંચિત્ સ્વને જાણે કથંચિત્ પરને જાણે એમ આવે, તો એ પ્રતિભાસ લેવો. લક્ષ નથી ત્યાં. બે ઉપર લક્ષ ન હોય કોઇ દિ, તો તો મિશ્રણ - સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાન મિશ્રણ થઇ ગયું.

મુમુક્ષુ:- નહીં એવું ન હોય.

ઉત્તર:- આહાહા! અહીં તો કહે છે ભગવાન! જે ભગવાન હોય ને એ પરને ન જાણે. હું પરને જાણું છું એ ભગવાનને સ્વીકારતો નથી. ભગવાન નહીં થાય. ખલાસ! ગયો દુનિયામાંથી. આ તો ગુરુદેવના શબ્દો છે. ગુરુદેવને રોજ પગે લાગે પણ એનું માનવું નથી. એ તો કોઇ અપેક્ષાએ જ્ઞાની કહે, પણ બીજી અપેક્ષા તો છે ને? એક અપેક્ષાએ એ તો નિશ્ચયથી વાત કરી, વ્યવહારથી તો પરને જાણે છે ને? આમાં નિશ્ચય વ્યવહાર લગાડયો નથી. જો તો ખરો તું. સ્વભાવ છે એનો બતાવે છે. ભગવાન! તું નિશ્ચયથી પરને જાણતો નથી એમ લખ્યું નથી, બોલ્યા પણ નથી. આહાહા! સ્વભાવથી વાત કરી છે. **ભગવાન! તું પરને જાણતો જ નથી**. 'જ' લગાડયું. સમ્યક્ એકાંત. સમ્યક્ એકાંત એટલે શું ખબર છે? અનેકાંત. કે સ્વ જણાય છે ને પર જણાતું નથી. એનું નામ અનેકાંત છે, અસ્તિ-નાસ્તિ અનેકાંત. **ભગવાન! તું પરને જાણતો જ નથી**.

આગળ, બીજી લીટી. **ભગવાન લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે** - જૂઠો વ્યવહાર. પછી ત્રીજી લીટી. ત્રણ લીટી છે. વન, ટુ, થ્રી (1, 2, 3). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ.

**ભગવાન! તું પરને જાણતો જ નથી**. બેયમાં 'જ' લગાડયું. આહાહા! સમ્યક્ એકાંત કર્યું. કથંચિત્ ભગવાન પોતાને જાણે અને કથંચિત્ પરને જાણે એમ નથી.

ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, એનો ઉપચાર આપીને, વ્યવહારનય એમ કહે છે કે (આત્મા) પરને જાણે છે. રાગને જાણે છે આત્મા - સાધકનો આત્મા, (એ) ઉપચારનું કથન છે. જાણે છે ઇન્દ્રિયજ્ઞાન, ઉપચાર આવ્યો કે આત્મા એને જાણે છે, આત્મા જાણતો નથી. આત્મા, આત્માને જાણે છે. આહાહા! ભગવાન તું પરને જાણતો જ નથી. મીઠું મધુરું અમૃત જેવું વચન છે. આહાહા!

લક્ષ્મી ચાંદલો કરવા આવી છે, મોઢું ફેરવીશ મા. આહાહા! ગિરનાર છે ને જૂનાગઢ આપણું. નેમિનાથ ભગવાનનું જ્યાં કલ્યાણક થયું તું, ત્રણ. એ જૂનાગઢમાં એવો બનાવ બની ગયો, એક રાજા રાજ કરતો હતો, રા'માંડલિક રાજાની ઉત્તરોત્તર ગાદી આવે ને? તો સો-બસ્સો વરસ પહેલાની વાત છે. રા'માંડલિક રાજ કરતો હતો. રાજગાદી એને આપી. એના પિતાજી ગુજરી ગયા. રા'માંડલિકને ગાદી ઉપર બેસાડયો દિવાને, સમાજે, બધાએ. તો એ રિવાજ હતો કે ચારણ લોકો હોય ને એની છોકરી - કુમારી તિલક કરવા આવે પછી (રાજા) ગાદીએ બેસે. એવો રિવાજ હતો ત્યાંનો.

તો બેન આવી, કુમારી, બેન, દીકરી આવી. તિલક કરવા લાગી તો તેમણે (રાજાએ) મોઢું ફેરવી લીધું. કેમકે તિલક કરે તો તો પિતા થઇ જાય. એની દૃષ્ટિ વિપરીત હતી. દૃષ્ટિમાં દોષ આવી ગયો, જોઇને. આહાહા! કામવાસના પ્રગટ થઇ ગઇ. આમ કરી દીધું (મોઢું ફેરવી દીધું) તો દીકરી ગઇ એની મા પાસે. કે મા, મા, રાજાએ તિલક કરવાની ના પાડી. (તો મા એ કહ્યું) શું કર્યું? મોઢું ફેરવી લીધું. રા' નથી ફરતો એનો દિ' ફરે છે. રાજગાદી

ચાલી ગઇ ખલાસ! ચઢાઈથી બીજો રાજા આવી ગયો.

એમ ભગવાન તું પરને જાણતો નથી. આમ કરીશ મા (મોઢું ફેરવીશ મા) આમ કરજે (હા કરજે). હા પ્રભુ! બરાબર છે. આ બેઠા ! 'જ' લગાડયો બેન! ભગવાન કહીને કહ્યું એમ. કેમકે એ તો બધાને ભગવાન દેખે છે ને? અને ભગવાન પરને જાણે જ નહીં. એવા ભગવાનને જોયો. અને એવા ભગવાનને કહે છે કે ભગવાન તું પરને જાણતો જ નથી. આહાહા!

ગુરુદેવના સ્વર્ગવાસ પછી આ કહ્યું કે આત્મા પરને જાણતો નથી, જાણનાર જણાય છે. ઊહાપોહ બહુ થયો. આહાહા! ઘણો ઊહાપોહ થયો. આખા હિન્દુસ્તાનમાં હોં! ખડભડાટ મચી ગઇ. એમાં એક વખત જ્યોતિબેન અને ભરતભાઇ આવ્યા ઘરે. ત્યારે દિવાનપરામાં રહેતો હતો. જ્યોતિબેન કહે ભાઇ! તમારી હિંમત કેમ ચાલી કે આત્મા પરને જાણતો જ નથી? આ બેઠા. કહ્યું તું ને?

મુમુક્ષુ:- હાં જી.

ઉત્તર:- તમારી હિંમત કેમ ચાલી? આહાહા! પરને જાણવાનો નિષેધ જ્યાં આવે છે ત્યાં એક નવું અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થઇને આત્માને અનુભવી લે છે. નિષેધનું ફળ સમ્યગ્દર્શન છે. નિષેધનું ફળ મોટું છે.

મુમુક્ષુ:- બધેથી પાછો વળે છે.

મુમુક્ષુ:- નિષેધનું ફળ સમ્યગ્દર્શન છે.

ઉત્તર:- આ તો ગુરુદેવના શબ્દો વંચાવ્યા મેં. ભગવાન તું પરને જાણતો જ નથી. ત્રણ લીટીમાં બે વાર કહ્યું. અને સામે પાછો આધાર આપ્યો કે કોઇ એમ કહે કે કેવળી ભગવાન લોકાલોકને જાણે છે અને અમે અમારા ક્ષયોપશમ અનુસાર જાણીએ છીએ. કે કેવળી ભગવાન લોકાલોકને જાણે છે એ જૂઠો વ્યવહાર છે. અસદ્‌ભૂત એટલે ખોટો વ્યવહાર. આહાહા!

આ ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે ને ઇન્દ્રિયજ્ઞા(માં) (એને) જ્ઞાનની ભ્રાંતિ થઇ ગઇ છે. એટલે પાછો ફરતો નથી. એ સત્ય લાગે છે. ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે એટલે હું જ પરને જાણું છું. એટલે ઇન્દ્રિયજ્ઞાનમાં અહં થઇ ગયું. ઇન્દ્રિયજ્ઞાનની અંદર સ્વસ્વામી સંબંધ થયો. એની સાથે કર્તા-કર્મ સંબંધ થઇ ગયો. આહાહા!

ભગવાન! તું પરને જાણતો જ નથી. આહાહા! એમને કેમ હિંમત ચાલી હશે? એવું સ્વરૂપ છે. એમાં હિંમત ચાલવાની (વાત) નથી. એ તો સ્વભાવ જ છે. બધાનો સ્વભાવ છે. બધાનો સ્વભાવ છે એ સાગમટે કહ્યું ને? ભગવાન! તું પરને જાણતો નથી. એમ ન કહ્યું, 'ભરતભાઇ, તમે પરને જાણતા નથી' એમ ન કહ્યું, એવું અમે વાંચ્યું નથી આમાં ક્યાંય, એમ. ભગવાન! તું પરને જાણતો નથી. આહાહા! નામ નથી લખ્યું એમાં. બધાનું નામ તો ભગવાન છે એટલે ભગવાન કહ્યું. કોઇનું નામ ભરતભાઇ કે કોઇનું નામ જીજ્ઞેશ એમ છે નહીં. ભગવાન! તું પરને જાણતો જ નથી. અમૃત જેવું વચન છે. નિષેધ કરે તો સમ્યગ્દર્શન થાય. નિષેધમાં વિધિ પ્રગટ થઇ જાય છે. બે ભૂલનું પુસ્તક બહુ મોટું. ઓહો! આવડા આવડા (મોટા) અક્ષરો, **બે ભૂલ**.

**કરે છે પર્યાય અને માને છે કે હું કરું છું. જાણે છે ઇન્દ્રિયજ્ઞાન પરને** (અને) **માને છે કે હું પરને જાણું છું. બે ભૂલ છે**. થોડા દિવસ પહેલા બેનને વાત કરી ફોનમાં. તો કહે તો આ પુસ્તક લખવા જેવું છે. એ તમે જાણો, આપણું કામ નહીં હવે.

મુમુક્ષુ:- આમાં આવી ગયું આ બધા પુસ્તકમાં, બધું આવી ગયું.

ઉત્તર:- ગુરુદેવના વચન શિરોમાન્ય કરવા જોઇએ. જ્ઞાનીનું માનતો નથી એટલે અજ્ઞાની રહી ગયો છે. જ્યારે તે જ્ઞાનીના વચનને શિરોમાન્ય કરશે ભાવથી, તો એ જ્ઞાની થઇ જશે. જ્ઞાની થઇ જવાનો. ફેર નહીં એમાં.

આહાહા!

બે ભૂલ. બસ! સમજવામાં વાર લાગે, ક્રમે -પણ નીકળે ત્યારે બે ભૂલ એક સમયમાં જાય, હોં! એ પુસ્તક મળી ગયું **બે ભૂલ**નું બોલો! બે ભૂલનો વિસ્તાર છે બધો ચૂકતે.

મુમુક્ષુ:- એ કયું પુસ્તક છે?

ઉત્તર:- એ તમારા જ્ઞાનમાં છે પુસ્તક. તમારા જ્ઞાનમાં પુસ્તક છે. તમે વિચાર કરો કે **પરિણામ પરિણામને કરે છે, હું કરતો નથી.** એ એક ભૂલનું પુસ્તક આવ્યું. **ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, હું પરને જાણતો નથી**. એ બીજી ભૂલ. એ તમારા જ્ઞાનના જ નામ છે. જ્ઞાનમાં જ બે નામ છે સમજી ગયા? બે ભૂલ ગઇ, સમ્યગ્જ્ઞાન પ્રગટ થઇ જાય છે. ભૂલ ટળી જાય છે. આહાહા! આત્મદર્શન થાય એવી વાત છે. આ બે ભૂલનું પુસ્તક પણ ભવિષ્યમાં નીકળશે એમ લાગે છે. એટલે કોઇ ને કોઇ કાઢશે. આટલા બધા બેઠા છે. પાંચ વર્ષે, દસ વર્ષે, વીસ વર્ષે કોક ને કોકને વિચાર આવશે.

બાકી બેનને તો કહ્યું છે કે હવે પુસ્તક નહીં, આ છેલ્લું છે ખલાસ! **ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી**, એમાં બધું આવી જાય છે. (એમાં) કાંઇ બાકી નથી. એમાંથી જ આપણે કાઢયું ને ભગવાન તું પરને જાણતો જ નથી. હું પરને જાણું છું એમ જે માને છે એ અજૈન છે, દિગંબર જૈન નથી. ગુરુદેવના શબ્દો. આનાથી વધારે શું કહે?

ઇન્દ્રિયજ્ઞાન ઉર્ધ્વ થતું નથી, ગૌણ થઇ જાય છે. અતીન્દ્રિયજ્ઞાનના પ્રકાશ અને પ્રતાપમાં ઇન્દ્રિયજ્ઞાન ગૌણ થઇ જાય છે. ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી, બસ! ઇન્દ્રિયજ્ઞાન(થી) અતીન્દ્રિયજ્ઞાનનો  પ્રકાશ અને પ્રતાપ જુદા પ્રકારનો છે. અહં ન થાય. ઇન્દ્રિયજ્ઞાન રહી જાય, ઇન્દ્રિયજ્ઞાન મારું છે એવી મમતા ન થાય, મિથ્યાત્વ જાય. ઇન્દ્રિયજ્ઞાન તો રહે, ભલે રહે. ભલે ને પરને જાણે, પરિણામ ભલેને પર્યાયને કરે, મને કાંઇ વાંધો નથી. પણ એ પરિણામ

પણ સવળા થઇ જાય પછી. મિથ્યાત્વ જાય ને આહાહા! પછી સવળા થઇ જાય. પછી એની યોગ્યતા પણ સુધરી જાય છે.

કાલે રાત્રે વંચાવ્યું ભરતભાઇને ૩૧ ગાથા. ભાવેન્દ્રિય વડે ગ્રહવામાં આવતા ઇન્દ્રિયજ્ઞાનના જે વિષયો, સ્પર્શાદિ વિષયો તેને પોતાના સ્વભાવ, અસંગી સ્વભાવ દ્વારા જીતી લે છે. જો આત્મા સ્પર્શાદિ પદાર્થને જાણતો હોત તો એને જીતવાની વાત ન આવત, તો તો સ્વભાવ હોત. વિભાવ હોય એને જીતવાની વાત હોય. જ્ઞાયક નથી પરતણો, એક સેટિકાની ગાથા તો બસ છે. જ્ઞાયક નથી પરતણો, જ્ઞાયક પરને જાણતો જ નથી.

મુમુક્ષુ:- આ જ વાત છે ને? ભગવાન તું પરને જાણતો જ નથી.

ઉત્તર:- એ જ કહ્યું

મુમુક્ષુ:- એટલે જ્ઞાયક પરને જાણતો જ નથી.

ઉત્તર:- જાણતો જ નથી, ભગવાન કહો કે જ્ઞાયક કહો.

મુમુક્ષુ:- જ્ઞાયક કહો. એક જ વાત છે.

ઉત્તર:- અને હું પરને જાણું છું, તો આત્માનો નાશ કર્યો, એણે. અસ્તિત્વ જુદું ન રહ્યું. ખડી નથી પર તણી, ખડી તો ખડી જ છે. જ્ઞાયક નથી પર તણો, જ્ઞાયક તો જ્ઞાયક જ છે. મૂળમાં બે જ વાત કરી. સદ્ભૂત વ્યવહાર લીધો જ નથી. એક વિપરીતતા હતી અને વિપરીતતા જાય તો અવિપરીત પ્રગટ થઇ જાય બસ! એ દેવલાલીમાં સવારના ઊઠીને રોજ પાંચ ગાથા બેન પાસે બોલાવું. પછી ચર્ચા કરીએ. પહેલા તો બેન બોલો પાંચ ગાથા. ત્રણ ગાથા એ અને બે ગાથા આ. મોક્ષ અધિકારનીને? કઈ?

મુમુક્ષુ:- મોક્ષ અધિકારની ત્રણ ને બે આ.

ઉત્તર:- ત્રણ આ ને બે આ. મોક્ષ અધિકારની ત્રણ ને બે આ. બોલોને બધા આપણે એમાં શું વાંધો છે? આ દેવલાલી જ છે સમજો ને? મૂળ ગાથા છે મૂળ. પાંચ ગાથા મૂળ. પંચ પરમેષ્ઠી પદમાં આવી જાય જીવ,

ખલાસ!

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.**
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,** (સમયસાર)

કરનાર નથી, આત્મા જાણનાર છે, એમ કહે છે. ભગવાનની વાણીમાં આવ્યું. ભગવાનની વાણી દિવ્યધ્વનિ હોં! કુંદકુંદાચાર્યની મૂળ ગાથા. હું જાણનાર છું, કરનાર નથી. જે જાણનારો તે જ હું. આહાહા! જાણવાની ક્રિયા ન કરે. થાય ખરી ક્રિયા, આત્માને જાણવાની ક્રિયા થાય તો પણ એ જાણનાર રહે, કરનાર ન થાય. એવા જાણનારને હું જાણું છું એમ કહે છે, બેન. ભગવાન કહે છે. આહાહા! પ્રજ્ઞાથી, નિશ્ચયે.

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,**

ગ્રહવો એટલે જાણવો. તે જ.

**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.**
**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા;**
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.**
**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.**

(સમયસાર)

પરને દેખતો નથી આત્મા. આંધળો થઇ જા એકવાર પરને જાણવા દેખવાથી. આહાહા! કોને પડી છે? પડી છે એને પડી છે. બાકી તો એમ ને એમ. ગુરુદેવના શબ્દો - આંધળો થઇ જા એકવાર કહે. પંદરમી ગાથા ચાલતી હતી.

મુમુક્ષુઃ- **દર્શક ખરે દર્શક તથા.**

ઉત્તર:- **દર્શક નથી પરતણો**, પરને દેખતો નથી.

મુમુક્ષુ:- એવો દેખનાર છે.

ઉત્તર:- એવો દેખનાર છે.

મુમુક્ષુ:- પરને દેખે એવો નહીં.

ઉત્તર:- એવો દેખનાર નથી. પરને દેખે એવો દેખનાર નથી એટલે એવો દેખનાર દેખાતો નથી. પરને દેખતો નથી, એવો દેખનાર છે, એવો દેખનાર દેખાય છે ત્યારે અનુભવ થાય છે. પરને જાણે દેખે છે એ ઇન્દ્રિયજ્ઞાનનો ધર્મ છે. આમાં એકાંત, એકાંત લાગે લોકોને. આહાહા! પણ ભગવાન તું પરને જાણતો જ નથી, એમના (ગુરુદેવના) વચન છે. આ ક્યાં લાલુભાઇના વચન છે. આહાહા!

વ્યક્તિની વાત નથી, તત્ત્વની વાત છે આ. કુંદકુંદ ભગવાન કહે છે, સર્વજ્ઞ ભગવાને કહેલા છ દ્રવ્ય, એને હું જાણું છું, એવો જો તારો અભિપ્રાય હશે તો મિથ્યાદૃષ્ટિ છો. છ દ્રવ્યને જાણું છું, મારા છ દ્રવ્ય નહીં. છ દ્રવ્યના પરિણામને કરું છું નહીં, પણ છ દ્રવ્ય છ દ્રવ્ય સ્વરૂપે જાણું છું, ધર્મ ને ધર્મ, અધર્મ ને અધર્મ, મિથ્યાદૃષ્ટિ છે.

કેમકે ભગવાન તું પરને જાણતો નથી અને આ કહે છ દ્રવ્યને હું જાણું છું, નવતત્ત્વને હું જાણું છું. પણ નવતત્ત્વને છ દ્રવ્યને તું જાણશ તો તારા આત્મતાને કોણ જાણશે? એનો તો વિચાર કર! **કર વિચાર તો પામ**, સ્વતંત્રપણે પોતે એકાંતમાં બેસીને વિચાર કરે તો થાય. પોતાની વિચાર શક્તિ ઉપડતી ન હોય તો ૧૧ ભાગ છે, ગુરુદેવના ટેપો છે. પણ એમાંથી માખણ કાઢી લેવું, છાશને ફેંકી દેવી. એ કળા આવડવી જોઇએ. કેમકે એ દહીં વલોવે ને તો છાશ ને માખણ ભેગું હોય. માખણ આમ ઉપર તરતું હોય ને? એમ તારવવી લે. આહાહા! પણ માખણ જ લઇ અને પછી આમ આમ કરે. એટલે ઓલી જે છાશ હોય ને, એ ટીપા નીકળી જાય. ચોખ્ખું

માખણ તારવવી લે. આહાહા! એ બાઇ હોશિયાર. આમ કરીને આમ લઈ ને નાખે. આમ કરીને આમ નાખે, છાશ સાથે, એ ફૂવડ છે એને આવડતું નથી માખણ તારતા. એ ગુરુદેવ એક પદ બોલતા હતા. આવડે છે? છાશે ભરમાયા.

મુમુક્ષુ:- ગગન મંડળમાં ગૌઆ વિયાણી, વસુધા દૂધ જમાયા. માખણ થા સો વિરલા પાયા, છાશે જગત ભરમાયા.

ઉત્તર:- આહાહા! એટલે વ્યવહારનયને, એને છાશ ઠેકાણે વ્યવહાર રાખ્યો. સમજી ગયા ને? માખણની જગ્યાએ નિશ્ચય સ્વભાવ રાખ્યો. નિશ્ચયથી જે વાત કરે છે ગુરુદેવ એ તો બરાબર જ છે, પણ એકલી નિશ્ચયની નથી કરી, વ્યવહારની વાત પણ કરી છે, ગુરુદેવે. આહાહા!

મુમુક્ષુ:- નિશ્ચયની વાત સ્વભાવની વાત છે. નિશ્ચયની વાત સ્વભાવની વાત છે.

ઉત્તર:- હાં. અને વ્યવહારની વાત કરી છે એટલે?

મુમુક્ષુ:- જૂઠી વાત છે.

ઉત્તર:- જૂઠી છે, નિષેધ કરવા માટે કરી છે, હાં. એમ કહેવું છે તારે, સમજી ગયો ને? જ્યારે કોઇ કહે કે તમારા ગુરુએ વ્યવહારની વાત કરી છે? હા બરાબર કરી છે!. એટલે ખુશી થઇ જશે. પછી જરાક એક મિનિટ રહીને કહેવું - હા વ્યવહારની વાત જેટલી કરી છે ગુરુદેવે એ નિષેધ કરવા માટે કરી છે, એમ અમે જાણીએ છીએ, એમ કહી દેવાનું, ચોખ્ખું કહી દેવાનું.

મુંબઇમાં એવો બનાવ બન્યો. ચર્ચા ચાલતી હતી, શાંતિભાઇ ઝવેરીના ઘરે. ઘણાં માણસો આવે, શ્વેતાંબર, સ્થાનકવાસી ઘણાં આવે. એક ભાઇ આવ્યા, કે સમર્થ આચાર્ય ભગવંતોએ વ્યવહાર દર્શાવ્યો છે. મેં કહ્યું બરાબર દર્શાવ્યો છે. ખુશ થઇ ગયો. સમજી ગયા? પણ, નિષેધ કરવા માટે દર્શાવ્યો છે. બીજા દિવસથી આવતો બંધ થઇ ગયો. દર્શાવ્યો છે એ

સાચી વાત છે. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, વ્યવહાર દર્શાવ્યો છે, પણ નિષેધ કરવા માટે બતાવ્યો છે. એ આત્મામાં નથી, આત્મા એનો સ્વામી નથી. વ્યવહાર દર્શાવ્યો છે. પાંચ મહાવ્રત હોય છે. આહાહા! કોણ ના પાડે છે? પણ નિષેધ કરવા માટે છે વ્યવહાર, આદર કરવા માટે નથી, ઉપાદેય તત્ત્વ નથી. ઉપાદેય પણ નથી ને હેય પણ નથી ને ખરેખર જ્ઞેય પણ નથી. આહાહા! એ જ્ઞેય રહેશે ત્યાં સુધી અનુભવ નહીં થાય.

પંચાધ્યાયીમાં એક વાત બહુ સારી આવી, નયજ્ઞાન માટે. કે નયજ્ઞાન છે તે શુદ્ધજ્ઞાન તો નથી પણ જ્ઞેય પણ નથી. એ કાઢો ને બેન ક્યાં છે એમાં. નયજ્ઞાન, નિશ્ચયનય અને વ્યવહારનય બેય હોં! એકલી વ્યવહારનય નહી. નયમાત્ર, નયજ્ઞાન માત્ર. નયજ્ઞાન, જ્ઞાન તો નથી પણ જ્ઞેય પણ નથી. એમાં છે? એમ? ઠીક. હં....

પંચાધ્યાયી ભાગ પહેલો ગાથા ૫૦૬. ૫૦૬ ગાથામાં છે. **અન્વયાર્થ:- જ્ઞાનના વિકલ્પનું નામ નય છે**. જ્ઞાનના વિકલ્પનું નામ નય છે. જ્ઞાનનું નામ નય એમ નથી લખ્યું. જ્ઞાનના વિકલ્પ એનું નામ નય છે. **તથા એ વિકલ્પ પણ પરમાર્થભૂત નથી**. આહાહા! સત્યાર્થ નથી વિકલ્પ. **કારણ કે એ જ્ઞાનવિકલ્પરૂપ નય શુદ્ધજ્ઞાનગુણ તથા જ્ઞેય પણ નથી**. આહાહા! જ્ઞાન તો નથી પણ જ્ઞાનનું જ્ઞેય પણ નથી. વિકલ્પ જ્ઞેય ન થાય. જ્યાં સુધી વિકલ્પ જ્ઞેય છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે.

નયને જ્ઞાન માને તો પણ મિથ્યાદૃષ્ટિ. નયજ્ઞાનને જ્ઞાન માને તો પણ મિથ્યાદૃષ્ટિ અને નયને જ્ઞેય માને તો પણ મિથ્યાદૃષ્ટિ. જ્ઞાન સ્વરૂપી ભગવાન પણ અહીંયા અને જ્ઞેય પણ અહીંયાં છે. હું જ જ્ઞાન અને હું જ જ્ઞેય છુ. આ વિકલ્પ મારું જ્ઞાય નથી. આહાહા! **તથા જ્ઞેય પણ નથી, પરંતુ જ્ઞેયના સંબંધથી થવાવાળા જ્ઞાનના વિકલ્પનું નામ નય છે**. દોષ છે, નય તો દોષ છે, ગુણ નથી. નયજ્ઞાન છે ને? એ દોષ છે, ગુણ નથી.

એકવાર બેન મંદિરે જતા હતા દર્શન કરવા મુંબઇમાં. પંકજભાઇ સાથે હતા. રોજ જાય સવારે બાજુમાં. એના પદમાં આવે છે કે નયજ્ઞાન પણ જ્ઞાન નથી, ભજનમાં. મેં કહ્યું, પણ સંધ્યાબેન! નયથી તો આત્માનો અનુભવ થાય છે. તમે કહો છો નય નથી આત્મામાં. કે ના, નય નથી. નયથી આત્માનો અનુભવ ન થાય, જ્ઞાનથી થાય.

એવી રીતે, પહેલી મુલાકાત અમારે થઇ ફિરોઝાબાદ, આઠ નવ વર્ષ પહેલા. ત્યારે એને પ્રશ્ન આવ્યો હતો ધ્યેય પૂર્વક જ્ઞેયનો, ચર્ચા ચાલતી હતી. ચર્ચા ચાલતા, ચાલતા, ચાલતા, ચાલતા મેં પૂછયું, કે આત્માનો અનુભવ થાય. એમ તો પ્રશ્ન પૂછવાની મારી આદત જ નથી એમ કરીને પૂછયું. તો પણ પૂછું છું કે અનુભવ થાય ત્યારે આનંદનો અનુભવ આવે, આનંદની પર્યાય પ્રગટ થાય. તો એ પર્યાયને જ્ઞાન જાણે તો મિથ્યાદૃષ્ટિ થાય કે ન થાય? પર્યાયને જાણે, દ્રવ્યને જાણે એમ નહોતું પૂછયું મેં. કે ન થાય મિથ્યાદૃષ્ટિ. એમ? સરસ.

મુંબઇમાં એક સાચો હીરો સોનાની ડબ્બીમાં રાખ્યો અને એક લાકડું કાળા રંગથી રંગાવી નાખ્યું. કદરૂપું ડબ્બી, ડબ્બી. એમાં ઓના કરતાં એની કિંમત ઊંચી (એવો) હીરો રાખ્યો, ઊંચી કિંમતનો હીરો. ઘરાક આવ્યા એટલે બે ડબ્બી બતાવી. ડબ્બી જોઇને એ નથી જોવું કહે. શેઠ કહે ભાઇ! એ હીરો ઊંચો છે. નહીં નહીં મારે જોવી નહી. ડબ્બી ઉપર નજર હતી ને? ઓલી સોનાની ડબ્બી હતી, એટલે હા, આ હીરો મારે લેવો છે. સમજી ગયા? તો કે ભલે શેઠ! આ હીરો તમે રાખો. તો પાંચ લાખનો હીરો એણે લીધો.

પછી ઓલી ડબ્બી હતી ને કદરૂપી હોં! એને દેખતાં આમ ઉહું ઉહું થાય. એના ઉપર ગોળ લગાવ્યો હતો એટલે માખીઓ બેસતી હતી. ઉહું ઉહું, એ નહીં. પછી હીરો કાઢીને બતાવ્યો. કે આ વીસ લાખનો હીરો છે.

તમે આ ડબ્બી સામે નજર કરી, હીરાને તો જોયો જ નહીં.

એમ બહારના ચામડા જુએ કે આ સ્ત્રીની પર્યાય અને આ પુરુષની અને આ નપુંસકની. અરે ભગવાન આત્મા એમાં સમ્યગ્દર્શન થાય છે નપુંસકને પણ. આમાં નારકીમાં, નારકીમાં જાય ને અહીંયાથી નપુંસક હોય, આહાહા! અનુભવ થઇ જાય. એ ડબ્બીમાં ચૈતન્ય હીરો છે પ્રગટ થઇ ગયો. હવે ડબ્બી જુએ. શરીર તો એવું દુર્ગંધ મારે. એક કણી એમ કહે છે શાસ્ત્રકાર કે એક કણી નરકમાંથી જો અહીં આવી જાય તો બધા માણસ મરી જાય. એવી દુર્ગંધ, ટકી ન શકે. હવે જોઇ લ્યો ને! ડબ્બી કેવી છે અને અંદર ભગવાન સમ્યગ્દર્શન, અનુભવ થઇ ગયો. બહારથી દેખાય એવું છે નહીં. અંદરથી વાણીના યોગે અનુમાન થઇ શકે છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુ જ્ઞાનીને ઓળખી શકે છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુ, જઘન્ય નહીં, મધ્યમ નહીં. ઉત્કૃષ્ટ.

ॐ

# प्रवचन नं. LA ३४४, तत्त्व चर्चा - दो भूल

**(ता: १९९१, ऊषाकिरण अपार्टमेंट, राजकोट )**

एक शास्त्र मिला है नया। एक शास्त्र नया मिला है। उसका नाम है **'बे भूल', 'दो भूल'।** लिखा हुआ है ऊपर (शीर्षक) **'दो भूल'** हिंदी में। गुजराती में **'बे भूल'**।

इस 'दो भूल' में ऐसा लिखा है, एक भूल और दूसरी भूल, दो भूल। एक भूल में ऐसा लिखा है कि प्रत्येक जीव को, **जीवमात्र परिणाम परिणाम को करता है मानता है कि मैं उसको करता हूँ,** यह एक भूल। दूसरी भूल में ऐसा पढ़ा कि **जानता है इंद्रियज्ञान पर को और मानता है कि मैं पर को जानता हूँ,** यह दूसरी भूल है। 'दो भूल' नाम की एक पुस्तक है इसमें ये दो लाइन हैं बस! पुस्तक पूरी हो गई, समाप्त हो गई पुस्तक।

पर्याय, पर्याय को ही करती है, उसके षट्कारक से होती है। उसका जन्मक्षण है, वह सत् है, अहेतुक है, क्षणिक उपादान है। अनेक प्रकार से उसके शास्त्र के आधार हैं। फिर भी उसकी दृष्टि पर्याय के ऊपर पड़ी है। द्रव्य अकर्ता है ज्ञाता है, उसके ऊपर दृष्टि नहीं आती। इसलिए उसे भ्रमणा हो गई है, भ्रांति हो गई है कि इस परिणाम को मैं करता हूँ और इस परिणाम के फल को मैं भोगता हूँ। दो भूल जब जायेंगी तब उसे सम्यग्दर्शन होगा।

बाकी मैं करता हूँ परिणाम को..। मिथ्यात्व के परिणाम को मिथ्यादृष्टि का आत्मा करता नहीं है। सम्यग्दर्शन प्रगट होता है तब सम्यग्दृष्टि का आत्मा सम्यग्दर्शन की पर्याय को करता नहीं है। केवलज्ञान प्रगट होता है तब भी उसका आत्मा केवलज्ञान की पर्याय को करता नहीं है। आहाहा! ऐसा त्रिकाल

अकर्तापना ऐसा का ऐसा चला आता है, अनादि अनंत।

दृष्टि पर्याय के ऊपर पड़ी है। पर्याय पर्याय को करती है, (किन्तु) भ्रान्ति से भासित होता है कि मैं करता हूँ। यह उसे निर्णय स्वयं को करना पड़ेगा। दूसरा कोई उपाय इसमें है ही नहीं। मूल में चोट मारे तो काम होगा। फिर, ऐसा स्वीकार करके सम्यग्दर्शन होता है, उसके बाद भी परिणाम तो परिणाम को करता रहेगा। परिणाम अपना कर्तापना नहीं छोड़ेगा और यह आत्मा अकर्तापना नहीं छोड़ेगा। आहाहा! दो सत् हैं न?

स्वीकार करे कि परिणाम परिणाम को करता है और मैं नहीं करता, अकर्ता हूँ, ज्ञाता हूँ। ऐसे दृष्टि सम्यक् होने के बाद भी परिणाम तो परिणाम को करता ही रहेगा। परिणाम को मैं नहीं करता इसलिए परिणाम अपनी क्रिया बंद कर देगा, ऐसा नहीं है। परिणाम में पलटा जरूर आयेगा। परिणाम को मैं करता हूँ (ऐसा मानता था) तब तक मिथ्यात्व के परिणाम होते थे। मिथ्यात्व के परिणाम को पर्याय करती थी। और मैं नहीं करता। और मैं अकर्ता ज्ञाता हूँ, दृष्टि द्रव्य के ऊपर आयी। पर्याय तो अपनी क्रिया को छोड़ेगी नहीं। लेकिन पलटा आया। परिणाम में मिथ्यात्व होता था उसके स्थान पर, आस्रव के स्थान पर संवर। पर्याय तो क्रियावान ही है, अनादि अनंत, किसी भी काल में उसकी क्रिया बंद नहीं होगी। पर्याय अपने कर्ता स्वभाव को छोड़ेगी नहीं, आत्मा अपने अकर्ता स्वभाव को छोड़ता नहीं, तीनों काल। दो सत् अलग अलग हैं, एक में दूसरे की नास्ति है, यह अस्ति-नास्ति अनेकांत है। ज

ज्ञायक में प्रमत्त-अप्रमत्त नहीं हैं। नहीं हैं इसलिए ज्ञायकभाव प्रमत्त-अप्रमत्त को नहीं करता है, ऐसा। उसमें नहीं हैं, उसमें न-अथी, न-अस्ति, नास्ति, नास्ति। नास्ति अर्थात् न-अथी। नअस्ति, नास्ति, नहीं है मेरे में। उसमें हैं परिणाम, परिणाम (में) परिणाम की क्रिया हुआ करती है। आहाहा!

छह महीने का कोर्स है मात्र। तीन महीने का अकर्ता का. तीन महीने का ज्ञाता का। बस! ऐसी एक पुस्तक मिल गयी चमत्कारिक! 'दो भूल' इतने इतने (बड़े) अक्षरों से लिखा है 'दो भूल' बोलो! बस दो ही भूल हैं? कि हाँ दो ही भूल हैं।

दूसरी भूल ऐसी है कि इन्द्रियज्ञान अनादिकाल का है। इन्द्रियज्ञान तो है। वह तो लंबे काल तक रहेगा, जैसे राग लंबे काल तक रहता है (ऐसे ही), राग ठेठ दसवें गुणस्थान तक रहेगा। इन्द्रियज्ञान बारहवें तक रहेगा। भले ही अबुद्धिपूर्वक, क्षयोपशमरूप से, लब्धरूप से है। इन्द्रियज्ञान रहेगा। इन्द्रियज्ञान पर को जानता है, मैं पर को नहीं जानता, वहाँ अतीन्द्रियज्ञान प्रगट होकर आत्मा का अनुभव होगा। और फिर इन्द्रियज्ञान पर को प्रसिद्ध करता ही रहेगा। वह बंद नहीं होगा, इन्द्रियज्ञान का व्यापार।

श्रद्धा सम्यक् हो गई। मैं पर को नहीं जानता। इन्द्रियज्ञान जाने तो जाने। उसका जाननेवाला, पर का जाननेवाला, राग का जाननेवाला मैं नहीं। आहाहा! यह दूसरी भूल जाये तो एक अतीन्द्रियज्ञान नया प्रगट होता है और आत्मा के दर्शन होते हैं। फिर इन्द्रियज्ञान तो रहेगा, वह तो जानता रहेगा। किसी किसी समय जानना बंद करेगा, उसकी बुद्धिमानी आयेगी उसमें। लेकिन एकदम पूरी तरह से जानना बंद नहीं करेगा, थोड़े टाइम रहेगा। बारहवें गुणस्थान तक। उसका काल जब तक नहीं पकेगा, आहाहा! उसका आयुष्य पूरा होगा तब ही होगा।

आयुष्य पूरा (हुए) बिना देवगति में जीव जाता ही नहीं। आयुष्य पूरा होता है तब दूसरी गति में जाता है ऐसा कहा जाता हैं न? हें? इसका आयुष्य है। राग का भी आयुष्य है और इन्द्रिय ज्ञान का भी आयुष्य है। घबराने की कोई जरूरत नहीं है। आहाहा! लिमिट है उसकी। राग अनादि सांत है। इन्द्रियज्ञान भी अनादि सांत है। अनादि का भले ही हो राग और इन्द्रियज्ञान

लेकिन उसका अंत है। सांत अर्थात् अंत सहित। जिज्ञेश, समझ में आया?

मुमुक्षु:- हाँ बराबर।

उत्तर:- बराबर, तो ठीक (है)। आहाहा! मैं नहीं जानता पर को हों! इन्द्रियज्ञान भले ही जाने। इन्द्रियज्ञान जानता है पर को और मानता है कि मैं जानता हूँ तो उसे इन्द्रियज्ञान और अतीन्द्रियज्ञानमय भगवान आत्मा की एकत्वबुद्धि हो गई, ज्ञेय ज्ञायक शंकर दोष। करता है दूसरा और मानता है कि मैं करता हूँ। जानता है दूसरा और मानता है कि मैं जानता हूँ पर को। ऐसी पुस्तक एक बड़ी मिली और बड़े अक्षरों में 'दो भूल' (लिखा है)। यह पुस्तक तुम्हारे पास भी है। सबके पास यह पुस्तक है। खोलकर पढ़ना चाहिये क्या लिखा है उसमें।

यह शॉर्ट है सब कुछ बस! बहुत लंबा करने से मूल बात लक्ष्य में से रह जाती है। बहुत लंबा लंबा करते हैं न (तो) मूल बात रह जाती है लक्ष में से। रिड्यूस ध रेडियस (reduce the radius), बापूजी कहते थे न? यही न? रिड्यूस (ध रेडियस), वर्तुल (परिधि) को छोटा कर। लंबे लंबे मत जा। आहाहा! उषा किरण के कम्पाउंड में आ जाये तो परिधि में आ गया कहलाता है। और जामनगर हो तो परिधि के बाहर(है), बहुत दूर। कब यहाँ पर आये? आये तब यह होगा न?

छोटा वर्तुल, द्रव्य-पर्याय स्वरूप वस्तु है। पर्याय को पर्याय करती है, मैं नहीं करता। आहाहा! इन्द्रियज्ञान पर को जानता है, मैं पर को नहीं जानता, बस! कोई भी आत्मा दो पदार्थों को जान नहीं सकता, एक को ही जानता है। अज्ञानी पर को जानता है, ज्ञानी स्व को जानता है। स्वपरप्रकाशक वह तो प्रतिभासरूप से है। जाननेरूप से नहीं है। लक्ष दो के उपर नहीं होता, लक्ष एक के उपर ही होता है। आत्मा का स्वभाव - लक्षण उपयोग है। उपयोग का लक्षण स्वपरप्रकाशक है। सम्यक्ज्ञान का लक्षण स्वप्रकाशक, मिथ्याज्ञान का

लक्षण परप्रकाशक। मिथयादृष्टि स्व को जानता ही नहीं है। एकांत परप्रकाशन में ही पड़ा है। और सम्यग्दृष्टि हिरण, मेंढक वह पर को जानता ही नहीं, स्व को ही जाना करता है। वह इन्द्रियज्ञान का पक्ष है न? और स्वपर का प्रतिभास देखकर.., स्वपरप्रकाशक के शब्द आते हैं न? आहाहा! वह उलझन हो गई।

**स्वपर प्रकासक सकति हमारी।**
**तातैं वचन-भेद भ्रम भारी ॥**
**ज्ञेय दशा दुविधा परगासी।**
**निजरूपा पररूपा भासी ॥ ४६ ॥**

(समयसार नाटक, साध्य-साधक द्वार, गाथा ४६)

प्रतिभासित होता है, जानता है ऐसा नहीं लिखा। आहाहा! दर्पण में दो का प्रतिभास तो होता है। दर्पण का दल उसका भी प्रतिभास होता है, स्वच्छ पर्याय है। और दूसरे मोर आदि जो परपदार्थ बाहर के हैं, कोयला आदि (भी) प्रतिभासित होते हैं। आहाहा!

स्फटिकमणि की पर्याय में उसका दल भी प्रतिभासित होता है और फूल का भी प्रतिभास है। लेकिन फूल या फूल की लालिमा उसमें आती नहीं। और दल उसमें से निकलता नहीं। प्रत्येक समय दल को प्रसिद्ध करता है। दृष्टि निमित्ताधीन है इसलिए मुझे यह लाल दिखता है। आहाहा! आहाहा! दो भूल हैं बस!

स्वपरप्रकाशक यदि ज्ञान का लक्षण हो न? वास्तव में ज्ञान का लक्षण हो तो अर्थात् कि सम्यकज्ञान का लक्षण हो तो, तो निगोद का जीव भी सम्यग्ज्ञानी हो गया। और स्वपरप्रकाशक लक्षण हो तो निगोद में जैसे स्वपरप्रकाशक है तो आत्मा का अनुभव नहीं है, तो केवली भी स्वपरप्रकाश करते हैं तो आत्मा का अनुभव नहीं होगा उनको। लक्षण ऐसा होना चाहिये

कि जिसमें अव्याप्ति, अतिव्याप्ति (और असंभव) दोष न आये। उसका नाम लक्षण है। ऐसी परिभाषा है लक्षण की।

प्रतिभास दो का होता है, लक्ष एक का ही होता है। दो के ऊपर लक्ष होता ही नहीं। लक्ष अर्थात् अहमपना। लक्ष अर्थात्, लक्ष का अर्थ अहमपना। जिसका ज्ञायक ऊपर लक्ष हुआ कि मैं जाननहार हूँ, मैं ज्ञायक हूँ, फिर इन्द्रियज्ञान देह को जानता है, लेकिन उसे देह में आत्मबुद्धि नहीं होती। क्यों नहीं होती पता है? क्यों नहीं होती?

मुमुक्षुः- लक्ष स्व के ऊपर है इसलिए पर में उसे अहम्पना नहीं होता।

उत्तरः- ठीक। देह में अहम्बुद्धि क्यों नहीं होती? और कोई उत्तर देगा?

मुमुक्षुः- जानने में नहीं आता। जानने में नहीं आता।

उत्तरः- हं...बस! देह को जानता नहीं है ज्ञानी। तो जाने तो उसका श्रद्धान हो जाये। जानता ही नहीं न! अतीन्द्रियज्ञान उसे जानता ही नहीं। भले ही जानने में आये, भले प्रतिभास हो, लेकिन वहाँ लक्ष कहाँ है? लक्ष नहीं है इसलिए नहीं जानता है। जाने तो लक्ष हो जाये। आहाहा! ऐसी बात है। अद्भुत से अद्भुत चमत्कारिक बातें हैं।

मैं पर को जानता हूँ ऐसा ज्ञान की पर्याय का जो व्यवहार - है अज्ञान। वह उसका शल्य है, इसलिए अंदर में नहीं आता उपयोग, जानता नहीं है आत्मा को। मैं पर को जानता हूँ, मैं पर को जानता हूँ, जानता है इन्द्रियज्ञान और मानता है कि मैं (जानता हूँ)। आत्मा तो अतीन्द्रियज्ञानमय है। आहाहा!

गुरु के वचन हैं उन्हें भी नहीं मानता। वह **इन्द्रियज्ञान ज्ञान नहीं** है न पुस्तक उसमें से निकालो तो जरा। **भगवान! तू पर को नहीं जानता।** ऐसा गुरुदेव ने कहा। गुरुदेव के शब्द! **भगवान! तू पर को नहीं जानता।** कितनी करूणा की है। भगवान कहकर कहते हैं। भगवान पर को नहीं

जानता ऐसा कहते हैं। जो पर को जाने वह भगवान नहीं, बुद्धु है।

मुमुक्षुः- भगवान कहना, और पर को जाने?

उत्तरः- कौन सा है बोल नंबर?

मुमुक्षुः- २७६.

उत्तरः- दो सौ(छहत्तर), टू सेवन सिक्स - २७६ निकालो। **यहाँ तो कहते हैं कि - भगवान! तू पर को जानता ही नहीं।** 'ही' लगाकर सर्वथा कहा है। कथंचित् पर को जानता है और कथंचित् स्व को जानता है, ऐसा नहीं। कथंचित् शब्द होता है वह प्रतिभास का है, जानने के ऊपर लागू नहीं पड़ता। कथंचित् स्व को जाने कथंचित् पर को जाने ऐसा आये, तो वहाँ प्रतिभास लेना। लक्ष नहीं है वहाँ पर। दो के ऊपर लक्ष नहीं होता कभी भी, तो तो मिश्रण - सम्यकज्ञान और मिथ्याज्ञान मिश्रण हो गया।

मुमुक्षुः- नहीं, ऐसा नहीं होता।

उत्तर :- आहाहा! यहाँ तो कहते हैं कि भगवान! जो भगवान होता है न, वह पर को नहीं जानता। मैं पर को जानता हूँ, वह भगवान को स्वीकार नहीं करता है। भगवान नहीं होगा। खलास! गया वह दुनियाँ में से। ये तो गुरुदेव के शब्द हैं। गुरुदेव के रोज पैर छुए, लेकिन उनका कहा हुआ इसे मानना नहीं है। वो तो किसी अपेक्षा से ज्ञानी कहते हैं, लेकिन दूसरी अपेक्षा तो है न? एक अपेक्षा से, वो तो निश्चय से बात की है, व्यवहार से तो पर को जानता है न? इसमें निश्चय व्यवहार लगाया ही नहीं है। देख तो सही तू। स्वभाव है उसे बताते हैं। भगवान! तू निश्चय से पर को नहीं जानता- ऐसा लिखा नहीं है, बोला भी नहीं है। आहाहा! स्वभाव से बात की है। **भगवान! तू पर को जानता ही नहीं**। 'ही' लगाया है। सम्यक् एकांत। सम्यक् एकांत अर्थात् क्या पता है? अनेकांत। कि स्व जानने में आता है और पर जानने में नहीं आता। उसका नाम अनेकांत है, अस्ति-नास्ति अनेकांत। **भगवान! तू**

**पर को जानता ही नहीं।**

आगे, दूसरी लाइन। **भगवान लोकालोक को जानते हैं ऐसा कहना वह तो असद्भूत व्यवहार है** - झूठा व्यवहार। फिर तीसरी लाइन। तीन लाइन हैं। वन, टू, थ्री (१, २, ३) सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्ग। **भगवान! तू पर को जानता ही नहीं।** दोनों में 'ही' लगाया। आहाहा! सम्यक् एकांत किया है। कथंचित् भगवान अपने को जानता है और कथंचित् पर को जानता है ऐसा नहीं है।

इन्द्रियज्ञान पर को जानता है, उसका उपचार देकर, व्यवहारनय ऐसा कहता है कि (आत्मा) पर को जानता है। राग को जानता है आत्मा - साधक का आत्मा, (वह) उपचार का कथन है। जानता है इन्द्रियज्ञान, उपचार आया कि आत्मा उसे जानता है। आत्मा जानता नहीं है। आत्मा, आत्मा को जानता है। आहाहा! भगवान तू पर को जानता ही नहीं। मीठा मधुर अमृत जैसा वचन है। आहाहा!

लक्ष्मी टीका करने के लिये आयी है, अपना मुँह मत फेरना। आहाहा! गिरनार है न जूनागढ़ अपना। नेमिनाथ भगवान के जहाँ पर कल्याणक हुए थे, तीन। उस जूनागढ़ में ऐसी घटना बन गई, एक राजा राज्य करता था, रा'मांडलिक। राजा की उत्तरोत्तर गद्दी आती है न? तो सौ-दो सौ साल पहले की बात है। रा'मांडलिक राज्य करता था। राजगद्दी उसको दी। उनके पिताजी गुजर गये। रा'मांडलिक को गद्दी के ऊपर दीवान ने बिठाया, समाज ने, सभी ने। तो वहाँ रिवाज था कि चारण लोग होते हैं न उनकी लड़की - कुमारी तिलक करने आती है और फिर (राजा) गद्दी पर बैठता है। ऐसा रिवाज था वहाँ का।

तो बहन आयी, कुमारी, बहन, पुत्री आयी। तिलक करने लगी तो उसने (राजाने) अपना मुख फेर लिया। क्योंकि तिलक करती तो तो पिता हो

जाता। उसकी दृष्टि विपरीत थी। दृष्टि में दोष आ गया, देखकर। आहाहा! कामवासना प्रगट हो गई। ऐसा कर दिया (मुँह फिरा लिया) तो लड़की गई अपनी माँ के पास। कि माँ, माँ, राजा ने तिलक करने से मना किया है। (तो माँ ने कहा) क्या किया? कि अपना मुख फिरा लिया। राजा नहीं पलटता उसके दिन पलटते हैं। राजगद्दी चली गई। खलास! चढ़ाई करके दूसरा राजा आ गया।

इसीप्रकार भगवान तू पर को नहीं जानता है। ऐसे मत करना (अपना चेहरा मत घुमाना) ऐसा करना (हाँ करना)। हाँ प्रभु! ठीक है। ये बैठे! 'ही' लगाया बहन! भगवान कहकर कहा है। क्योंकि वे तो सभी को भगवान देखते हैं न? और भगवान पर को जानते ही नहीं। ऐसे भगवान को देखा। और ऐसे भगवान को कहते हैं कि भगवान! तू पर को जानता ही नहीं। आहाहा!

गुरुदेव के स्वर्गवास के बाद यह कहा कि आत्मा पर को नहीं जानता, जाननहार ही जानने में आता है। उहापोह बहुत हुई। आहाहा! बहुत उहापोह हुई। पूरे हिंदुस्तान में हों! खलबली मच गई। उसमें एक बार ज्योति बेन और भरत भाई घर पर आये। तब मैं दीवानपरा में रहता था। ज्योति बेन ने कहा कि 'भाई! तुम्हारी हिम्मत कैसे चली कि आत्मा पर को जानता ही नहीं?' ये बैठे हैं। कहा था न?

मुमुक्षुः- हाँ जी।

उत्तरः- तुम्हारी हिम्मत कैसी चली? आहाहा! पर को जानने का निषेध जहाँ आता है वहाँ एक नया अतीन्द्रियज्ञान प्रगट होकर आत्मा का अनुभव कर लेता है। निषेध का फल सम्यग्दर्शन है। निषेध का फल बड़ा है।

मुमुक्षुः- सब ओर से वापस मुड़ता है।

मुमुक्षुः- निषेध का फल सम्यग्दर्शन है। आहाहा!

उत्तरः- ये तो गुरुदेव के शब्द पढ़ाये हैं मैंने। भगवान तू पर को जानता ही नहीं है। तीन लाइन में दो बार कहा। और सामने वापस आधार दिया है कि कोई ऐसा कहे कि केवली भगवान लोकालोक को जानते हैं और हम अपने क्षयोपशम के अनुसार जानते हैं। कि केवली भगवान लोकालोक को जानते हैं वह झूठा व्यवहार है। असद्भूत अर्थात् झूठा व्यवहार है। आहाहा!

यह इन्द्रियज्ञान पर को जानता है और इन्द्रियज्ञान में (उसे) ज्ञान की भ्रांति हो गई है। इसलिए वापस मुड़ता नहीं है। वह सत्य लगता है। इन्द्रियज्ञान पर को जानता है अर्थात् मैं ही पर को जानता हूँ। अर्थात् इन्द्रियज्ञान में अहम् हो गया। इन्द्रियज्ञान के अंदर स्वस्वामी संबंध हुआ। उसके साथ कर्ता-कर्म संबंध हो गया। आहाहा!

भगवान! तू पर को जानता ही नहीं। आहाहा! उनकी कैसे हिम्मत चली होगी? ऐसा स्वरूप है। उसमें हिम्मत चलने की (बात) नहीं है। ये तो स्वभाव ही है। सभी का स्वभाव है। सभी का स्वभाव है। वह सभी को कहा न? भगवान! तू पर को जानता ही नहीं। ऐसा नहीं कहा, 'भरतभाई' तुम पर को जानते नहीं' ऐसा नहीं कहा। ऐसा हमने पढ़ा नहीं उसमें कहीं भी। भगवान! तू पर को नहीं जानता। आहाहा! नाम नहीं लिखा है उसमें। सभी का नाम तो भगवान है इसलिए भगवान कहा। किसी का नाम भरतभाई या किसी का नाम जिज्ञेश, ऐसा नहीं है। भगवान! तू पर को जानता ही नहीं। अमृत जैसे वचन हैं। निषेध करे तो सम्यग्दर्शन होता है। निषेध में विधी प्रगट हो जाती है। दो भूल की पुस्तक बहुत बड़ी। ओहो! इतने इतने (बड़े) अक्षर, **दो भूल** ।

**करती है पर्याय और मानता है कि मैं करता हूँ। जानता है इन्द्रियज्ञान पर को** (और) **मानता है कि मैं पर को जानता हूँ। दो भूल हैं।**

थोड़े दिन पहले बहन से बात की फ़ोन पर। तो कहा कि यह पुस्तक तो लिखने जैसी है। वो तुम जानो, हमारा काम नहीं है अब।

मुमुक्षुः- इसमें आ गया, ये सभी पुस्तक में, सब आ गया।

उत्तरः- गुरुदेव के वचन शिरोमान्य करने चाहिये। ज्ञानी को मानता नहीं है इसलिए अज्ञानी रह गया है। जब उन ज्ञानी के वचन को शिरोमान्य करेगा भाव से, तो वह ज्ञानी हो जायेगा। ज्ञानी हो ही जानेवाला है। अंतर नहीं पड़ेगा इसमें। आहाहा!

दो भूल। बस! समझने में देर लगे क्रम से- लेकिन जब निकलती हैं तब दो भूल एक समय में जाती हैं, हों! यह पुस्तक मिल गई दो भूल की बोलो! दो भूल का विस्तार है सब पूरी तरह।

मुमुक्षुः- वह कौनसी पुस्तक है?

उत्तरः- वह तुम्हारे ज्ञान में है पुस्तक। तुम्हारे ज्ञान में पुस्तक है। तुम विचार करो कि **परिणाम परिणाम को करता है, मैं नहीं करता।** यह एक भूल की पुस्तक आयी। **इन्द्रियज्ञान पर को जानता है, मैं पर को नहीं जानता।** यह दूसरी भूल। वह तुम्हारे ज्ञान का ही नाम है। ज्ञान में ही दो नाम हैं, समझ गये? दो भूल गई, सम्यग्ज्ञान प्रगट हो जाता है। भूल टल जाती है। आहाहा! आत्मदर्शन हो जाये ऐसी बात है। ये दो भूल की पुस्तक भी भविष्य में निकलेगी ऐसा लगता है। अर्थात् कोई न कोई इसे निकालेगा। इतने सारे लोग बैठे हैं। पाँच वर्ष में, दश वर्ष में, बीस वर्ष में किसी न किसी को विचार आयेगा।

बाकी बहन को तो कहा है कि अब पुस्तक नहीं, यह अंतिम है खलास! **इन्द्रियज्ञान ज्ञान नहीं है।** उसमें सब कुछ आ जाता है। (उसमें) कुछ बाकी नहीं है। उसमें से ही हमने निकाला न कि भगवान तू पर को जानता नहीं है। मैं पर को जानता हूँ ऐसा जो मानता है वह अजैन है, दिगंबर

जैन नहीं। गुरुदेव के शब्द (हैं)। इससे ज्यादा क्या कहें?

इन्द्रियज्ञान ऊर्ध्व नहीं होता, गौण हो जाता है। अतीन्द्रियज्ञान के प्रकाश और प्रताप में इन्द्रियज्ञान गौण हो जाता है। इन्द्रियज्ञान ज्ञान नहीं है, बस! इन्द्रियज्ञान (से) अतीन्द्रियज्ञान का प्रकाश और प्रताप अलग प्रकार का है। अहम् नहीं होता। इन्द्रियज्ञान रह जाता है, (किन्तु) 'इन्द्रियज्ञान मेरा है' ऐसी ममता नहीं होती, मिथ्यात्व जाता है। इन्द्रियज्ञान तो रहता है, भले रहे। भले ही वो पर को जाने, परिणाम भले ही पर्याय को करे, मुझे कोई दिक्कत नहीं है। लेकिन वे परिणाम भी सीधे हो जाते हैं फिर। मिथ्यात्व जाता है न, आहाहा! फिर सीधे हो जाते हैं। फिर उसकी योग्यता भी सुधर जाती है।

कल रात को पढ़वायी थी भरतभाई को ३१ गाथा। भावेन्द्रिय के द्वारा ग्रहण करने में आते हुए इन्द्रियज्ञान के जो विषय, स्पर्श आदि विषय उनको अपने स्वभाव, असंगी स्वभाव द्वारा जीत लेता है। जो आत्मा स्पर्शादि पदार्थ को जानता होता तो उसे जीतने की बात न आती, तो तो स्वभाव होता। विभाव हो उसे जीतने की बात हो। 'ज्ञायक नहीं परतणो', एक सेटिका की गाथा तो बस है। 'ज्ञायक नहीं परतणो', ज्ञायक पर को जानता ही नहीं है।

मुमुक्षुः- यही बात है न? भगवान! तू पर को जानता ही नहीं है।

उत्तरः- यही कहा।

मुमुक्षुः- अर्थात् ज्ञायक पर को जानता ही नहीं है।

उत्तरः- जानता ही नहीं, भगवान कहो या ज्ञायक कहो।

मुमुक्षुः- ज्ञायक कहो। एक ही बात है।

उत्तरः- और मैं पर को जानता हूँ, तो आत्मा का नाश किया है उसने। अस्तित्व अलग नहीं रहा। खड़ी (कलई) वह पर की नहीं है, खड़ी तो खड़ी ही है। ज्ञायक नहीं पर का, ज्ञायक तो ज्ञायक ही है। मूल में दो ही बात की हैं। सद्भूत व्यवहार लिया ही नहीं है। एक विपरीतता थी और विपरीतता जाती है

तो अविपरीत प्रगट हो जाता है बस! देवलाली में सुबह उठकर रोज पाँच गाथा बहन के पास बुलवाते हैं। फिर चर्चा करते हैं। पहले कहा बहन बोलो पाँच गाथा। तीन गाथा ये और दो गाथा वो। मोक्ष अधिकार की। कौन सी?

मुमुक्षु:- मोक्ष अधिकार की तीन और दो वो वाली।

उत्तर:- तीन ये और दो वो। मोक्ष अधिकार की तीन और दो ये वाली। बोलो न, सब लोग सुनें इसमें क्या परेशानी है? यह देवलाली ही है (ऐसा) समझो न? मूल गाथा हैं मूल। पाँच गाथायें मूल हैं। पंचपरमेष्ठी पद में आ जाता है जीव, खलास!

**कर ग्रहण प्रज्ञा से नियत, चेतक है सो ही मैं हि हूँ,**
**अवशेष जो सब भाव हैं, मेरे से पर हैं--जानना ।। २९७।।**
**कर ग्रहण प्रज्ञा से नियत, द्रष्टा है सो ही मैं ही हूँ,**
**अवशेष जो सब भाव हैं, मेरे से पर हैं--जानना ।। २९८।।**
**कर ग्रहण प्रज्ञा से नियत, ज्ञाता है सो ही मैं ही हूँ,**
**अवशेष जो सब भाव हैं, मेरे से पर हैं--जानना. ।। २९९।।**

(समयसार)

करनेवाला नहीं, आत्मा जाननेवाला है, ऐसा कहते हैं। भगवान की वाणी में आया है। भगवान की वाणी दिव्यध्वनि हों! कुंदकुंदाचार्य की मूल गाथा। मैं जाननेवाला हूँ, करनेवाला नहीं। जो जाननेवाला है वह ही मैं हूँ। आहाहा! जानने की क्रिया (भी) नहीं करता। होती जरूर है क्रिया, आत्मा को जानने की क्रिया होती है फिर भी वह ज्ञाता रहता है, करनेवाला नहीं होता। ऐसे ज्ञाता को मैं जानता हूँ ऐसा कहते हैं, बहन। भगवान कहते हैं। आहाहा! प्रज्ञा से, निश्चय से।

**कर ग्रहण प्रज्ञा से नियत, ज्ञाता है सो ही मैं ही हूँ,**

ग्रहण करना अर्थात् जानना। सो ही।

**अवशेष जो सब भाव हैं, मेरे से पर हैं-- जानना ।।२९९।।**

**ज्यों सेटिका नहीं अन्य की, है सेटिका बस सेटिका,**
**ज्यों सेटिका नहीं अन्य की, है सेटिका बस सेटिका,**
**ज्ञायक नहीं त्यों अन्य का, ज्ञायक अहो ज्ञायक तथा ।।३५६।।**
**ज्ञायक नहीं त्यों अन्य का, ज्ञायक अहो ज्ञायक तथा,**
**दर्शक नहीं त्यों अन्य का; दर्शक अहो दर्शक तथा ।।३५७।।**

(समयसार)

पर को देखता नहीं है आत्मा। अंधा हो जा एक बार पर को देखने जानने से। आहाहा! किसको पड़ी है? पड़ी है उसे पड़ी है। बाकी तो ऐसा का ऐसा है। गुरुदेव के शब्द - अंधा हो जा एक बार, कहते हैं। पंद्रहवीं गाथा चलती थी।

मुमुक्षुः- **दर्शक अहो दर्शक तथा।**

उत्तरः- **दर्शक नहीं त्यों अन्य का,** पर को देखता नहीं है।

मुमुक्षुः- ऐसा देखनेवाला है।

उत्तरः- ऐसा देखनेवाला है।

मुमुक्षुः- पर को देखे ऐसा नहीं है।

उत्तरः- ऐसा देखनेवाला नहीं है। पर को देखे ऐसा देखनेवाला नहीं है अर्थात् ऐसा देखनेवाला दिखता नहीं। पर को नहीं देखता है, ऐसा देखनेवाला है, ऐसा देखनेवाला दिखता है तब अनुभव होता है। पर को जानता देखता है वो इन्द्रियज्ञान का धर्म है। इसमें एकांत, एकांत लगता है लोगों को, आहाहा! लेकिन 'भगवान! तू पर को जानता ही नहीं' - ये उनके (गुरुदेव के) वचन हैं। ये कहाँ लालुभाई के वचन हैं। आहाहा!

व्यक्ति की बात नहीं है, तत्त्व की बात है यह। कुंदकुंद भगवान कहते हैं, सर्वज्ञ भगवान के द्वारा कहे हुए छह द्रव्य, उनको मैं जानता हूँ, ऐसा यदि तेरा अभिप्राय होगा तो तुम मिथ्यादृष्टि हो। छह द्रव्य को जानता हूँ, मेरे छह द्रव्य (हैं ऐसा) नहीं। छह द्रव्य के परिणाम को करता नहीं हूँ, लेकिन छह

द्रव्य को छह द्रव्य स्वरूप ही जानता हूँ, धर्म को धर्म, अधर्म को अधर्म। मिथ्यादृष्टि है।

क्योंकि भगवान! तू पर को नहीं जानता और यह कहता है छह द्रव्य को मैं जानता हूँ, नवतत्त्व को मैं जानता हूँ। लेकिन नवतत्त्व को, छह द्रव्य को तू जानेगा तो तेरे आत्मा को कौन जानेगा? उसका तो विचार कर! **कर विचार तो पाम,** स्वतंत्ररूप से स्वयं एकांत में बैठकर विचार करे तो होवे। अपनी विचार शक्ति यदि उठती न हो तो ११ भाग हैं, गुरुदेव की टेप हैं। लेकिन उसमें से मक्खन निकाल लेना, और छाछ को फेंक देना। वह कला आनी चाहिये। क्योंकि दही बिलोते हैं न तो छाछ और मक्खन एक साथ होते हैं। तब मक्खन ऐसे ऊपर तैरता है न, उसे ऐसे (अलग) निकाल लेते हैं। आहाहा! लेकिन मक्खन लेकर फिर ऐसे ऐसे करे। इससे जो छाछ बाकी होती है न, वो निकल जाती है। शुद्ध मक्खन निकाल लेता है। आहाहा! वह स्त्री होशियार है। ऐसे करके, ऐसे लेकर डाले, ऐसे करके ऐसे डाले छाछ सहित, वह तो फूहड़ है। उसे आता नहीं है मक्खन निकालना। गुरुदेव एक पद बोलते थे। आता है? छाछ में भरमाया।

मुमुक्षुः- गगन मण्डल में गौवा बिहाई, वसुधा दूध जमाया। माखन था सो विरला पाया, छाछे जगत भरमाया।

उत्तरः- आहाहा! अर्थात् व्यवहारनय को, इस छाछ की जगह पर व्यवहार रखा है। समझ गये न? माखन की जगह पर निश्चय स्वभाव को रखा है। निश्चय से जो बात करते हैं गुरुदेव वह तो ठीक ही है, लेकिन अकेले निश्चय की नहीं की है, व्यवहार की बात भी की है गुरुदेव ने। आहाहा!

मुमुक्षुः- निश्चय की बात स्वभाव की बात है। निश्चय की बात स्वभाव की बात है।

उत्तरः- हाँ, और व्यवहार की बात की है अर्थात्?

मुमुक्षु:- झूठी बात है।

उत्तर:- झूठी है, निषेध करने के लिए की है। हाँ, ऐसा कहना तुझे, समझ गये? जब कोई कहे कि तुम्हारे गुरु ने व्यवहार की बात की है? हाँ, बराबर की है! तो वह खुश हो जायेगा। फिर जरा एक मिनट रहकर कहना - हाँ व्यवहार की बात जितनी की है गुरुदेव ने वह निषेध करने के लिए की है ऐसा हम जानते हैं। ऐसा कह देना, स्पष्ट कह देना।

मुंबई में ऐसी घटना घटी। चर्चा चलती थी, शांतिभाई झवेरी के घर। बहुत लोग आते थे, श्वेतांबर, स्थानकवासी, बहुत आते थे। एक भाई आये, कहा कि समर्थ आचार्य भगवंतों ने व्यवहार दर्शाया है। तो मैंने कहा कि (हाँ), बराबर दर्शाया है। खुश हो गया। समझ गये? लेकिन निषेध करने के लिये दर्शाया है। दूसरे दिन से आना बंद कर दिया (उसने)। दर्शाया है यह बात सच्ची है। चौदह गुणस्थान, मार्गणास्थान, व्यवहार दर्शाया है, लेकिन निषेध करने के लिए बताया है। वह आत्मा में नहीं है, आत्मा उसका स्वामी नहीं है। व्यवहार दर्शाया है। पाँच महाव्रत होते हैं। आहाहा! कौन मना करता है? लेकिन निषेध करने के लिये है व्यवहार, आदर करने के लिये नहीं है। उपादेय तत्त्व नहीं है। उपादेय भी नहीं है और हेय भी नहीं है और वास्तव में तो ज्ञेय भी नहीं है। आहाहा! वह ज्ञेय रहेगा तब तक अनुभव नहीं होगा।

पंचाध्यायी में एक बात बहुत अच्छी आयी है, नयज्ञान के लिए। कि नयज्ञान है वह शुद्धज्ञान तो नहीं है लेकिन ज्ञेय भी नहीं है। वह निकालो न बहन, कहाँ है उसमें (जरा देखो)। नयज्ञान, निश्चयनय और व्यवहारनय दोनों हों! अकेला व्यवहारनय नहीं। नयमात्र, नयज्ञान मात्र। नयज्ञान, ज्ञान तो नहीं है लेकिन ज्ञेय भी नहीं है। इसमें है? ऐसा? ठीक।

पंचाध्यायी भाग पहला गाथा ५०६। ५०६ गाथा में है। **अन्वयार्थ:- ज्ञान के विकल्प का नाम नय है।** ज्ञान के विकल्प का नाम नय है। ज्ञान का

नाम नय, ऐसा नहीं लिखा। ज्ञान के विकल्प का नाम नय है। **तथा वह विकल्प भी परमार्थभूत नहीं है।** आहाहा! सत्यार्थ नहीं है वह विकल्प। **क्योंकि वह ज्ञानविकल्परूप नय शुद्धज्ञानगुण तथा ज्ञेय भी नहीं है।** आहाहा! ज्ञान तो नहीं लेकिन ज्ञान का ज्ञेय भी नहीं है। विकल्प ज्ञेय नहीं होता। जब तक विकल्प ज्ञेय है तब तक मिथ्यादृष्टि है।

नय को ज्ञान माने तो भी मिथ्यादृष्टि। नयज्ञान को ज्ञान माने तो भी मिथ्यादृष्टि। और नय को ज्ञेय माने तो भी मिथ्यादृष्टि। ज्ञान स्वरूपी भगवान भी यहाँ और ज्ञेय भी यहाँ है। मैं ही ज्ञान और मैं ही ज्ञेय हूँ। यह विकल्प मेरा ज्ञेय नहीं है। आहाहा! **तथा ज्ञेय भी नहीं है, परंतु ज्ञेय के संबंध से होनेवाले ज्ञान के विकल्प का नाम नय है।** दोष है, नय तो दोष है, गुण नहीं है। नयज्ञान है न? वह दोष है, गुण नहीं है।

एकबार बहन मंदिर जाती थी दर्शन करने मुंबई में। पंकजभाई साथ में थे। रोज जाते थे सुबह को, पास में (था) मंदिर। उनके पद में आता है कि नयज्ञान भी ज्ञान नहीं है, भजन में। मैंने कहा, लेकिन संध्याबेन! नय से तो आत्मा का अनुभव होता है। (और) तुम कहती हो नय नहीं है आत्मा में। कि नहीं, नय नहीं है। नय से आत्मा का अनुभव नहीं होता, ज्ञान से होता है।

इसी तरह, पहली मुलाकात हमारी हुई थी फीरोजाबाद में, आठ नौ वर्ष पहले। तब उनका प्रश्न आया ध्येय पूर्वक ज्ञेय का। चर्चा चलती थी। चर्चा चलते, चलते, चलते, चलते मैंने पूछा, कि आत्मा का अनुभव होता है... ऐसे तो प्रश्न पूछने की मेरी आदत ही नहीं है- ऐसा करके पूछा। तो भी पूछता हूँ कि अनुभव होता है तब आनंद का अनुभव आता है, आनंद की पर्याय प्रगट होती है। तो उस पर्याय को ज्ञान जाने, तो मिथ्यादृष्टि होता है कि नहीं होता? पर्याय को जाने। द्रव्य को जाने-ऐसा नहीं पूछा था मैंने। कि नहीं होता मिथ्यादृष्टि। ऐसा? अच्छी बात है।

मुंबई में एक सच्चा हीरा सोने की डिब्बी में रखा और एक लकड़ी (की डिब्बी) को काले रंग से रंगा दी। भद्दी डिब्बी, डिब्बी। उसमें उसकी अपेक्षा ऊँची कीमत का हीरा रखा। ऊँची कीमत का हीरा। ग्राहक आया तो दो डिब्बी उसे दिखायी। डिब्बी देखकर , यह नहीं देखना है- ऐसा उसने कहा। सेठ ने कहा कि भाई! वो हीरा ऊंचा है। नहीं नहीं मुझे देखना नहीं है। डिब्बी के ऊपर नजर थी न? वह सोने की डिब्बी थी, इसलिए हाँ, यह हीरा मुझे लेना है। समझ गये? तो कहे कि भले सेठ! यह हीरा तुम रखो। तो पाँच लाख का हीरा उसने लिया।

फिर वह डिब्बी थी न जो भद्दी थी हों! देखते ही उँहु उँहु होता था। उसके ऊपर गुड़ लगाया था इसलिए मक्खियाँ बैठती थी। उँहु उँहु, वह नहीं। बाद में हीरा निकालकर दिखाया। कि यह बीस लाख का हीरा है। तुमने इस डिब्बी के सामने नजर की, (लेकिन) हीरे को तो देखा ही नहीं।

इसप्रकार बाहर के चमड़े को देखता है कि यह स्त्री की पर्याय और यह पुरुष की और यह नपुंसक की। अरे! भगवान आत्मा! सम्यग्दर्शन होता है नपुंसक को भी। उसमें नारकी में, नारकी में जाता है न यहाँ से, नपुंसक होता है, आहाहा! अनुभव हो जाता है। उस डिब्बी में चैतन्य हीरा है वह प्रगट हो गया। अब डिब्बी देखे (तो)... शरीर तो ऐसा दुर्गंध मारता है कि एक कणी, ऐसा कहते हैं शास्त्रकार कि एक कणी नरक में से जो यहाँ पर आ जाये तो सभी मनुष्य मर जायें। ऐसी दुर्गंध, टिक न सके। अब देख लो न! डिब्बी कैसी है और अंदर भगवान सम्यग्दर्शन, अनुभव हो गया। बाहर से दिखे ऐसा नहीं है। अंदर से, वाणी के योग से अनुमान हो सकता है। उत्कृष्ट मुमुक्षु ज्ञानी को पहचान सकता है। उत्कृष्ट मुमुक्षु, जघन्य नहीं, मध्यम नहीं। उत्कृष्ट।

ॐ

# પ્રવચન નં. LA ૩૪૫, અનુભવનો વિષય અને અનુભવની વિધિ

**(તારીખ: ૧૯૯૧, ઉષાકિરણ એપાર્ટમેંટ, રાજકોટ)**

જ્યારે આ ભારતમાં ધર્મના નામે અંધારું થઇ ગયું હતું, એમાં એક આ પુરુષનો જન્મ થયો. અન્યમતમાં તો આ વાત હતી જ નહીં. આત્માનો સ્વભાવ શું અને એનો અનુભવ કેમ થાય? બે જ વાત છે, પણ એ કોઇ કરનાર હતું નહીં. શાસ્ત્રમાં હતું બધું. પણ શાસ્ત્રમાંથી કોઇ કાઢી શક્યું નહીં. એ કાળે વર્તમાનના જીવોની એ જાતની યોગ્યતા, પૂર્વના સંસ્કાર નહીં. પૂર્વના અનુભવના સંસ્કાર નહીં અને પૂર્વની દેશનાલબ્ધિના પણ સંસ્કાર કોઇને નહોતા. નહીંતર બેમાંથી એક સંસ્કાર હોત, બીજા જીવોને તો તો એ શાસ્ત્રમાંથી કાઢી શકત.

બે પ્રકારના સંસ્કારવાળા જીવો. સમ્યગ્દ્રષ્ટિ અહીં નથી જન્મતા પણ બે પ્રકારના સંસ્કારવાળા, કાં બે પ્રકારના સંસ્કાર હોય, કાં એક પ્રકારનો સંસ્કાર (હોય), એવા કોઇ જીવ જન્મે ત્યારે આનો ઉકેલ આવી જાય. એમ આપણા ગુરુદેવ સીધા મહાવિદેહક્ષેત્રમાંથી અહીંયાં પધાર્યા. અને ત્યાનાં દેશના લબ્ધિના ઊંડા સંસ્કાર (હતા). એ સંસ્કારના કારણે સમયસાર હાથમાં આવતાં (જ..), કેમકે આ વાણી જે છે ને કુંદકુંદની, એ સીમંધર પ્રભુની સીધી વાણી છે. એ વાણી લઇને આવ્યા અને શાસ્ત્ર લખ્યા.

આ પુરુષ (પૂ. ગુરુદેવ) ત્યાંથી સીધો આવી, સીમંધર ભગવાન પાસેથી જ આવીને, શાસ્ત્ર હાથમાં જ્યાં આવ્યું, સત્યની શોધ કરતા હતા. એણે શ્વેતાંબરના શાસ્ત્રો - ૪૫ આગમ, ૩૨ આગમ સ્થાનકવાસીના બધા

ખૂબ વાંચ્યા - જોયું, અને એક, ભગવતીસૂત્ર, તો અઢાર વખત એણે વાંચ્યું. એમ કે શ્વેતાંબરમાં, જેમ આપણે દિગંબરમાં સમયસાર પ્રસિધ્ધ છે, એમ શ્વેતાંબરમાં ભગવતીસૂત્ર પ્રસિધ્ધ હતું. અઢાર વખત એણે વાંચ્યું પણ એમને ક્યાંય મળ્યો નહીં માલ.

અને સત્યની શોધને ખોજમાં હતો ચોવીસે કલાક. ક્યાંય મળતું નહોતું, એમાં સમયસાર હાથમાં આવ્યું દામનગરમાં અને ખ્યાલ આવી ગયો કે ઓહોહો! કેમેકે સંધિ મળી ગઇ ને! વાણી સાંભળીને આવ્યા હતા અને એ જ વાણી મળી, જે ત્યાં સાંભળી હતી તે જ. એટલે ખ્યાલ આવી ગયો ઓહોહો! આ વસ્તુ તો અપૂર્વ છે. અને ખૂબ એણે ઊંડાણથી અધ્યયન કર્યું અને અનુભવ થયો. વજુભાઇ! એ પુરુષે પિસ્તાળીસ વર્ષ (સુધી) બે જ ઉપદેશ આપ્યો છે, બે પ્રકારનો. બીજું કાંઇ એણે કહ્યું જ નથી. અને બીજો કોઇ એમ કહે કે મેં આ સાંભળ્યું, આ સાંભળ્યું, તો એણે સાંભળ્યું જ નથી, ગુરુદેવને સમજ્યા જ નથી.

એના ઉપદેશની મુખ્ય બે જ વાત હતી. શુધ્ધાત્માનું સ્વરૂપ શું છે? એક, અને એનો અનુભવ કેમ થાય જીવને? આ બે જ પ્રકારનો ઉપદેશ એણે આપ્યો છે. તમે અગિયાર ભાગ વાંચી જાજો તમને આ બે વાત મળશે. કેમકે એક તો શુધ્ધાત્મા એટલે જીવતત્ત્વ, એના વિશે મોટી ભ્રાંતિ હતી. જીવતત્ત્વ વિશે. અને એક સંવર નહોતું ઉત્પન્ન થતું. એના માટે પણ જ્ઞાનની ભ્રાંતિ હતી. એક દ્રવ્યની ભ્રાંતિ અને એક જ્ઞાનની ભ્રાંતિ. બે પ્રકારની ભ્રાંતિ હતી. એ બે જ વાત એણે કરી કે શુધ્ધાત્માનું સ્વરૂપ શું? અને એ આત્માનો અનુભવ કેમ થાય જીવને? બે જ વાત કરી ગયા છે. ત્રીજી વાત એણે કરી જ નથી. (જો) કરી હોય તો ન કર્યા બરાબર છે એમ સમજો. કરે તો અનેક પ્રકારની વાત, એ તો આવે જ ને? વાણીનો યોગ હોય એમ આવ્યા કરે. પણ મુખ્ય બે વાત છે.

અને સમજવા જેવી આ જીવનમાં બે (જ) વાત છે. ત્રીજી વાત આવડે ન આવડે, ઓછું આવડે એની કાંઇ જરૂરત નથી. આપણે ક્યાં પંડિત થવું છે? બીજાને સમજાવવા છે? આપણે આપણા સ્વરૂપને સમજી અને કેમ એનું લક્ષ કરીને અનુભવ થાય. આ બે વાત સમજવા જેવી છે. એ બે વાતમાં - હું બે વાત તમને શોર્ટમાં (ટૂંકમાં) કરું છું.

કે પહેલી વાત એ છે કે જેમ આ આત્મા છે, ભગવાન આત્મા, એનાથી છ દ્રવ્ય ભિન્ન છે. એમાં તો કોઇ ના પાડી શકે નહીં. છ દ્રવ્યો જગતના છે, બીજા અનંતા જીવો છે, અનંતા અનંત પુદ્ગલ પરમાણુ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. એવા એક આત્મા સિવાય છ વિધમાન દ્રવ્યો(થી) આખું જગત ભરેલું છે. એની ના નથી. છ દ્રવ્યો છે. એ છ દ્રવ્યથી હું ભિન્ન છું એમ ન લેવું. મારાથી છ દ્રવ્યો ભિન્ન છે એમ લેવું. મારા દ્રવ્યમાં છ દ્રવ્યોની નાસ્તિ છે એમ લેવું. એનામાં મારી નાસ્તિ એમ ન લેવું. મારામાં એ છ દ્રવ્ય નથી. ને નથી જ ને ખરેખર? હેં? ખરેખર નથી ને?

જો એ છ દ્રવ્ય માયલું આ ખોખું - પુદ્ગલ પરમાણુનો દેહ અને આત્મા એક હોત તો મનસુખભાઇનો આત્મા દેહને લઇ જાત સાથે, હેં? તમારા ભાણેજ ગયા પણ દેહ લઇ ગયા? કેમ? કે એના આત્મામાં દેહની નાસ્તિ, દેહનો અભાવ છે. આત્મામાં છ દ્રવ્યોનો અભાવ છે, દેહનો અભાવ છે, કર્મનો અભાવ છે. પહેલા એટલું લેવું. સમજી ગયા?

દ્રવ્યની સિધ્ધિમાં પહેલા સામાન્ય એટલું લ્યો કે દ્રવ્યમાં પરદ્રવ્યની નાસ્તિ છે. હવે પરદ્રવ્યની જો નાસ્તિ છે, તો પરદ્રવ્યના કાર્ય કોઇ કરી શકે નહીં. એક દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામને કરી શકે નહીં. અકર્તા છે, અશક્ય છે. એમ બે દ્રવ્યની ભિન્નતા માટે તમારે અકર્તા એવા આત્માનું શરણ લેવું પડશે. હું અકર્તા છું. જગતના પદાર્થો સ્વયં પરિણમે છે. હું એને કાંઇ કોઈ પર્યાયને પલટાવી શકું નહીં. શરીરની પર્યાયને પલટાવી શકતા

નથી કોઇ. નહીંતર તો શરીરની પર્યાયને પલટાવતો હોય તો કોઇ માંદું જ ન પડે. એવું તો કોઈ દીવસ બનતું નથી.

માટે આત્મા અકર્તા છે મેઇન (મુખ્ય). એમાં બે દ્રવ્યની ભિન્નતા થઇ. હજી અકર્તાનું સ્વરૂપ થોડું બાકી છે. જીવતત્ત્વની વાત કરું છું પહેલું. આત્માનું મૂળ સ્વરૂપ શું છે? એટલે કે દ્રષ્ટિનો વિષય શું છે? સમ્યગ્દર્શનનો વિષય શું છે? એ વાત પહેલી શીખવા જેવી છે.

બીજી વાત એ છે, જે કાંઇ શુભાશુભ ભાવો થાય છે એ મારાથી ભિન્ન છે. એનાથી હું ભિન્ન છું એમ ન લેવું. મારાથી શુભાશુભ ભાવ, પુણ્ય-પાપના ભાવ, હિંસા-અહિંસાના ભાવ, મારાથી ભિન્ન છે. ભાવ છે, ભાવ છે પણ ભિન્નપણે છે. છ દ્રવ્ય નથી એમ નહીં. છ દ્રવ્ય છે પણ મારાથી ભિન્નપણે છે. છ દ્રવ્યનો નિષેધ નથી. પણ મારાથી ભિન્નપણે છે. બસ!

એવી રીતે શુભાશુભ ભાવ, દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ આવે, કષાયની મંદતા કે તીવ્ર કષાય, ક્રોધ-માન-માયા-લોભના પરિણામ થાય. પરિણામ છે. પરિણામનો નિષેધ નથી પણ પરિણામ મારામાં નથી. મારામાં એ પરિણામ નથી, તે કારણે જે મારામાં ન હોય એનું કરવું પણ મારામાં ન હોય.

જેમ છ દ્રવ્ય ભિન્ન છે મારાથી, અને છ દ્રવ્યનો હું કર્તા-ભોક્તા બની શકતો નથી, અશક્ય છે. એમ પોતામાં ઉત્પન્ન થતા જે ભાવો પરિણામો - આશ્રવ તત્ત્વ, શુભાશુભ ભાવ, પુણ્ય-પાપના ભાવ, મારાથી એ પરિણામ ભિન્ન છે એટલે હું એનો કર્તા નથી. મારામાં એની નાસ્તિ છે. પરિણામની પરિણામમાં અસ્તિ હો, થોડો ટાઇમ. લાંબો ટાઇમ તો શુભાશુભ ભાવ રહેતા પણ નથી, મોક્ષ થાય એટલે એ છૂટી જાય છે. પણ થોડો ટાઇમ રહે ને, ભલે રહે તો પણ મારાથી એ ભિન્ન છે એટલે હું એનો કર્તા પણ નથી અને એના ફળનો - દુ:ખનો ભોક્તા પણ નથી.

પરિણામ છે. પરિણામ પરિણામને કરે છે પણ હું કરતો નથી. હું અકર્તા છું. પરિણામ છે, પરિણામ પરિણામને કરે છે એના ષટ્કારકથી. પરિણામ, પરિણામના દુ:ખને ભોગવે છે. જેટલા માત્રામાં રાગ પરિણામમાં થાય, એટલી માત્રામાં તે સમયે એ દુ:ખ ભોગવે છે. આગળ પાછળ નથી દુ:ખ ભોગવવાનું, એ ધ્યાન રાખજો.

આ એક પ્રશ્ન મેં ગુરુદેવને જ્યારે અપનાવ્યા, ખૂબ પરીક્ષા કરીને, ત્યારે અંદરમાં હું ગયો ગુરુદેવ પાસે, એક પ્રશ્ન કર્યો. કે ગુરુદેવ! શુભાશુભ ભાવ થાય જ્યારે જીવને અજ્ઞાન દશામાં, અજ્ઞાનથી તો એ કર્તાબુધ્દ્ધિથી કરે છે. કરતો તો નથી પણ માને છે કે હું કરું છું. એટલે કર્તાબુધ્દ્ધિ કરે છે. તો એ વખતે શુભાશુભ ભાવ થાય, તો એનો એ જ સમયે ભોક્તા છે કે આગળ પાછળ પણ ભોગવવાનું એમાં હોય છે?

શુભાશુભ ભાવ થાય. પ્રશ્ન સમજાણો? કે કોઇ તીવ્ર કષાય કે મંદ કષાયના પરિણામ તો થઇ ગયા. દલીચંદભાઇ! ખ્યાલ આવે છે? કે પરિણામ તો થયા એનો નિષેધ નથી. થાય પરિણામ, હોવ. તો એ પરિણામનો એ જ વખતે તે કર્તા-ભોક્તા છે કે આગળ પાછળ પણ કર્તા-ભોક્તાની લાળ આવે? કે નહીં એ જ વખતે કરે ને ભોગવે, બીજા સમયે એનું ફળ આવતું જ નથી.

મુમુક્ષુ:- બરાબર! મહા સિધ્દ્ધાંત થઈ ગયો.

ઉત્તર:- બીજા સમયે.... આજે ભાવ કરે, ભાવકર્મ, અને ફળ ભોગવે પછી! બીજા સમયે ભોગવતો નથી તો બીજી પર્યાયમાં ક્યાંથી ભોગવે? હા. કર્મ સંયોગરૂપે બંધાય આના નિમિત્તે. ભલે બંધાય, કર્મ બંધાય એની ના નથી. પણ એ એક સમયે રાગને ભોગવે અને પછી પરંપરાએ ભોગવ્યા જ કરે એવા નિમિત્તો બંધાતા નથી. ન ભોગવે એવા નિમિત્તો બંધાય છે.

જો ભોગવે એવા નિમિત્તોમાં પણ બળાત્કાર ભોગવવાનું હોય,

કરવા-ભોગવવાનું, તો કોઇને છૂટવાનો આરો આવત જ નહીં. કર્મ બંધાશે, શુભાશુભ ભાવ થાય, એ જ વખતે એના ફળને, આકુળતાને-દુ:ખને, એ જીવ ભોગવી લેશે. હિસાબ સમાપ્ત થઇ ગયો. ત્યાં ખલાસ થઇ ગઇ વાત. બીજા સમયે બીજા પરિણામ કરે, જેવા પરિણામ કરે, એના દુ:ખને ભોગવે, તીવ્ર કે મંદ. જેવા જેવા પરિણામ થયા કરે અજ્ઞાની જીવને, ત્યાં સુધી તે તે પરિણામના ફળને તે એકલો ભોગવે. પણ કોણ ભોગવે? જીવ ભોગવે કે પરિણામ પરિણામને ભોગવે?

મુમુક્ષુ:- પરિણામ પરિણામને ભોગવે.

ઉત્તર:- બસ! જીવમાં એનું કરવાપણું પણ નથી અને ભોગવવાનું નથી. ભગવાન આત્માને તમે કર્તા-ભોક્તા ન જુઓ. એ તો અકર્તા ને જ્ઞાતા છે પ્રભુ! આહાહા! એવા અકર્તાને જુઓ તમે. સમજી ગયા?

પરિણામ થાય છે. પરિણામની ક્રિયા હોય છે. ક્રિયાનો નિષેધ નથી પણ કર્તાબુધ્ધિનો નિષેધ છે. હું કરું છું એ કાઢી નાખો. જેમ બધા પદાર્થો પરિણમે છે તો હું એનો કર્તા નથી, થયા કરે છે બધું. જાણ તું, થાય છે બસ! થવા યોગ્ય થાય છે એમ જાણ. એમ પરિણામ પણ પરદ્રવ્ય છે. જેમ ઓલા છ દ્રવ્ય પરદ્રવ્ય છે, એમ પરિણામ પણ પરદ્રવ્ય છે. પરિણામ સ્વયં થાય છે એનો કર્તા-ભોક્તા આત્મા નથી. અહાહા! માટે પહેલો પાઠ એ છે કે આત્મા અકર્તા છે એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે. ગુરુદેવે કહ્યું, ભરતભાઇ.

એટલે પહેલામાં પહેલો, તમારો, બધાનો, દ્રવ્ય સ્વભાવ અકારક-અવેદક છે. પરિણામમાં ક્રિયા થાય. પરિણામમાં દુ:ખ ભોગવે પરિણામ, એ વાત સાચી. પણ પરિણામ પણ દુ:ખ ભોગવે અને જીવ પણ એને ભોગવે, એમ એક સત્‌ના બે કર્તા પણ ન હોય અને એક સત્‌ના બે ભોક્તા પણ ન હોય. સત્ બે છે. પરિણામ પણ સત્ (અને) દ્રવ્ય પણ સત્. એક ત્રિકાળી સત્ અને એક ક્ષણિક સત્. ક્ષણિક સત્‌માં જ્યાં સુધી વિભાવ છે ત્યાં સુધી

થાય અને એને એ ભોગવે. આગળ પાછળ કાંઇ છે નહીં. એટલે એનો ખરેખર આત્મા જ્ઞાતા છે પણ કર્તાભોક્તા નથી. એમ લેવું પહેલી તબક્કે. સમજી ગયા? એવો આત્મા છે, પરિણામ માત્રથી ભિન્ન છે. પછી બહુ ઊંડાણમાં જાવ તો જે નિર્મળ પર્યાય પ્રગટ થાય એ પણ સ્વયં થાય છે. એને પણ આત્મા કરતો નથી ને એનું ફળ આનંદ આવે એને ભોગવતો પણ નથી, આત્મા.

મુમુક્ષુ:- એ આનંદને પણ ભોગવતો નથી.

ઉત્તર:- આનંદને (એ) ભોગવતો નથી. આનંદને આનંદ ભોગવે છે. આનંદમૂર્તિ ભોગવતો નથી. કેમકે આત્મા સ્વભાવથી અકારક-એવદક છે. આનંદને ભોગવે છે એ વાત સાચી, એમ આવે શાસ્ત્રમાં પણ એ વ્યવહારનું, ઉપચારનું કથન છે. નિત્ય ભોજન કરે છે આનંદનું. મુનિરાજ નિત્ય આનંદનું ભોજન કરે છે.

ખરેખર ભોજન, ત્રિકાળી દ્રવ્ય જે નિષ્ક્રિય પરમાત્મા છે એ આનંદને ભોગવે છે કે પર્યાય પર્યાયને ભોગવે છે? પર્યાય પર્યાયને કરે છે ને પર્યાય પર્યાયને ભોગવે છે. આનંદમૂર્તિ પરમાત્મા, જો એ આનંદનો ભોક્તા તમે માનો, તો આનંદની પર્યાય તો નવી પ્રગટ થઇ તમને, સમ્યગ્દર્શન થાય ત્યારે. હવે તમે એના જો ભોક્તા માનતા હો તો પૂર્વ પર્યાયમાં દુ:ખ હતું, તો દુ:ખનો ભોક્તા થઇ જશે. તો દુ:ખનો ભોક્તા, આનંદના ભોક્તામાં દુ:ખના ભોક્તાની એકતા આવશે, સમ્યગ્દર્શન નહીં થાય. આવો દ્રવ્યનો સ્વભાવ છે. આ પહેલો પાઠ દ્રવ્યનો છે.

બીજો પાઠ એના કરતાં સૂક્ષ્મ છે. આ પણ સૂક્ષ્મ છે પણ આ તો ગુરુદેવના પ્રતાપે ખૂબ વાત બહાર આવી ગઇ છે. ત્રિકાળી દ્રવ્ય નિષ્ક્રિય છે. વજુભાઇ! એ આત્માનું લક્ષણ બાંધ્યું કે **निष्क्रिय शुद्ध पारिणामिक:** (સમયસાર ગાથા ૩૨૦, જયસેન આચાર્યની ટીકા), ત્રિકાળી જે દ્રવ્ય છે એ ત્રણેકાળ

નિષ્ક્રિય છે. નિષ્ક્રિય એટલે એનામાં ક્રિયા થતી નથી અને બહારમાં ક્રિયા થાય એનો કર્તા બનતો નથી. અંદરમાં, દ્રવ્ય સામાન્યમાં, ક્રિયા થતી નથી અને વિશેષ પર્યાયમાં ક્રિયા થાય છે એનો એ કર્તા બનતો નથી. કેમ કે એ પોતે નિષ્ક્રિય અકારક છે. આવી વસ્તુ સ્થિતિ છે.

એટલે પરથી જુદો અને નૈમિત્તિક પરિણામથી પણ જુદો. કર્મના સંગે રાગાદિ થાય એનાથી પણ આત્મા ભિન્ન અને જે નિર્મળ પર્યાય થાય એનાથી પણ આત્મા ભિન્ન છે. નવ તત્ત્વથી ભિન્ન છે આત્મા. નવ તત્ત્વના પરિણામ છે. નવ તત્ત્વો છે પણ મારામાં એ નથી. મારામાં એની નાસ્તિ છે. એ અસ્તિ-નાસ્તિ અનેકાંત છે અંદરનું, દ્રવ્ય પર્યાય વચ્ચેનું. એવા દ્રવ્ય સ્વભાવને, અકારક-અવેદકને પહેલા એને માનસિક જ્ઞાન દ્વારા, આવું હોઇ શકે કે કેમ? આવું હોય કે આવું હોય? એમ અનેક પ્રકારે પડખાથી નક્કી કરીને પોતે નિર્ણય કરવો જોઇએ. એમાં એક શિષ્યે પ્રશ્ન કર્યો કે આપ કહો છો "આત્મા નિષ્ક્રિય છે અને પરિણામનો કર્તા નથી". તો કારણ બતાવો. કોઇ ન્યાય યુક્તિ અમને આપો તો અમે સ્વીકારી લઇએ.

ત્યારે આચાર્ય ભગવાને એક યુક્તિ જબરદસ્ત આપી કે બંધના કારણભૂત જે ક્રિયા, મિથ્યાત્વ હોં! મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ બંધના કારણ, દુ:ખનું કારણ, કર્મબંધનું નિમિત્ત કારણ (અને) એનું ઉપાદાન કારણ પોતે પર્યાય. એનો કર્તા કેમ નથી? બંધના કારણભૂત જે ક્રિયા થાય છે એનો કર્તા કેમ નથી? એવો શિષ્યનો પ્રશ્ન આવ્યો.

ઉત્તર આપે છે કે **तद्रूपो न भवति** (સમયસાર ગાથા ૩૨૦, જયસેનાચાર્યની ટીકા). રાગરૂપે આત્મા કોઈ કાળે થતો જ નથી માટે રાગનો કર્તા બનતો જ (નથી). ભૂતકાળમાં કર્તા નહોતો, વર્તમાનમાં કર્તા નથી અને ભાવિકાળ થોડો કાળ રહેશે કદાચ, થોડો મોક્ષમાં જવા પહેલા થોડોક બે, ચાર ભવ, પાંચ ભવ, કોઇને છ ભવ ત્યાં સુધી રાગ થશે. પણ **तद्रूपो न भवति**, તે રૂપે

આત્મા થતો નથી. માટે રાગાદિનો કર્તા કોઇ કાળે નથી. (કર્તા) માને છે એ મિથ્યાદ્રષ્ટિ થાય છે. માને છે કે રાગને હું કરું છું એ મિથ્યાદ્રષ્ટિ થાય છે.

માટે આત્મામાં રાગ થાય છે પર્યાયમાં, પણ સ્વયં, નિસર્ગજ, એનો સંસ્કૃતનો શબ્દ છે કે નિસર્ગજ, એટલે સ્વયમેવ, સ્વયમેવ રાગ ઉત્પન્ન થાય છે. એનો એ રાગને ઉત્પન્ન કરનારો જીવદ્રવ્ય નથી, કર્મ એ ઉત્પન્ન કરતું નથી અને કોઇ ઈશ્વર કર્તા નથી એનો. કોઇ બીજો ઈશ્વર કરે છે રાગને એમ પણ નહીં, કર્મથી કરાવે છે, કર્મ કરે છે, કર્તા થાય છે એમ નહીં અને જીવ પણ એનો કર્તા નથી. અને ક્રિયા થાય છે એનો નિષેધ નથી. તો એનો કર્તા કોણ છે? કે પરિણામનો કર્તા પરિણામ છે.

એમ જાણીને તું અકર્તામાં આવી જા. કર્તાબુધ્ધિ છોડી દે. ક્રિયા નહીં છૂટે. પહેલી કર્તાબુધ્ધિ છૂટે છે. રાગ તો થયા કરશે, થોડો ટાઇમ. મુનિ થઈશ તો પાંચ મહાવ્રતના પરિણામ આવશે તને, ભલે આવે. પરિણામ થાય એને થવા દે ને? તું માથું શું કામ મારસ? આહાહા! તું તારા આત્માને જાણ્યા કર ને? ત્યાં **થવા યોગ્ય થાય છે** એમ જાણ, અને એમ જાણીને અહીંયા જાણનારને જાણ્યા કર ને? એની મેળે પરિણામ સુધરશે. મોક્ષ થઇ જશે તારો એની મેળે. કર્યા વિના મોક્ષ થઇ જશે. કર્યા વિના જ મોક્ષ થાય.

ત્યારે બીજો પ્રશ્ન શિષ્યે કર્યો કે બંધના કારણભૂત જે ક્રિયા રાગાદિની, એને ન કરે તો કાંઇ નહીં, એનાથી તો દુ:ખ થાય, પણ મોક્ષના કારણભૂત જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, વીતરાગી પરિણામ, એને તો આત્મા કરે ને? કેમકે એના ફળમાં આત્મા સુખ ભોગવે છે. એની દ્રષ્ટિ હજી પર્યાય ઉપર છે, એટલે જીવ સુખને ભોગવશે એમ એણે લીધું. તર્ક કર્યો! કે નહીં, એનો પણ કર્તા નથી. કે કારણ આપો? **तद्रूपो न भवति.** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી પરિણામરૂપે આત્મા થતો નથી. (આત્મા) પોતાના નિજભાવને છોડે નહીં અને પરભાવમાં (જાય નહીં).

આહાહા!

પ્રકાશ! એવી વસ્તુ છે. **तद्रूपो न भवति**, તે રૂપે થતો નથી. પારિણામિકભાવ પોતાનો સ્વભાવ એ છોડી, અને પર્યાયના ઉદયભાવમાં જાય નહીં. પર્યાયનો ઉદયભાવ પર્યાયની સાથે તન્મય છે. અને પારિણામિક ભાવ જીવની સાથે તન્મય છે. આહાહા! એવું સ્વરૂપ છે. આવું ભેદજ્ઞાન કરી, પરિણામ (મારાથી)થી ભિન્ન (છે), પરિણામ મારાથી ભિન્ન છે એવું ભેદજ્ઞાન કરી અને આત્મા કેવળ જાણનાર છે. કેવળ જાણનાર છે. **હું જાણનાર છું; અને કરનાર નથી** આ સ્ટીકર ખલાસ થઇ ગયા છે. આપણે સ્ટીકર છાપવાની જરૂર છે હોં!

મુમુક્ષુ:- છે. ઘણાં છે.

ઉત્તર:- છે. લાવોને થોડા. લાવો. **હું જાણનાર છું; હું કરનાર નથી.** દલીચંદભાઇ! બધું થવા યોગ્ય થાય છે. સમજી ગયા? હા, આર્ય જીવને દયાના ભાવ આવે. કેમકે દુકાળ પડે ને દલીચંદભાઇને ભાવ આવ્યો કે ભાઈ આપણે ખળ ચારે બાજુ ભેગું કરો ને, એવો દયાનો ભાવ આવે, કરુણાનો. પણ કરુણાનો ભાવ દલીચંદભાઇના આત્માએ કર્યો કે થવા યોગ્ય થયો હતો?

મુમુક્ષુ:- થવા યોગ્ય થયો હતો.

ઉત્તર:- જો એ પરિણામને મેં કર્યું (એમ માને) તો મિથ્યાત્વ. એ પરિણામ થવા યોગ્ય થયા. પરિણામ આવવા યોગ્ય આવ્યા. સમજી ગયા? પણ તમે એના કર્તા નથી. આહાહા! જો પરિણામ(નો), એક રાગના અંશનો, કર્તા માને તો આખા વિશ્વનો કર્તા બની ગયો, કર્તાબુદ્ધિ. એ છૂટવાનો અવસર નથી એને. એટલે આત્મા પરિણામથી ભિન્ન છે અને પરદ્રવ્યથી ભિન્ન છે.

મારાથી પરિણામ ભિન્ન છે અને પરદ્રવ્ય ભિન્ન છે. એવું ભેદજ્ઞાન

કરી અને ત્રિકાળી સ્વભાવ જે દ્રષ્ટિનો વિષય છે એ પહેલો લેવાની જરૂર છે બસ! આ પિસ્તાળીસ વર્ષનો ગુરુદેવનો ઉપેદશ આ છે કે પુણ્ય-પાપના પરિણામથી આત્મા ભિન્ન છે. ચૌદ ગુણસ્થાનથી પણ ભિન્ન છે. ચૌદ માર્ગણાસ્થાનથી પણ ભિન્ન છે. એટલે નથી કરતો એનું કારણ, કે મારાથી જે ભિન્ન હોય એને ન કરાય. અને બીજું નથી કરતો એનું કારણ, કે હું નિષ્ક્રિય છું. હું કેમ ક્રિયાને કરું? હું ક્રિયાને જો કરું તો મારું નિષ્ક્રિયપણું છૂટી જાય. જીવ તત્ત્વનો અભાવ થઇ જાય કરવા જાય તો. માટે કર્તા નથી. એવો અકારક-અવેદક, ત્રિકાળી સ્વભાવ, દ્રષ્ટિનો વિષય એને મૂળ વારંવાર વિચાર કરીને લક્ષમાં લેવું.

બીજું કર્મ બંધાય છે, અજ્ઞાની જીવને કર્મનો, નવા કર્મનો બંધ થાય (છે). શુભાશુભ ભાવરૂપે પરિણમે તો કર્મબંધ થાય છે. એ કર્મબંધમાં કર્મનો બંધ કોણ કરે છે? જીવ કરે છે? કે કર્મનો બંધ કર્મથી થાય છે? અને કર્મનો બંધ કર્મથી થતો હોય તો એમાં નિમિત્ત કારણ કોણ છે? શોધો. કર્મનો બંધ એની ઉપાદાન શક્તિથી થાય તો એનો નિમિત્તકર્તા કોણ? કે અજ્ઞાનીનો જીવ?

અજ્ઞાનીનો જીવ નિમિત્ત નથી. અજ્ઞાનીનો અજ્ઞાનભાવ, એક સમયનો મિથ્યાત્વ, એ નિમિત્ત છે. આહાહા! એક અંશ નિમિત્ત છે બીજો અંશ નિમિત્ત થતો નથી, કોઇ કાળે. માટે આત્મા કર્મના બંધમાં નિમિત્ત પણ થવો એવો એનો સ્વભાવ નથી. આહાહા! કર્તા તો બને જ નહીં કેમકે **तद्रूपो न भवति**, જડરૂપે તો થાય નહીં પણ નિમિત્તપણાનો (પણ) અભાવ છે આત્મામાં.

મુમુક્ષુ:- નિમિત્ત પણ નહીં?

ઉત્તર:- નિમિત્ત બિલ્કુલ નથી. માને તો પણ નહીં. માને તો એનું અજ્ઞાન ખરું. તો પણ જીવતત્ત્વ, ભગવાન (આત્મા), કર્મના બંધમાં નિમિત્ત

ન થાય. જો ભગવાનતત્ત્વ ભગવાન નિમિત્ત થાય તો નિત્ય નિમિત્તકર્તાનો દોષ આવતાં કોઇ કાળે કર્મના બંધથી છૂટી શકે નહીં. કર્મનો બંધ થાય છે, એમાં નિમિત્ત કારણ છે, પણ હું નિમિત્ત નથી. જો તમે નિમિત્ત બાંધો તો તમે કર્તા થઇ ગયા, કર્મના, રાગના અને પરના.

એમાં એક જીવને મેં આ બધી વાતો કર્યા પછી પ્રશ્ન કર્યો. વાતો ખૂબ કરી, પછી કર્યા પછી કહ્યું, નામ લઇને ભાઇ! મેં કહ્યું પૂર્વે તમારો આત્મા અહીંયા આવ્યો ત્યારે આયુષ્ય બંધાણું. આઠ કર્મમાં આયુષ્યનો બંધ થાય છે ને? તો આયુષ્યનો બંધ તો તમે જ કર્યો ને? અથવા આયુષ્યના બંધમાં તમારો આત્મા નિમિત્ત થયો ત્યારે અહીં (આયુષ્યનું) બંધ થયો ને? કારણ કે એમ ને એમ તો બંધ ન થાય મે કહ્યું. કે હા, એ તો એમાં અમારો આત્મા બંધમાં નિમિત્ત થયો. તો મેં કહ્યું ભવિષ્યમાં તમે સ્વર્ગમાં જાવ અને કર્મ બંધાય એમ ઊંચા, તો એમાં પણ તમારું નિમિત્તપણું? તો કહે હા! મારું નિમિત્તપણું ખરું. મેં કહ્યું તમારી મોટી ભૂલ થઇ ગઇ છે.

કર્મના બંધમાં આત્મા નિમિત્ત થતો નથી. આત્મા કેને કહે? પરમાત્મા છે આ તો. આહાહા! પરમાત્માને કર્મના બંધનું તમે કારણ માનો, તમને પરમાત્મા દ્રષ્ટિમાં નહીં આવે. આહાહા! પરમાત્માનું અપમાન કર્યું. અનાદર કર્યો તમે. જે જ્ઞાતા છે એને નિમિત્તકર્તા માન્યો તમે. દ્રષ્ટિ વિપરીત છે.

અત્યાર સુધી કોઇ જીવે કર્મ બાંધ્યા નથી અને કર્મ બંધમાં નિમિત (થયા જ નથી). એવો ભગવાન આત્મા છે. છબીલભાઇ! આ જરાક આ કરવા જેવું છે હોં! આહાહા! જીવકુરબેન! ગુરુદેવે તો ન્યાલ કર્યા છે. આ વિષય ગુરુદેવે આપ્યો છે. તમારે આ બા છે. અમારે પણ બા છે. શું નામ એમનું?

મુમુક્ષુઃ- ઇંદિરાબેન !

ઉત્તર:- ઇંદિરાબેન! આહાહા! ભગવાન આત્મા છો! બે વાત કરી, કે જીવતત્ત્વનું સ્વરૂપ શું? ભગવાન આત્માનું સ્વરૂપ શું? અને પછી બીજી વાત કરી કે એનો અનુભવ કેમ થાય? અને આત્માના અનુભવ વિના કોઇ કાળે ભવનો અંત કોઇને આવવાનો નથી. ગમે તેટલી ક્રિયા કરે ને પુણ્યની, આહાહા! નવમી ગ્રૈવેયક પણ જાય નગ્ન દિગંબર મુનિ થઇને આહાહા! પણ **જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુ:ખ અનંત**.

આહાહા! એ દુ:ખના નાશનો ઉપાય તો આત્માને લક્ષગતમાં લેવો, આત્માનો અનુભવ કરવો એ છે. એમાં પણ આવે છે બનારસીદાસમાં **अनुभव चिंतामनी रतन**. બોલોને.

**अनुभव चिंतामनी रतन, अनुभव है रसकूप |**
**अनुभव मारग मोख कौ, अनुभव मोख सरूप || १८ ||**

(નાટક સમયસાર, ઉત્થાનિકા).

આહાહા! અનુભવથી જ મોક્ષમાર્ગની શરૂઆત થાય, જ્ઞાનનો અનુભવ. અજ્ઞાનનો અનુભવ, રાગનો અનુભવ, તો અનંતકાળથી કરતો આવે છે. એ અનુભૂતિ નવી નથી. પણ આ અનુભૂતિ, જ્ઞાનની અનુભૂતિ, નવી છે. જ્ઞાનની અનુભૂતિ કહો, આનંદની અનુભૂતિ કહો, એક જ વાત છે.

હવે એક આ દ્રવ્યસ્વભાવની મે વાત કરી. હવે એનો અનુભવ કેમ થાય? દ્રવ્યસ્વભાવની જેને ભૂલ છે એને તો અનુભવ થવાનો અવકાશ જ નથી. પરિણામથી સહિત માને છે. પરિણામને હું કરું છું એમ પરિણામની સાથે સ્વ-સ્વામી સંબંધ બાંધે છે એને તો ભેદજ્ઞાન પણ નથી. એટલે એની વાત તો શું કરવી?

પણ આવો દ્રવ્યસ્વભાવ ખ્યાલમાં આવ્યા પછી, કે દ્રષ્ટિનો વિષય તો ખ્યાલમાં અમને આવ્યો. મને પૂછે ઘણાં કે અનુભવ કેમ થતો નથી? પછી આ બીજો પાઠની વાત એને કરું. 'તો એ એમ કેમ બને?' એમ પ્રશ્ન

કરે. હું હમણાં કહેવાનો છું, અનુભવ કેમ થાય? કે જ્ઞાનની પર્યાયમાં જ આત્માનો અનુભવ થાય. જ્ઞાન આત્માને જાણે અને જાણે-એની પ્રતીતિ હોય. વગર જાણેલાની પ્રતીતિ હોઇ શકે નહીં. એટલે પહેલા પોતાના જ્ઞાનમાં આત્મા જણાય, અનુભવાય અને એ વખતે પ્રતીતિ, શ્રધ્ધા થાય.

હવે એ જ્ઞાનની પર્યાયમાં એણે એમ માન્યું છે, ઓમાં એ પરિણામનો કર્તા માનતો હતો. હવે જ્ઞાનની પર્યાયમાં શું માને છે? કે પરનો હું જ્ઞાતા છું, એમ માને છે. જ્યાં સુધી અભિપ્રાયમાં એમ છે કે હું પરનો જાણનારો છું, પરનો જ્ઞાતા છું ત્યાં સુધી તમારો ઉપયોગ, તમારું જ્ઞાન, બહાર ભટકશે. પણ અંદરમાં ઉપયોગ નહીં આવે. કેમકે તમે તમારું જ્ઞેય બહાર સ્થાપ્યું.

જ્ઞાન પણ અંદર છે અને જ્ઞેય પણ અંદર છે. આત્મા જ જ્ઞેય છે. આત્મા આત્માને જાણનારો છે એને બદલે પરમાં તમારો ઉપયોગ ગયો કે આને જાણું, આને જાણું, આને જાણું. તો પછી મારી સામે તર્ક આવે કે સ્વપરપ્રકાશક તો છે, તો પરને જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે, અને સ્વભાવ હોય એનો તમે કેમ નિષેધ કરો છો? મેં કહ્યું પરને જાણવું એ વિભાવ છે, સ્વભાવ નથી. હેં? પરને જાણવું વિભાવ? હા, વિભાવ નહીં, મિથ્યાત્વ છે! પરને જાણવાનો જે અભિપ્રાય છે, રૂચિ છે એને મિથ્યાત્વ કહ્યું ભગવાને. એને અધ્યવસાન કહ્યું. અનુભવ થયા પછી, અનુભવ થયા પછી એ ભાવેન્દ્રિય પરને જાણશે પણ હું પરને જાણું છું એ નીકળી જશે. ભાવેન્દ્રિય રહેશે થોડો ટાઇમ.

અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય. અત્યાર સુધી અજ્ઞાની પાસે એક જ જ્ઞાન છે, ઇન્દ્રિયજ્ઞાન. અનુભવ થયા પછી બે જ્ઞાન થાય, એક અતીન્દ્રિયજ્ઞાન અંશે અને અંશે ઇન્દ્રિયજ્ઞાન પણ રહે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાર સુધી સાધકને બે પ્રકારની જ્ઞાનની ધારા હોય. એક

જ્ઞાનચેતના અને એક કર્મચેતના. અતીન્દ્રિયજ્ઞાનમાં આત્મા અનુભવાય એનું નામ જ્ઞાનચેતના અને જે ઇન્દ્રિયજ્ઞાન અને રાગ થાય એનું નામ કર્મચેતના છે. એ કર્મચેતના અને જ્ઞાનચેતનાની જુદાઇ એને ખ્યાલમાં આવી જાય છે. ખ્યાલ આવે છે એટલે કર્મચેતનામાં આત્મબુદ્ધિ થતી નથી અને જ્ઞાનચેતના આત્માને જાણ્યા કરે છે.

એ આત્માનો અનુભવ, જ્યાં સુધી હું પરને જાણું છું (એમ માને), ત્યાં સુધી આત્માનો અનુભવ નહીં થાય. એક વાત. અને સ્વપર બેયને જાણું છું (એમ માને) ત્યાં સુધી અનુભવ નહીં થાય. એકલું જ્ઞાનમાં મને જ્ઞાયક જ જણાય છે બીજું કાંઇ જણાતું જ નથી. એકલા જ્ઞાનનો સ્વભાવ નિશ્ચયથી, સ્વભાવથી સ્વપ્રકાશક જ છે. પરપ્રકાશક પણ નહીં અને સ્વપરપ્રકાશક પણ નહીં. એ વાત થોડી સૂક્ષ્મ છે આ. આ વાત થોડીક સૂક્ષ્મ છે. બહુ ચાલતી પણ નથી, સૂક્ષ્મ છે.

હવે સ્વપરપ્રકાશકની જે વાત આવે છે. સ્વપરપ્રકાશક છે ખરું. પણ સ્વપરપ્રકાશક વિશે બહુ ગેરસમજૂતી ચાલુ થઇ ગઇ છે. પહેલું તો સ્વપ્રકાશક લ્યો. કે જ્ઞાન, જે ઉપયોગ બહિર્મુખ થઇને પરની પ્રસિદ્ધિ કરતો હતો, એ ઉપયોગ અંદરમાં વાળો અને વાળીને આત્માને જાણો તો અનુભવ કરો. તો એનું નામ સ્વપ્રકાશક જ્ઞાન કહેવાય. અને સ્વપ્રકાશક જે જ્ઞાન છે એ અતીન્દ્રિય જ્ઞાન છે. અને એમાં આત્માનો અનુભવ થાય છે. સ્વપ્રકાશકમાં. નંબર-૧.

હવે જ્યારે આત્માને આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય એ સ્વપ્રકાશક, નિર્વિકલ્પ ધ્યાનમા જ પ્રગટ થાય. સવિકલ્પમાં પ્રગટ ન થાય. પ્રગટ થયા પછી (સવિકલ્પમાં પણ) રહે પણ (સવિકલ્પમાં) પ્રગટ થાય (નહીં). આ બીજો પાઠ જરા સૂક્ષ્મ છે. કે શું પરને નથી જાણતો? કે નથી જાણતો લે. જાણનાર જણાય છે.

આ ઇન્દ્રિયજ્ઞાનનું પુસ્તક બહાર પડયું ને એમાં... લાવો ને એ પુસ્તક. એમાં બતાવોને **ભગવાન! તું પરને જાણતો જ નથી**, ગુરુદેવે કહ્યું. એક પુસ્તક લઈ લ્યો. કાઢો તો ૨૭૬ કેટલો? તમે કાઢોને ૨૭૬ પોઇંટ (બિંદુ). પોઇંટ નંબર-૨૭૬. વચમાં પોઇંટ હોય છે. વાંચો.

મુમુક્ષુ:- **અહીં તો કહે છે - ભગવાન! તું પરને જાણતો જ નથી. ભગવાન લોકાલોકને જાણે છે એમ કહેવું એ તો અસદ્ભૂત વ્યવહાર છે**.

ઉત્તર:- જૂઠો વ્યવહાર છે. અસદ્ભૂત એટલે જૂઠું અર્થ થયો ને? જૂઠો વ્યવહાર. સાચો વ્યવહાર પણ નહીં. નિશ્ચય તો નહીં (પણ) સાચો વ્યવહાર પણ નહીં.

મુમુક્ષુ:- અસદ્ભૂતમાં મૂક્યો છે.

ઉત્તર:- અસદ્ભૂતમાં નાખ્યું. આહાહા!

મુમુક્ષુ:- એમ તો વ્યવહાર માત્ર જ જૂઠો છે.

ઉત્તર:- (વ્યવહાર માત્ર) જૂઠો છે એમ તો, તો પણ..

મુમુક્ષુ:-પરંતુ આ તો અસદ્ભૂત વ્યવહાર એટલે ખોટામાં ખોટો.

ઉત્તર:- હા. ખોટામાં ખોટો છે. આ કોના વાક્ય છે?

મુમુક્ષુ:- ગુરુદેવના.

ઉત્તર:- જો તમે આહાહા! આ ગુરુદેવ બિરાજમાન છે. એની લાઇટ થાય છે એ કરો ને? બધા દર્શન કરે. દર્શન કરાવો બધાને આહાહા! સ્વર્ગમાંથી અહીં પધારે છે. લ્યો આ પધાર્યા. જુઓ.

મુમુક્ષુ:- શ્રી સદ્ ગુરુદેવનો જય હો.

ઉત્તર:- એમાં આ શું વાક્ય લખેલુ છે? વાંચોને શું લખેલું છે બેન?

મુમુક્ષુ:- **સિદ્ધ છે તે જાણનાર દેખનાર છે**.

ઉત્તર:- **સિદ્ધ** ભગવાન **છે તે જાણનાર દેખનાર છે**.

મુમુક્ષુ:- **તેમ તું પણ જણનાર-દેખનાર જ છો**.

ઉત્તર:- **જ છો**. એમ. સિધ્ધની જેમ **તું પણ જાણનાર-દેખનાર (જ) છો**. પછી?

મુમુક્ષુ:- **અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી**.

ઉત્તર:- **અધૂરા પૂરાનો પ્રશ્ન** કરીશ મા. કે મારું જ્ઞાન અધૂરું છે એટલે હું ન જાણું અને કેવળી જાણે એમ નહીં. જાણનાર જ છો તું. પછી?

મુમુક્ષુ:- **જાણનાર દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો**.

ઉત્તર:- જ્ઞાતાને બદલે કર્તા માન્યો, ખસ્યો જરાક સ્વભાવથી, તો..

મુમુક્ષુ:- **કર્તૃત્વમાં જ ગયો**.

ઉત્તર:- **કર્તૃત્વમાં જ ગયો**.

મુમુક્ષુ:- **એટલે સિધ્ધથી જુદો પડયો**.

ઉત્તર:- એટલે સિધ્ધ ભગવાનથી, જાણનાર દેખનારથી, તું જુદો પડી ગયો, તો..

મુમુક્ષુ:- **એક ક્ષણ સિધ્ધથી જુદો પડે**.

ઉત્તર:- એક સમય જુદો પડ્યો સિધ્ધથી તું, તો..

મુમુક્ષુ:- **તે મિથ્યાદ્રષ્ટિ છે, તે યથાર્થ વાત છે**.

ઉત્તર:- દલીચંદભાઇ! મિથ્યાદ્રષ્ટિ. આ ગુરુવાણી હોં! આહાહા! બોલો, આવા ગુરુ મળ્યા અને (આપણે) કર્તાબુધ્ધિ રાખીએ એ તો આપણે ગુરુના શિષ્ય કહેવડાવવા લાયક ન ગણાઇએ. હેં?

મુમુક્ષુ:- સાચી વાત છે.

ઉત્તર:- અને આપણે ગુરુના શિષ્ય છીએ. ગુરુ કહે છે ભગવાન તું પરને જાણતો નથી અને આપણે એમ માનીએ કે હું પરને જાણનારો છું તો એ ગુરુશિષ્ય નથી. ગુરુનો શિષ્ય ન ગણાય. અહાહા! **ભગવાન તું પરને જાણતો જ નથી**, **જ** લગાડયો છે. કથંચિત્ જાણે છે પરને અને કથંચિત્

નથી જાણતો, એમ નહીં.

મુમુક્ષુ:- **જાણતો જ નથી**.

ઉત્તર:- **જાણતો જ નથી**. આહાહા! કેવળી ભગવાન લોકાલોકને જાણે છે (એ) અસદ્ભૂત વ્યવહાર, જૂઠો વ્યવહાર છે. કેવળી કેવળજ્ઞાનને જાણે એ સદ્ભૂત વ્યવહાર અને કેવળી પરને (લોકાલોકને) જાણે એ જૂઠો, અસદ્ભૂત વ્યવહાર. બે પ્રકારના વ્યવહાર છે. આશ્રય માટે તો બેય (વ્યવહાર) અભૂતાર્થ છે પણ જાણવા માટે લ્યો, જાણવા માટે લ્યો તો શ્રુતજ્ઞાનને જાણે છે. શ્રુતજ્ઞાની શુધ્ધાત્માને જાણે તે નિશ્ચય અને શ્રુતજ્ઞાનને જાણે તે વ્યવહાર પણ પરને તો (જાણતા જ નથી).

મુમુક્ષુ:- જાણતા જ નથી! વાહ વાહ બહુ સરસ.

ઉત્તર:- શ્રુતજ્ઞાન વડે કેવળ શુધ્ધાત્માને જાણે તે શ્રુતકેવળી છે, પરમાર્થ છે. અને એ સાધક શ્રુતજ્ઞાનને જાણે તે વ્યવહાર છે. પણ એ વ્યવહારે પણ પરમાર્થને પ્રતિપાદન કર્યું કારણ કે શ્રુતજ્ઞાન છે તે બધું આત્મા છે. એટલો વ્યવહાર લે પણ એનાથી આગળ જૂઠા વ્યવહારમાં જા મા. પોતાના ભેદને જાણે તે સદ્ભૂત વ્યવહાર. પરને જાણે તો અસદ્ભૂત વ્યવહાર છે. આહાહા! આ ગુરુવાણી છે.

આ બીજો પાઠ અઘરો છે કે આત્મા પરને જાણતો જ નથી. એમાં ખૂબ ઉહાપોહ થયો અમારી સામે. સમજી ગયા? પણ એમાં ત્રણ જ્ઞાની સ્વર્ગમાંથી આવ્યા (અમારી) મદદે. પ્રવચનસાર ગાથા નંબર-૧૧૪, **અદ્વિતીય ચક્ષુ**, એ પુસ્તક બહાર પાડયું. પછી ત્રણ જ્ઞાનીની સામે કોણ ના પાડે?

કુંદકુંદ ભગવાન કહે છે કે પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરી દે. અમૃતચંદ્રાચાર્ય કહે તારા પરિણામને જાણવાનું બંધ કરી દે. કરતો તો છો જ નહીં. એ તો પ્રશ્ન જ નથી હવે. પણ તું તારા પરિણામને જાણનાર નથી. બંધ

કરી દે જાણવાનું. આહાહા! અને ગુરુદેવે એનું વ્યાખ્યાન આપ્યું કે પરિણામને જાણવાનું બંધ કરી દે.

સાહેબ! પરિણામનો તો વિવેક કરવો જોઇએ ને? રાગ થાય, રાગને જાણું તો કષાયને મંદ (કરું ને)? અરે! જાણવાનું બંધ કરી દે. જો તારે ભગવાનના દર્શન કરવા હોય તો. રખડવું હોય તો તારી મરજી. આહાહા!

એ **અદ્વિતીય ચક્ષુ** બહાર પડયું ને એમાં બધુ વાતાવરણ ઠંડું થઈ ગયું. અધરો વિષય છે. એનો વાંક નથી કોઇનો. કોઇનો વાંક નથી. આ જે છે ને એ તો પોતાની યોગ્યતા હોયને ત્યારે સ્વપ્રકાશકના પક્ષમાં આવે. સ્વપ્રકાશક પ્રગટ થાય તો તો સમ્યગ્દર્શન થઇ જાય. હજી પરપ્રકાશક અને કાં સ્વપરપ્રકાશકના વ્યવહારના પક્ષમાં પડયા છે (જીવો). આહાહા!

**જાણનાર જ જણાય છે બીજું કાંઇ જણાતું જ નથી** (એમ) લેને, તારું કામ થઇ જશે. આહાહા! પહેલા સ્વપરપ્રકાશકની વાત હવે ઉપાડી છે, તો પહેલા સ્વપ્રકાશક લેવું. કે મારા જ્ઞાનમાં તન્મયપણે જ્ઞાયક ભગવાન આત્મા જ નિરંતર બાળગોપાળ સૌને જણાય છે. તો હું પણ બાળગોપાળ માહેલો છું. તો મને પણ મારા જ્ઞાનમાં ભગવાન આત્મા જણાય છે, એમ ભગવાને મારા જ્ઞાનમાં મારો આત્મા જણાય છે એમ જોયું.

ભગવાને, સર્વજ્ઞ ભગવાને શું જોયું મારા વિશે? મારા વિશે શું જોયું? કે આ જીવના વર્તમાન જ્ઞાનમાં એનો ભગવાન આત્મા જણાય છે એમ એણે જાણ્યું અને વાણીમાં (આવ્યું). પ્રકાશ! તારા જ્ઞાનમાં તારો આત્મા જણાય છે એમ વાણીમાં આવ્યું. એ તો દિવ્યધ્વનિ છે, એમાં નામ બામ નહીં, આ તો હું દાખલા તરીકે (કહું છું). એમ બધાએ લઇ લેવું. સમજી ગયા? પ્રકાશ નહીં, બધાનું જ છે. બધાના જ્ઞાનમાં ભગવાન આત્મા જણાય છે. એનો અર્થ પર જણાતું નથી. એનું નામ સ્વપ્રકાશક જ્ઞાન છે.

સ્વપ્રકાશક જ્ઞાન પ્રગટ થાય ત્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં આત્મા

અનુભવમાં આવે. એ વખતે આનંદનો સ્વાદ આવે છે. એ જ વખતે વજુભાઇ, સ્વપરપ્રકાશક પ્રગટ થાય છે. નિર્વિકલ્પ ધ્યાનમાં જ, નિશ્ચય સ્વપરપ્રકાશક (પ્રગટ થાય છે). ઓલું નિશ્ચય સ્વપ્રકાશક, નિશ્ચય શબ્દ. બીજામાં પણ નિશ્ચય, નિશ્ચય પણ સ્વપરપ્રકાશક. બીજામાં નિશ્ચય કેમ લીધું સ્વપરપ્રકાશક? કે પોતાનું જ્ઞાન પણ પોતાને જાણે છે અને જ્ઞાનમાં આનંદ આવ્યો એને પણ જાણે છે. તો જ્ઞાનની અપેક્ષાએ, જ્ઞાન સ્વ, અને આનંદ પણ જણાયો તો આનંદ પર છે. બીજો ગુણ થયો અંદરનો, એટલે એને પર કહેવાય. એવું સ્વપરપ્રકાશક નિર્વિકલ્પ ધ્યાનમાં. નિર્વિકલ્પ ધ્યાનમાં આ બે સ્થિતિ હોય છે.

એ સાધક સવિકલ્પમાં આવે છે ત્યારે પોતાનો આત્મા પણ જણાય છે, જાણે છે અને પરપદાર્થનો (પણ) પ્રતિભાસ એમાં થાય છે એટલે વ્યવહાર સ્વપરપ્રકાશક. એ વ્યવહાર આવ્યો. નિશ્ચય પૂર્વક વ્યવહાર. સ્વપરપ્રકાશક પણ કથંચિત્ છે. સ્વપરપ્રકાશક સર્વથા નથી. સ્વપરપ્રકાશક, (સ્વપ્રકાશકમાં) અંદરમાં અનુભવ થાય અને સ્વપરપ્રકાશક નિશ્ચય પ્રગટ થાય એવા સાધકને સ્વપરપ્રકાશકનો વ્યવહાર ઊભો થાય છે. આ ત્રણ પ્રકાર સાધકને ભજે છે.

બીજું એક સ્વપરપ્રકાશક છે. બધા જીવના જ્ઞાનમાં સ્વપરપ્રકાશક છે. નિગોદના જીવની જ્ઞાન પર્યાય પણ સ્વપરપ્રકાશક છે, પણ એ પ્રતિભાસરૂપ છે. સ્વપરનો બેયનો પ્રતિભાસ થાય છે, પણ અજ્ઞાની જીવ સામાન્યનો તિરોભાવ કરે છે અને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનનો આવિર્ભાવ કરી, એના પ્રતિભાસને લક્ષ્ય કરીને અજ્ઞાની બની જાય છે. એ પણ એક નિગોદ સુધી બધામાં છે. સ્વપરપ્રકાશકની જ્ઞપ્તિ. એ ચોથો પ્રકાર કહ્યો.

ત્રણ પ્રકાર આ કહ્યા અને એક પ્રકાર ચોથો. બધાને સર્વ જીવોને સ્વપરપ્રકાશક (છે). સ્વપરપ્રકાશક એટલે સ્વ અને પરનો પ્રતિભાસ થાય

છે, એની જ્ઞાનની સ્વચ્છતામાં. જ્ઞાનની સ્વચ્છતા છે. ભલે તીવ્ર મિથ્યાત્વ હોય, રાગદ્વેષ તીવ્ર થતા હોય એના પરિણામમાં, પણ એ પરિણામથી ભિન્ન એક ઉપયોગ લક્ષણ છે આત્માનું, અને એ ઉપયોગ સ્વચ્છ છે. શુધ્ધ પણ ન કહેવાય અને અશુધ્ધ પણ ન કહેવાય,સ્વચ્છ (કહેવાય).

શુધ્ધ ઉપયોગ ન કહેવાય. તેમ અશુધ્ધ તો કોઈ દિવસ થતો જ નથી અને સ્વચ્છપણું છૂટતું નથી. એ સ્વચ્છ પર્યાયમાં પોતાનો જ્ઞાયક પણ જણાય અને પરપદાર્થ પણ - રાગાદિ, દેહાદિ પ્રતિભાસે. પ્રતિભાસ સમજ્યા ને? જેમ દર્પણમાં દર્પણનું દળ પ્રતિભાસે અને મોર આદિ કે અગ્નિ આદિ(નો) પણ પ્રતિભાસ થાય. એમ બે પ્રકારના પ્રતિભાસ એક સમયની સ્વચ્છ પર્યાયમાં થાય છે. એમાં ભેદજ્ઞાન છે. ઓહોહો! મારો આત્મા મને જણાય છે. એ જે જણાતો હતો એનો આવિર્ભાવ કરી લે છે. અને જે 'પર જણાય છે મને' એ ભ્રાંતિ હતી (તે) નીકળી જાય છે, અને અનુભવ થઇ જાય છે.

એવો સ્વપરપ્રકાશક પ્રતિભાસ તો બધા જીવોને છે. એમાં ને એમાં ભેદજ્ઞાન કરવાનું છે. કે સ્વ જણાય છે ને પર જણાતું નથી. ત્યારે જે પહેલો બોલ મેં કહ્યો સ્વપ્રકાશકનો એ ઊભો થાય છે. એમાં અનુભવ થઇ જાય છે. અને પછી એમાં નિશ્ચયથી સ્વપરપ્રકાશકપણું પ્રગટ થાય છે.

મુમુક્ષુઃ- એ આવી જાય છે.

ઉત્તર : એ આવી જાય છે, સાથે જ, એક સમયમાં. આવી પરિસ્થિતિ છે. છે થોડું, ઝાઝું તો કાંઇ છે નહીં. છ મહિનાનો અભ્યાસ કરવાનું કહ્યું છે ને? ત્રણ-ત્રણ મહિનાના બે ભાગ પાડી નાખો. પહેલા 'કર્તા નથી, અકર્તા છું' એનો અભ્યાસ કરો. પછી બીજા ત્રણ મહિનામાં 'જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી'. લ્યો! આમાં છે.

**હું જાણનાર છું, હું કરનાર નથી.**

**જાણનારો જણાય છે, ખરેખર પર જણાતું નથી.**

આ તમે ઊઠશો એટલે બધાને પ્રસાદી આપી દેશું. જ્ઞાનીનું વચન છે આ. આહાહા! આ ઇમ્પોર્ટેડ (imported) માલ છે. સીમંધર ભગવાનની સીધી વાણી છે. એ શાસ્ત્રોમાં છે. ગુરુદેવે કહ્યું છે.

માટે ઠીક છે. મનસુખભાઇના સ્વર્ગવાસ નિમિત્તે ધર્મધ્યાન છે ને એ દુ:ખને દૂર કરે છે. એટલી વાર એને માનસિક શાંતિ હોય. એ જીવના વિયોગનો ખેદ પણ નીકળી જાય જ્યારે ઉપયોગ આત્માના વિચારમાં લાગે ત્યારે સગાવહાલાને એ પ્રકારનું એને સાંત્વન થાય. અને જો માર્ગે ચડી જાય તો કામ થઇ જાય.

બાકી જીવતત્ત્વની ભૂલ છે. કર્તાબુધ્ધિ જીવતત્ત્વની ભૂલ. અને 'હું પરનો જ્ઞાતા છું' એ સંવર(તત્ત્વ)ની ભૂલ છે. એમાં આશ્રવ પ્રગટ થશે, સંવર પ્રગટ નહીં થાય.

મુમુક્ષુ:- પરનો જ્ઞાતા જાણશે ત્યાં સુધી સંવર પ્રગટ નહીં થાય.

ઉત્તર:- પર તરફ જ ઉપયોગ જાય. આત્મા તરફ ઉપયોગ આવે (જ) નહીં. 'હું પરનો જ્ઞાતા છું' એ અનંતકાળથી શલ્ય છે.

પરની કર્તાબુધ્ધિ અને પરની જ્ઞાતાબુધ્ધિ, આ બે દોષ છે. પરિણામની કર્તાબુધ્ધિ અને પરિણામની જ્ઞાતાબુધ્ધિ. એટલે પરિણામને જાણવાનું બંધ, એટલા માટે કરાવ્યું. ૧૧૪ માં સર્વજ્ઞ ભગવાને બંધ કરાવ્યું. તારા પરિણામને જાણવાનું બંધ કરી દે ને, અને આત્માની દ્રષ્ટિ (કર). એક એવું જાત્યાંતર જ્ઞાન પ્રગટ થશે તને, કે જેમાં ભગવાન આત્મા તને જણાશે.

ગુરુદેવના વ્યાખ્યાન છપાઇ ગયા છે. એ પુસ્તક બહુ સરસ છે, **અધ્યાત્મ પ્રવચન રત્નત્રય**. એમાં તેર વ્યાખ્યાન છે. એમાં નવ વ્યાખ્યાન છે ગાથા ૩૨૦ના, અને ત્રણ વ્યાખ્યાન છે આ (પ્રવચનસાર ગાથા ૧૧૪),

અને એક વ્યાખ્યાન ૨૭૧ કળશ. એમ તેર વ્યાખ્યાન. તેરાપંથીનું તેર વ્યાખ્યાન અને કેવળજ્ઞાન થાય, તેરમું ગુણસ્થાન આવે, એવું પુસ્તક છે. લાઇફટાઇમ (જીવનભર) વાંચવા જેવું છે, લાઇફટાઇમ.

આજે બે વાત મેં કરીને, કર્તાબુધ્ધિ છૂટે અને જ્ઞાતાબુધ્ધિ છૂટે, એ એમાં જ છે. એનો સાર તમને કહ્યો. હવે ટાઇમ થઇ ગયો. બેન કાંઇ ભજન સંભળાવે એટલે (પૂરું કરીએ). આહાહા! કેવો મંત્ર આપ્યો ગુરુદેવે! સિધ્ધની હારમાં મૂક્યા બધાને. સિધ્ધથી જુદો પડીશ નહીં. પડીશ તો રખડી મરીશ એમ કહ્યું. આ આત્મધર્મમાં આવેલી વાત છે હોં! નીચે લખેલું છે. શું (લખેલું છે)? નિલમ વાંચ, આત્મર્ધમ.

મુમુક્ષુ:- આત્મધર્મ નથી લખેલું.

ઉત્તર:- નહીં ને, ગુરુદેવની વાણી. બરાબર છે. એ આત્મધર્મનો એક અંક નીકળ્યો છે એમાં ચોથા બોલમાં છે. મારા પુસ્તકમાં એ નામ છે.

મુમુક્ષુ:- માર્ચનો અંક છે.

ઉત્તર:- માર્ચ એવું કાંઇક છે. સીધી ગુરુદેવની વાણી છે. કર્તાનું ભૂત વળગ્યું છે. હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા બસ! સ્વયં થાય છે. માને છે કે હું કરું છું.

મુમુક્ષુ:- કર્તાનું ભૂત તો જરા ઢીલું પડે પણ જ્ઞાતાનું ભૂત ઢીલું થવું બહુ આકરું પડે છે.

ઉત્તર:- બહુ આકરું છે. ઘણું આકરું છે. એટલા માટે જ આ પુસ્તક બહાર પાડયું છે. કેમકે ઇન્દ્રિયજ્ઞાનને પોતાનું માને ત્યાં સુધી જ્ઞાતા પરમાં રહે, અંદરમાં ન આવે. એને જ્ઞાન માન્યું છે ને?

ખૂબ ઉહાપોહ થયો હતો અમારી સામે, આઠ-નવ વર્ષ પહેલા. ભલે થાય. વાત ફરે એમ નથી. અનુભવ કરવો હોય તો તારે વ્યવહારનો નિષેધ કરવો પડશે, અસદ્ભૂત વ્યવહારનો. પરને (જાણવાનો), અસદ્ભૂત

વ્યવહારનો નિષેધ. શું થાય? (જેની) યોગ્યતા હોય એને ગુરુવાણી નિમિત્ત થાય. યોગ્યતા ન હોય (તો) શ્રી ગુરુ શું કરે? એણે તો ધોધમાર વાણી આપી છે.

મુમુક્ષુઃ- પિસ્તાળીશ વરસ.

ઉત્તરઃ- વરસાદ વરસ્યો, વરસાદ. જ્યારે છઠ્ઠો કાળ પૂરો થાય અને પાંચમો કાળ સારો આવે ને. પછી ચોથો (કાળ) સારો આવે ત્યારે સાત સાત દિવસના સાત (પ્રકારનો) વરસાદ થાય. એમ આ સત્યું સત્યું ઓગણપચાસ (૭ x ૭=૪૯) વરસ એણે વ્યાખ્યાન આપ્યું. ઓગણપચાસ વરસ. પિસ્તાળીસ વરસ એટલે ચાર વરસ ઉમેરી દયો. ધોધમાર વરસાદ વરસાવ્યો હેં? તું જ્ઞાતા છો, ભાઇ! કર્તા નથી બાપુ! ભગવાન તું તો જાણનાર છો ને? આહાહા! કરનાર નથી ભાઇ! તું તો જાણનાર છો ને? પછી (એને) પકડયું કે હું જાણનાર છું તો પરનો જાણનાર (છું એમ પકડયું). અરે! ના-રે-ના! જાણનારને જાણે છે, (પરને નહિ).

આત્મા, જ્ઞાતાની વ્યાખ્યા આવી ૨૭૧ કળશમાં. જ્ઞાતા કોને કહેવાય? પોતે પોતાને જાણે છે માટે આત્માનું નામ જ્ઞાતા છે. પરને જાણે છે માટે જ્ઞાતા છે એમ છે જ નહીં. આહાહા! પણ વ્યવહારને વળગી ગયા જીવ, નિશ્ચયને છોડી દીધું.

બોલો એકાદુ ભજન સંભળાવો. (ગુરુદેવનો ફોટો જોઇને કહે છે) આ મંદિરમાં બેઠા હોય ને એવું લાગે છે હે?

મુમુક્ષુઃ- હાજી, એકદમ એવું લાગે છે.

ઉત્તરઃ નાનું મંદિર.

જાણનારનો રંગ બરસ રહ્યો રે,
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)
જાણનાર હી મુજકો જણાઈ રહ્યો રે,

મેં જાણ રહ્યો આહા મેં જાણ રહ્યો રે. (૨)
જાણનારનો રંગ બરસ રહ્યો રે,
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)
અનંત શક્તિમયી ધ્રુવ આતમ, શક્તિ અનંતોમયી એક આતમ,
જાણનાર હૈ શાશ્વત પરમાતમ,
મેં તો શક્તિમયી દ્રવ્યમેં પ્રસર ગયો રે. (૨)
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)
કારક વેદક નહીં હૈ રે આતમ, જાણનાર હૈ શાશ્વત પરમાતમ,
પારિણામીક શુધ્ધ વિલસ રહ્યો રે. (૨)
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)
જાણનારનો રંગ બરસ રહ્યો રે,
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે (૨)
આનંદમયી મહાસાગર શુધ્ધાત્મા, સ્વયં તૃપ્ત હૈ તૃપ્ત તૃપ્ત આત્મા,
તૃપ્તિ સાગરમેં ઐસે મગન ભયો રે, (૨)
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)
જાણનાર તો જાણનાર હી, પરકા ન સ્વકા ભેદ હૈ કુછભી,
આહા સાક્ષાત અમૃત બરસ રહ્યો રે, (૨)
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)
ચિત્ સ્વરૂપ તો ચિત્ સ્વરૂપ હૈ, આનંદ વચનાતીત રૂપ હૈ,
મોહે શુધ્ધ ચિદાનંદ જણાઈ રહ્યો રે,
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)
વ્યક્ત હુએ આનંદ કે પ્રતિભી, ઉદાસીન રહતા હૈ યે ધર્મી,
મૈ તો જ્ઞાતા હું, જ્ઞાતા હું, જ્ઞાતા રહ્યો રે, (૨)
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)

કર્તુત્વબુદ્ધિ વિનશ ગઈ હૈ રે, જ્ઞાતૃત્વ શક્તિ પ્રગટ ભઈ હૈ રે,
યે જ્ઞાતા કેવલજ્ઞાનકો બુલાઈ રહ્યો રે, (૨)
મેં ભીંગ ગયો આહા મેં ભીંગ ગયો રે. (૨)
માત્ર જાણનાર મુજકો જણાઈ રહ્યો રે, (૨)
મેં જાણ રહ્યો આહા મેં જાણ રહ્યો રે. (૨)

(ભેદજ્ઞાન-ભજનાવલી, આધ્યાત્મિક ભક્તિ ૧૮)

આજની ચર્ચા, એ સારી આવી. પ્રયોજનભૂત.

મુમુક્ષુઃ- બહુ સારી આવી. એકલું અમૃત જ....

ઉત્તરઃ- એકદમ પ્રયોજનભૂત. ગુરુદેવના પ્રતાપે ઘણાં જીવો ક્રમે ક્રમે પોતાનું કામ કરશે. સીમંધર ભગવાને એક જીવ માટે નથી મોકલ્યા. એમ કહ્યું, ઇંદિરાબેન સંભળાય છે? કાને કાંઇ? ગુરુદેવે, મલાડમાં જન્મજયંતી હતી ત્યારે એમ કહ્યું, વ્યાખ્યાન વાંચતા વાંચતા, આહાહા! કે (સીમંધર ભગવાને) અમને અહીંયા મોકલ્યો છે. સીમંધર ભગવાને અમને અહીંયા મોકલ્યો છે. એટલે એનો અર્થ કે એક માટે ન મોકલે. સીમંધર ભગવાન મોકલે? એક માટે મોકલે? હે? મુખ્ય એક-બે વ્યક્તિ એ જુદી વાત, બાકી તો સેંકડો હજારો જીવો માટે અહીંયા આવ્યા હતા. સમજી ગયા? અને આ સંસ્કાર દરેકને અંદરમાં બી(જ) રોપાઇ જાય છે ને, એ ઝાડ થઇ જશે. અને ફળમાં મોક્ષની પ્રાપ્તિ થશે એવી વાણી, આવી ટંકોત્કીર્ણ, આ પુરુષની (ગુરુદેવની) છે. ગજબની વાણી છે. આહાહા! એવો પુરુષ પાક્યો. અહાહા! જેટલી એની પ્રશંસા કરીએ એટલી ઓછી છે. એવો ઉપકાર કર્યો છે આપણા ઉપર.

મુમુક્ષુઃ- પરમ અહોભાગ્ય.

ઉત્તરઃ- પણ જ્ઞાનીનો જન્મ થાય ત્યારે જ ભેદજ્ઞાનનો મંત્ર મળે. ત્યાં સુધી ન મળે. માતા-પિતાએ ણમોકાર મંત્ર તો આપ્યો, જન્મતાની સાથે જ.

પણ ભેદજ્ઞાનનો મંત્ર ધર્મપિતા આપી શકે.

મુમુક્ષુઃ- સ્પષ્ટ આપે સમજાવ્યું.

ઉત્તરઃ- આ બધું ગુરુદેવનું છે બેન! આહાહા! અમે એની પાસે જ શીખ્યા છીએ અને અમે તમને એમનું કહીએ છીએ. એ વાણી બધી એની છે. બસ!

મુમુક્ષુઃ- એમનો વારસો પૂરો સંભાળ્યો છે આપે.

ઉત્તરઃ- ચમત્કાર થયો.

મુમુક્ષુઃ- જાણનારો જણાય છે. જાણનારો જણાય છે.

ઉત્તરઃ- અને મનસુખભાઇ જણાતા નથી તમને, એમ લેવું પડશે.

મુમુક્ષુઃ- જી પ્રભુ! બરાબર જ છે.

ઉત્તરઃ- બસ! એમાં શાંતિ છે. જરાય વિચાર કરતા નહીં. કોઇ પરપદાર્થનો વિચાર કરવાથી તો વિકલ્પ અને રાગની ઉત્પત્તિ થાય. આત્માને યાદ કરો ને? બસ! એ વસ્તુ તમારી ક્યાં હતી?

મુમુક્ષુઃ- અને સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં તો એવું આવે છે અત્યારે કે આ જીવના જ્ઞાનમાં એનો આત્મા જ જણાય છે, બીજું જણાતું જ નથી. તો હવે સર્વજ્ઞ ભગવાનને જે મારા વિશે જે જણાય છે એવું જ મને જણાવું જોઇએ.

ઉત્તરઃ- જણાવું જોઇએ.

મુમુક્ષુઃ- તો જ હું સર્વજ્ઞનો શિષ્ય કહેવાઉં ને?

ઉત્તરઃ- શિષ્ય કહેવાઉં. હા.

મુમુક્ષુઃ- એનાથી જરીક જુદો પડે તો મિથ્યાદ્રષ્ટિ છે.

મુમુક્ષુઃ- તો એનો શિષ્ય નથી. હાં મિથ્યાદ્રષ્ટિ છે, બેન બરાબર.

ઉત્તરઃ- સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યું છે કે તારા જ્ઞાનમાં તારો આત્મા જણાય છે. તું ના પાડીશ મા. તો તારું કામ થઇ જશે.

મુમુક્ષુ:- મારો આત્મા જ જણાય છે.

ઉત્તર:- આબાળ ગોપાળ સહુને ભગવાન આત્મા જણાય છે. એ તો સમયસાર તો આપણે અહીંયા (હ્રદયમાં) છે ને? માન્ય છે ને બધાને? હેં!

મુમુક્ષુ:- સર્વજ્ઞથી જુદા નહીં પડવું. સર્વજ્ઞથી જુદો પડે? આહાહા!

ઉત્તર:- (ના પાડે છે).

એના કારણે આપણે બધા ભેગા થયા છીએ. કોઇ ક્યાં જન્મેલા, કોઇ ક્યાં જન્મેલા. દલીચંદભાઇ! હેં? બધાય સોનગઢમાં ગુરુદેવના ચરણમાં ભેગા થયા છીએ. આહાહા! જેમ મોતી વિખરાયેલા હોય અને દોરામાં બધા પરોવાઇ જાય એમ આ ગુરુદેવના કારણે આ બધા શિષ્યો આપણે ભેગા થઈ ગયા. નહીંતર કોઇ કોઇને ઓળખે નહીં. કોણ ક્યાં, કોણ ક્યાં? અહાહા! બધા સોનગઢમાં ભેગા થઈ ગયા.

મુમુક્ષુ:- સત્યાવીસ વર્ષ અનાર્ય દેશમાં કાઢ્યા. આફ્રીકામાં સત્યાવીસ વર્ષ કાઢ્યા. અનાર્ય દેશમાં, આફ્રીકામાં સત્યાવીસ વર્ષ કાઢ્યા.

ઉત્તર:- ઓહોહો!

મુમુક્ષુ:- આ બધા લંડન ગયા. મેં કહ્યું આપણે લંડન જાવું નથી.

ઉત્તર:-જાવું નથી.

મુમુક્ષુ:- આપણે મેં કીધું આપણી ભારતભૂમિ સારી છે. હવે એ સંજોગો આવ્યા બધા. આજે સતર વર્ષ થયા. આ સોનગઢમાં સતર વર્ષ થયા.

ઉત્તર:- સતર વર્ષ, બરાબર. સારું સારું.

મુમુક્ષુ:- આ ગુરુદેવની વાણીનું અને આ ભૂમિનું, કણ કણમાં નામ આજે ગુરુદેવનું બોલાય જાય, એનો લાભ મળી રહ્યો છે.

ઉત્તર:- લાભ મળ્યો, બરાબર. સારો લાભ લીધો. સત્તર વર્ષથી રહ્યા, બધું છોડીને. એક તો બહારનું સંતોષ મળ્યો કે આપણે કાંઈ ઝાઝા પૈસા

જોતા નથી. આપણે આત્માનું કરવાનું છે. નહીંતર લંડન વયા ગયા ઘણાંય.

મુમુક્ષુ:- હા ઘણાય વયા ગયા.

ઉત્તર:- ઘણાય વયા ગયા આફ્રીકામાંથી. એ બરાબર, સારું કર્યું તમે. આ સંસ્કાર સત્ ના છે ને? આહાહા! સત્તના સંસ્કારનું ફળ બહુ મોટું આવે છે. મોટું આવે છે. હું જાણનાર છું બસ! આહાહા! અંદરમાં વારંવાર, વારંવાર, અમારા બેને સવારના પહોરમાં બહુ પ્રમોદ જાહેર કર્યો કે હું જાણનાર જ છું? હા તમે જાણનાર જ છો. એમ જ કરવું? કે હા એમ જ કર્યા કરો. એમાં જણાઇ જશે તમને. હું પરનો જાણનાર છું તો નહીં જણાય. પરનો કરનાર છું તો પણ નહીં જણાય. કેમ કે એવું સ્વરૂપ જ નથી. સર્વજ્ઞ ભગવાને નથી જોયું.

મુમુક્ષુ:- હાં પછી?

ઉત્તર:- તમારા ઘેરેથી પ્રમોદ બતાવ્યો. આત્મા છે ને બધા, એમાં શું? આત્મા છે ને બેન?

મુમુક્ષુ:- પહેલા એ જ આવ્યા હતા. એની વાંહે (પાછળ) હું આવ્યો.

ઉત્તર:- હવે બરાબર (સમજાણું) આ કેમ આગળ વધે છે. એટલે હવે ખ્યાલ પકળી લીધી. જેવું હતું એવું કહી દીધું. સારું સારું. ભગવાનના સ્મરણ કરતાં પણ પરમાત્માના સ્મરણથી પરમાત્મા થવાય છે. પરમાત્માનું સ્મરણ એ જ પરમાત્મા થવાનો ઉપાય છે. બીજો ઉપાય છે જ નહીં કોઈ. દ્રવ્યદ્રષ્ટિ તે જ સમ્યગ્દ્રષ્ટિ છે. બસ!

ॐ

# प्रवचन नं. LA ३४५, अनुभव का विषय और अनुभव की विधि

**(ता: १९९१, ऊषाकिरण अपार्टमेंट, राजकोट)**

जब इस भारत में धर्म के नाम पर अँधेरा हो गया था, उस समय एक इन पुरुष का जन्म हुआ। अन्यमत में तो यह बात थी ही नहीं। आत्मा का स्वभाव क्या है और उसका अनुभव कैसे हो? दो ही बातें हैं, परन्तु यह बात करनेवाला कोई नहीं था। शास्त्र में सब था। परन्तु शास्त्र में से कोई निकाल नहीं पाया। उस काल में वर्तमान के जीवों की इस जाति की योग्यता, पूर्व के संस्कार नहीं थे। पूर्व के अनुभव का संस्कार नहीं और पूर्व की देशना लब्धि के संस्कार भी किसी को नहीं थे। नहीं तो दोनो में से एक भी संस्कार यदि होता दूसरे जीवों को, तो तो वे शास्त्र में से निकाल सकते।

दो प्रकार के संस्कार वाले जीव। सम्यकदृष्टि यहाँ नहीं जन्मते हैं। परन्तु दो प्रकार के संस्कार वाले.., या तो दो प्रकार के संस्कार हों, या एक प्रकार का संस्कार (हो), ऐसे कोई जीव जन्में तब इसका समाधान आ जाता है। इसप्रकार अपने गुरुदेव सीधे महाविदेह क्षेत्र में से यहाँ पधारे, और वहाँ की देशना लब्धि के गहरे संस्कार (थे)। उस संस्कार के कारण समयसार हाथ में आते (ही..), क्योंकि यह वाणी जो है ना कुन्दकुन्द की, वह सीमंधर प्रभु की सीधी वाणी है। वह वाणी वे लेकर आये और शास्त्र लिखे।

(और) ये पुरुष (पू. गुरुदेवश्री) वहाँ से सीधे आकर, सीमंधर भगवान के पास से ही आकर, शास्त्र हाथ में जहाँ आया..। सत्य की खोज कर रहे थे। उन्होंने श्वेताम्बर के शास्त्र - ४५ आगम, ३२ आगम स्थानकवासी के, सभी खूब पढ़े - देखे, और एक भगवती सूत्र तो १८ बार उन्होंने पढ़ा। क्योंकि

श्वेताम्बर में, जैसे अपने दिगम्बर में समयसार प्रसिद्ध है, वैसे श्वेताम्बर में भगवती सूत्र प्रसिद्ध था। अठारह बार उन्होंने पढ़ा परन्तु उनको कहीं माल नहीं मिला।

और सत्य की शोध और खोज में रहते थे चौबीसो घंटे। कहीं मिलता नहीं था, ऐसे में समयसार हाथ में आया दामनगर में और ख्याल आ गया कि ओहोहो! क्योंकि संधि मिल गई! वाणी सुनकर आये थे और वही वाणी मिली, जो वहाँ सुनी थी, वही। इसलिए ख्याल आ गया, ओहोहो! यह वस्तु तो अपूर्व है। और खूब उन्होंने गहराई से अध्ययन किया और अनुभव हुआ। वजुभाई! उन पुरुष ने पैतालीस वर्षों (तक) दो ही उपदेश दिए हैं, दो प्रकार के। दूसरा कुछ उन्होंने कहा ही नहीं। और दूसरा कोई ऐसा कहे कि मैनें यह सुना, यह सुना, तो उसने सुना ही नहीं है, गुरुदेव को समझा ही नहीं है।

उनके उपदेश की मुख्य दो ही बातें थी। शुद्धात्मा का स्वरूप क्या है? एक; और उसका अनुभव कैसे हो जीव को? ये दो ही प्रकार का उपदेश उन्होंने दिया है। तुम ग्यारह भाग पढ़ लेना, तुम्हें ये दो बात मिलेंगी। क्योंकि एक तो शुद्धात्मा अर्थात् जीवतत्त्व, उसके विषय में बड़ी भ्रान्ति थी। जीवतत्त्व के विषय में। और एक संवर उत्पन्न नहीं होता था, उसका कारण भी ज्ञान की भ्रान्ति थी। एक द्रव्य की भ्रान्ति और एक ज्ञान की भ्रान्ति। दो प्रकार की भ्रान्ति थी। ये दो ही बातें उन्होंने की, कि शुद्धात्मा का स्वरूप क्या? और उस आत्मा का अनुभव कैसे हो जीव को? दो ही बात कर गए हैं। तीसरी बात उन्होंने की ही नहीं है। (यदि) की हो तो नहीं की के समान है, ऐसा समझो। करते तो अनेक प्रकार की बात हैं, वह तो आवे न? वाणी का योग हो, ऐसा आया करता है। परन्तु मुख्य दो बातें हैं।

और समझने जैसी इस जीवन में दो (ही) बातें हैं। तीसरी बात आये या नहीं आये या थोड़ी आये, उसकी कोई जरूरत नहीं है। हमें कहाँ पंडित

होना है? या दूसरों को समझाना है? हमें अपने स्वरूप को समझकर और कैसे उसका लक्ष करके अनुभव हो- ये दो बातें समझने जैसी हैं। इन दो बातों में - मैं (ये) दो बात तुमसे शोर्ट में (संक्षिप्त में) करता हूँ।

कि पहली बात यह है कि जैसे यह आत्मा है, भगवान आत्मा, इससे छह द्रव्य भिन्न हैं। इसमें तो कोई नकार नहीं कर सकता। छह द्रव्य जगत के हैं, दूसरे अनंतों जीव हैं, अनंतानंत पुद्गल परमाणु, धर्म, अधर्म, आकाश और काल। ऐसे एक आत्मा के अतिरिक्त छः द्रव्य विद्यमान (हैं), (जिनसे) पूरा जगत भरा हुआ है। इसकी ना नहीं है। छह द्रव्य हैं। उन छह द्रव्यों से मैं भिन्न हूँ- ऐसा नहीं लेना। मेरे से छह द्रव्य भिन्न हैं- ऐसा लेना। मेरे द्रव्य में छह द्रव्यों की नास्ति है- ऐसा लेना। उनमें मेरी नास्ति है- ऐसा नहीं लेना। मेरे में वे छह द्रव्य नहीं हैं। और नहीं ही हैं ना वास्तव में? हें? वास्तव में नहीं हैं ना?

देखो, उन छह द्रव्य में उसका यह खोखला- पुद्गल परमाणुओं का देह और आत्मा एक होते तो मनसुखभाई का आत्मा देह को ले जाता साथ में, हें? आपका भांजा गया परन्तु देह ले गया? क्यों? कि उसके आत्मा में देह की नास्ति, देह का अभाव है। आत्मा में छह द्रव्यों का अभाव है, देह का अभाव है, कर्म का अभाव है। पहले इतना लेना। समझ में आया?

द्रव्य की सिद्धि में पहले सामान्य इतना लो कि द्रव्य में परद्रव्य की नास्ति है। अब परद्रव्य की जो नास्ति है, तो परद्रव्य का कार्य कोई कर सकता नहीं। एक द्रव्य दूसरे द्रव्य के परिणाम को कर सकता नहीं, अकर्ता है; अशक्य है। ऐसे दो द्रव्यों की भिन्नता के लिये तुम्हें अकर्ता ऐसे आत्मा की शरण लेनी पड़ेगी। मैं अकर्ता हूँ। जगत के पदार्थ स्वयं परिणमते हैं। मैं उनको कभी, किसी पर्याय को पलटा सकता नहीं। शरीर की पर्याय को पलटा सकता नहीं कोई। नहीं तो शरीर की पर्याय को पलटा सकता हो तो

कोई बीमार ही न पड़े। ऐसा तो कभी बनता नहीं है।

इसलिये आत्मा अकर्ता है खास (main)। इसमें दो द्रव्यों की भिन्नता हुई। अभी भी अकर्ता का स्वरूप थोड़ा बाकी है। जीवतत्त्व की बात करता हूँ पहले। आत्मा का मूल स्वरूप क्या है? अर्थात् कि दृष्टि का विषय क्या है? सम्यग्दर्शन का विषय क्या है? ये बात पहले सीखने जैसी है।

दूसरी बात यह है, (कि) जो कोई शुभाशुभ भाव होते हैं, वे मेरे से भिन्न हैं। उनसे मैं भिन्न हूँ, ऐसा नहीं लेना। मेरे से शुभाशुभ भाव, पुण्य-पाप के भाव, हिंसा-अहिंसा के भाव, मेरे से भिन्न हैं। भाव हैं, भाव हैं परन्तु भिन्नपने हैं। छह द्रव्य नहीं हैं, ऐसा नहीं है, छह द्रव्य हैं परन्तु मेरे से भिन्नपने हैं। छह द्रव्यों का निषेध नहीं है। परन्तु वे मुझसे भिन्नपने हैं, बस।

उसी तरह शुभाशुभ भाव- दया, दान, करुणा, कोमलता के परिणाम आवें, कषाय की मंदता या तीव्र कषाय- क्रोध-मान-माया-लोभ के परिणाम हों। परिणाम हैं, परिणाम का निषेध नहीं है। परन्तु परिणाम मेरे में नहीं हैं। मेरे में वे परिणाम नहीं हैं, इस कारण से जो मेरे में न हो, उसका करना भी मेरे में नहीं होता।

जैसे छह द्रव्य भिन्न हैं मेरे से, और छह द्रव्यों का मैं कर्ता-भोक्ता बन नहीं सकता, अशक्य है। उसीप्रकार अपने में उत्पन्न होनेवाले जो भाव, परिणाम - आस्रव तत्त्व, शुभाशुभ भाव, पुण्य-पाप के भाव, मेरे से वे परिणाम भिन्न हैं अतः मैं उनका कर्ता नहीं हूँ। मेरे में उनकी नास्ति है। परिणाम की परिणाम में अस्ति हो, थोड़े समय। लंबे समय (तक) तो शुभाशुभ भाव रहते भी नहीं हैं, मोक्ष होता है तो वे छूट जाते हैं। परन्तु थोड़े समय रहते हैं ना? भले रहें, तो भी मुझसे वे भिन्न हैं इसलिए मैं उनका कर्ता भी नहीं हूँ और उनके फल का- दुःख का भोक्ता भी नहीं हूँ।

परिणाम है। परिणाम परिणाम को करता है। परन्तु मैं करता नहीं हूँ,

मैं अकर्ता हूँ। परिणाम है, परिणाम परिणाम को करता है अपने षट्कारक से। परिणाम, परिणाम के दुःख को भोगता है। जितनी मात्रा में राग परिणाम में होता है, उतनी मात्रा में उसी समय वह दुःख भोगता है। आगे पीछे नहीं है दुःख का भोगना, यह ध्यान रखना।

यह एक प्रश्न मैंने गुरुदेव को जब अपनाया, खूब परीक्षा करके तब अंदर मैं गया गुरुदेव के पास, एक प्रश्न किया, 'कि गुरुदेव! शुभाशुभ भाव जब होते हैं जीव को अज्ञान दशा में, अज्ञान से तो वह कर्ताबुद्धि से करता है। करता तो नहीं है परन्तु मानता है कि मैं करता हूँ। अर्थात् कर्ताबुद्धि करता है। तो उस समय शुभाशुभ भाव होते हैं, तो उसका उस ही समय भोक्ता है या आगे-पीछे भी भोगने का इसमें होता है?

शुभाशुभ भाव हुए। प्रश्न समझ में आया? या कोई तीव्र कषाय या मंद कषाय के परिणाम तो हो गए। दलीचंदभाई! ख्याल आता है? कि परिणाम तो हुए, उसका निषेध नहीं है। होते हैं परिणाम, हों। तो उस परिणाम का उस ही समय वह कर्ता-भोक्ता है या आगे-पीछे भी कर्ता-भोक्ता की लार आती है? कि नहीं। उस ही समय करे और भोगे, दूसरे समय (में) उसका फल आता ही नहीं है।

मुमुक्षुः- जी हाँ! सही है। महा सिद्धांत हो गया।

उत्तरः- दूसरे समय..., आज भाव करे, भावकर्म, और फल भोगे बाद में! दूसरे समय भोगता नहीं है, तो दूसरी पर्याय में कहाँ से भोगेगा? हाँ, कर्म संयोगरूप से बंधते हैं इसके निमित्त से। भले बंधें, कर्म बंधते हैं, उसकी ना नहीं है. परन्तु वह उस एक समय राग को भोगे और फिर परम्परा से भोगता ही रहे, ऐसे निमित्त बंधते नहीं हैं. नहीं भोगे ऐसे निमित्त बंधते हैं.

यदि भोगे ऐसे निमित्तों में भी बलात्कार भोगने का हो, करने-भोगने का, तो किसी को छूटने का काल आता ही नहीं। कर्म बंधेगें, शुभाशुभभाव

होते हैं, उस ही समय उसके फल को- आकुलता को- दुःख को, वह जीव भोग लेगा। हिसाब समाप्त हो गया। वहाँ खत्म हो गई बात। दूसरे समय दूसरे परिणाम करता है, जैसे परिणाम करता है, उसके दुःख को भोगता है, तीव्र या मंद। जैसे जैसे परिणाम हुआ करते हैं अज्ञानी जीव को, तब तब उस उस परिणाम के फल को वह अकेला भोगता है। परन्तु कौन भोगता है? जीव भोगता है या परिणाम परिणाम को भोगता है?

मुमुक्षुः- परिणाम परिणाम को भोगता है।

उत्तरः- बस! जीव में उसका करना भी नहीं है और भोगना भी नहीं है। भगवान आत्मा को तुम कर्ता-भोक्ता मत देखो। वह तो अकर्ता और ज्ञाता है प्रभु ! आहाहा! ऐसे अकर्ता को देखो तुम। समझ गये?

परिणाम होता है। परिणाम की क्रिया होती है। क्रिया का निषेध नहीं है किन्तु कर्ताबुद्धि का निषेध है। 'मैं करता हूँ' यह निकाल दो। जैसे सब पदार्थ परिणमते हैं तो मैं उनका कर्ता नहीं हूं। होता रहता है सब। जान तू, होता है बस! होने योग्य होता है ऐसा जान। इसीप्रकार परिणाम भी परद्रव्य है। जैसे वे छह द्रव्य परद्रव्य हैं, वैसे परिणाम भी परद्रव्य है। परिणाम स्वयं होता है उसका कर्ता-भोक्ता आत्मा नहीं है। आहाहा! इसलिए पहला पाठ यह है कि आत्मा अकर्ता है। यह जैन दर्शन की पराकाष्ठा है। गुरुदेव ने कहा, भरतभाई।

इसलिए पहले में पहला, तुम्हारा, सभी का द्रव्य-स्वभाव अकारक-अवेदक है। परिणाम में क्रिया होती है, परिणाम में दुःख भोगता है परिणाम, यह बात सच्ची है। परन्तु परिणाम भी दुःख भोगे और जीव भी उसे भोगे, ऐसे एक सत् के दो कर्ता भी नहीं होते और एक सत् के दो भोक्ता भी नहीं होते। सत् दो हैं। परिणाम भी सत् (और) द्रव्य भी सत्। एक त्रिकाली सत् और एक क्षणिक सत्। क्षणिक सत् में जबतक विभाव है तबतक होता है और उसे वह

भोगता है। आगे पीछे कुछ है नहीं। अर्थात् उसका वास्तव में आत्मा ज्ञाता है किन्तु कर्ता-भोक्ता नहीं है। ऐसा लेना पहले चरण में। समझ गये? ऐसा आत्मा है, परिणाम मात्र से भिन्न है। फिर बहुत गहराई में जाओ तो जो निर्मल पर्याय प्रकट होती है वह भी स्वयं होती है। उसे भी आत्मा करता नहीं है और उसका फल आनंद आता है उसे भोगता भी नहीं है आत्मा।

मुमक्षु:- वह आनंद को भी भोगता नहीं है।

उत्तरः- आनंद को (वह) भोगता नहीं है। आनंद को आनंद भोगता है। आनंदमूर्ति भोगता नहीं है। क्योंकि आत्मा स्वभाव से अकारक-अवेदक है। आनंद को भोगता है यह बात सच्ची है, ऐसा आता है शास्त्र में, परन्तु वह व्यवहार का, उपचार का कथन है। नित्य भोजन करते हैं आनंद का। मुनिराज नित्य आनंद का भोजन करते हैं।

वास्तव में भोजन.., त्रिकाली द्रव्य जो निष्क्रिय परमात्मा है वह आनंद को भोगता है या पर्याय पर्याय को भोगती है? पर्याय पर्याय को करती है और पर्याय पर्याय को भोगती है। आनंदमूर्ति परमात्मा, यदि उसे आनंद का भोक्ता तुम मानो, तो आनंद की पर्याय तो नई प्रकट हुई तुम्हें, सम्यग्दर्शन होता है, तब। अब तुम उसको यदि भोक्ता मानते हो, तो पूर्व पर्याय में दुःख था, तो दुःख का भोक्ता हो जायेगा। तो दुःख का भोक्ता.., आनंद के भोक्ता में दुःख के भोक्ता की एकता आयेगी, सम्यक्दर्शन नहीं होगा। ऐसा द्रव्य का स्वभाव है। यह पहला पाठ द्रव्य का है।

दूसरा पाठ इसकी अपेक्षा सूक्ष्म है। यह भी सूक्ष्म है परन्तु यह तो गुरुदेव के प्रताप से खूब बात बाहर आ गई है। त्रिकाली द्रव्य निष्क्रिय है। वजुभाई! आत्मा का लक्षण बाँधा यह कि **निष्क्रिय शुद्ध पारिणामिकः** (समयसार गाथा ३२०, जयसेन आचार्य की टीका), त्रिकाली जो द्रव्य है वह तीनों काल निष्क्रिय है। निष्क्रिय अर्थात् उसमें क्रिया होती नहीं है और बाहर में क्रिया

होती है उसका कर्ता बनता नहीं है। अंदर में, द्रव्य सामान्य में क्रिया होती नहीं है और विशेष पर्याय में क्रिया होती है, उसका वह कर्ता बनता नहीं है । क्योंकि वह स्वयं निष्क्रिय, अकारक है। ऐसी वस्तु स्थिति है।

अर्थात् पर से भिन्न और नैमित्तिक परिणाम से भी भिन्न। कर्म के संग से रागादि होते हैं उससे भी आत्मा भिन्न और जो निर्मल पर्याय होती है उससे भी आत्मा भिन्न है। नौ तत्त्व से भिन्न है आत्मा। नौ तत्त्व के परिणाम हैं। नौ तत्त्व हैं परन्तु मेरे में वे नहीं हैं। मेरे में उनकी नास्ति है। ये अस्ति-नास्ति अनेकांत है अंदरका, द्रव्य-पर्याय के बीच का। ऐसे द्रव्य स्वभाव को, अकारक-अवेदक को, पहले उसे मानसिक ज्ञान द्वारा, 'ऐसा हो सकता है या नहीं? ऐसा होता है या ऐसा होता है?' ऐसे अनेक प्रकार से पहलूओं से निश्चित करके स्वयं निर्णय करना चाहिये। उसमें एक शिष्य ने प्रश्न किया कि आप कहते हो "आत्मा निष्क्रिय है और परिणाम का कर्ता नहीं है", तो कारण बताइये। कोई न्याय, युक्ति हमें दो तो हम स्वीकार कर लेंगे।

तब आचार्य भगवान ने एक युक्ति जबरदस्त दी कि बंध के कारणभूत जो क्रिया, मिथ्यात्व हों ! मिथ्यात्व, अव्रत, कषाय और योग- बंध के कारण, दुःख के कारण, कर्मबंध के निमित्त कारण (और) उनका उपादान कारण खुद पर्याय। उसका कर्ता क्यों नहीं है? बंध के कारणभूत जो क्रिया होती है उसका कर्ता क्यों नहीं है? ऐसा शिष्य का प्रश्न आया।

उत्तर देते हैं कि **तद्रूपो न भवति** (સમયસાર ગાથા ૩૨૦, જયસેનાચાર્યની ટીકા)। रागरूप आत्मा किसी काल में होता ही नहीं है इसलिए राग का कर्ता बनता ही नहीं है। भूतकाल में कर्ता नहीं था, वर्तमान में कर्ता नहीं है और भविष्यकाल, थोड़ा काल रहेगा कदाचित्, थोड़ा, मोक्ष में जाने के पहले, थोड़ा, दो, चार भव, पांच भव, किसी को छह भव। तब तक राग होगा। परन्तु **तद्रूपो न भवति**, उसरूप आत्मा होता नहीं है। इसलिए रागादि का कर्ता किसी भी

काल में नहीं है। (कर्ता) मानता है वह मिथ्यादृष्टि होता है। मानता है कि राग को मैं करता हूँ वह मिथ्यादृष्टि होता है।

अतः आत्मा में राग होता है पर्याय में, परन्तु स्वयं, निसर्गज उसका संस्कृत का शब्द है कि निसर्गज यानि स्वयमेव, स्वयमेव राग उत्पन्न होता है। उसको, उस राग को उत्पन्न करनेवाला जीवद्रव्य नहीं है, कर्म भी उत्पन्न करता नहीं है और कोई ईश्वर कर्ता नहीं है उसका। कोई दूसरा ईश्वर करता है राग को, ऐसा भी नहीं है, कर्म से करवाता है, कर्म करता है, कर्ता होता है ऐसा नहीं और जीव भी उसका कर्ता नहीं है। और क्रिया होती है। उसका निषेध नहीं है। तो उसका कर्ता कौन है? कि परिणाम का कर्ता परिणाम है।

ऐसा जानकर तू अकर्ता में आजा। कर्ताबुद्धि छोड़ दे। क्रिया नहीं छूटेगी। पहले कर्ताबुद्धि छूटती है। राग तो होता रहेगा, थोड़े समय। मुनि होगा तो पांच महाव्रत के परिणाम आयेंगे तुझे, भले आयें। परिणाम होते हैं, उनको होने दे ना? तू दखल क्यों कर रहा है? आहाहा! तू अपनी आत्मा को जानता रह न? वहाँ **होने योग्य होता है** ऐसा जान, और ऐसा जानकर यहाँ जाननहार को जानता रह न? अपने आप परिणाम सुधरेंगे। मोक्ष हो जायेगा तेरा अपने आप। करे बिना मोक्ष हो जायेगा। करे बिना ही मोक्ष होता है।

तब दूसरा प्रश्न शिष्य ने किया कि बंध के कारणभूत जो क्रिया रागादि की है, उसे न करे तो कुछ नहीं, उससे तो दुःख होता है, परन्तु मोक्ष के कारणभूत जो सम्यग्दर्शन-ज्ञान-चारित्र के परिणाम, वीतरागी परिणाम, उनको तो आत्मा करता है न? क्योंकि उनके फल में आत्मा सुख भोगता है। उसकी दृष्टि अभी भी पर्याय के ऊपर है, इसलिए जीव सुख को भोगेगा, ऐसा लिया उसने। तर्क किया! कि नहीं, उसका भी कर्ता नहीं है। कि कारण दो? **तद्रूपो न भवति**। सम्यग्दर्शन-ज्ञान-चारित्र के वीतरागी परिणामरूप आत्मा होता नहीं है। (आत्मा) अपने निजभाव को छोड़ता नहीं और परभाव में (जाता

नहीं)। आहाहा!

प्रकाश ! ऐसी वस्तु है। **तद्रूपो न भवति**, उसरूप होता नहीं है । 'पारिणामिकभाव' अपना स्वभाव, उसे छोड़कर पर्याय के उदयभाव में जाता नहीं है। पर्याय का उदयभाव पर्याय के साथ तन्मय है। और पारिणामिक भाव जीव के साथ तन्मय है। आहाहा! ऐसा स्वरूप है। ऐसा भेदज्ञान करके, परिणाम (मेरे) से भिन्न हूँ, परिणाम मेरे से भिन्न हैं। ऐसा भेदज्ञान करके और आत्मा केवल जाननहार है। केवल जाननहार है। **मैं जाननेवाला हूँ; और करनेवाला नहीं हूँ**। ये स्टीकर खत्म हो गये हैं। हमें स्टीकर छपाने की जरूरत है, हों!

मुमुक्षुः- हैं। बहुत हैं।

उत्तरः- हैं? लाओ ना थोड़े। लाओ। **मैं जाननेवाला हूँ; मैं करनेवाला नहीं हूँ**। दलीचंदभाई ! सब होने योग्य होता है। समझ गये? हाँ, आर्य जीव को दया का भाव आता है। क्योंकि दुष्काल पड़ा और दलीचंदभाई को भाव आया कि भाई, घास चारों तरफ से इकट्ठा करो ना। ऐसा दया का भाव आता है, करुणा का। परन्तु करुणा का भाव दलीचंदभाई की आत्मा ने किया या होने योग्य हुआ था?

मुमुक्षुः- होने योग्य हुआ था।

उत्तरः- यदि उस परिणाम को मैंने किया (ऐसा माने) तो मिथ्यात्व (है)। वे परिणाम होने योग्य हुए। परिणाम आने योग्य आये। समझ गये ? लेकिन तुम, तुम उसके कर्ता नहीं हो। आहाहा! यदि परिणाम, एक राग के अंश, का कर्ता माने तो पूरे विश्व का कर्ता बन गया, कर्ताबुद्धि। वह छूटने का अवसर नहीं है उसे। अर्थात् आत्मा परिणाम से भिन्न है और परद्रव्य से भिन्न है।

मेरे से परिणाम भिन्न है और परद्रव्य भिन्न है। ऐसा भेदज्ञान करके

और त्रिकाली स्वभाव जो दृष्टि का विषय है, वह पहले लेने की जरूरत है बस! यह पैंतालीस वर्षों का गुरुदेव का उपदेश यह है कि पुण्य-पाप के परिणाम से आत्मा भिन्न है। चौदह गुणस्थान से भी भिन्न है। चौदह मार्गणास्थान से भी भिन्न है। अर्थात् 'नहीं करता' उसका कारण, कि मुझसे जो भिन्न हो उसे नहीं किया जा सकता। और दूसरा 'नहीं करता' उसका कारण, कि मैं निष्क्रिय हूँ। मैं क्रिया को क्यों करुँ? मैं क्रिया को यदि करूँ तो मेरा निष्क्रियपना छूट जाये। जीव तत्त्व का अभाव हो जाये, करने जाये तो। इसलिए कर्ता नहीं है। ऐसा अकारक-अवेदक त्रिकाली स्वभाव, दृष्टि का विषय, उसे मूल बारम्बार विचार करके लक्ष में लेना।

दूसरी बात, कर्म बंधते हैं, अज्ञानी जीव को कर्म का, नये कर्म का बंध होता है, शुभाशुभ भावरूप परिणमता है तो कर्म बंध होता है। उस कर्मबंध में कर्म का बंध कौन करता है? जीव करता है? या कर्म का बंध कर्म से होता है? और कर्म का बंध कर्म से होता हो तो उसमें निमित्त कारण कौन है? खोजो। कर्म का बंध उसकी उपादान शक्ति से होता है, तो उसका निमित्तकर्ता कौन है? कि अज्ञानी का जीव?

अज्ञानी का जीव निमित्त नहीं है। अज्ञानी का अज्ञानभाव, एक समय का मिथ्यात्व, वो निमित्त है। आहाहा! एक अंश निमित्त है। दूसरा अंश निमित्त नहीं होता, किसी भी काल में। इसलिए आत्मा कर्म के बंध में निमित्त तक हो, ऐसा उसका स्वभाव नहीं है। आहाहा! कर्ता तो बनता ही नहीं क्योंकि **तद्रूपो न भवति**, जड़रूप तो होता नहीं परन्तु निमित्तपने का (भी) अभाव है आत्मा में।

मुमुक्षुः- निमित्त भी नहीं?

उत्तरः- निमित्त बिलकुल नहीं है। माने तो भी नहीं। (यदि) माने तो उसका अज्ञान है। परन्तु तो भी जीवतत्त्व, भगवान (आत्मा), कर्म के बंध में

निमित्त नहीं होता। यदि भगवानतत्त्व भगवान निमित्त होवे तो नित्य निमित्तकर्ता का दोष आने से किसी भी काल में कर्म के बंध से छूट सके नहीं। कर्म का बंध होता है, उसमें निमित्त कारण है, किन्तु मैं निमित्त नहीं हूँ । यदि तुम निमित्त बांधो तो तुम कर्ता हो गये, कर्म के, राग के और पर के।

उसमें एक व्यक्ति से मैंने ये सारी बातें करने के बाद प्रश्न किया। बातें खूब की, फिर, करने के बाद कहा, नाम लेकर। भाई! मैंने कहा, पूर्व में तुम्हारा आत्मा यहाँ आया तब आयुष्य बंधी थी। आठ कर्म में आयुष्य का बंध होता है ना? तो आयुष्य का बंध तो तुमने ही किया ना? या आयुष्य के बंध में तुम्हारा आत्मा निमित्त हुआ तभी यहाँ (आयुष्य का) बंध हुआ ना? क्योंकि ऐसे ही कहीं बंध नहीं होता, मैंने कहा। कि हाँ, वह तो हमारा आत्मा बंध में निमित्त हुआ। तो मैंने कहा, भविष्य में तुम स्वर्ग में जाओ, और कर्म बंधें, ऐसे ऊँचे, तो उसमें भी तुम्हारा निमित्तपना होगा? तो कहा, हाँ ! मेरा निमित्तपना है सही। मैंने कहा तुम्हारी बड़ी भूल हो गई है।

कर्म के बंध में आत्मा निमित्त होता नहीं है। आत्मा किसे कहते हैं? परमात्मा है ये तो। आहाहा! परमात्मा को कर्म के बंध का तुम कारण मानोगे, (तो) तुम्हें परमात्मा दृष्टि में नहीं आयेगा। आहाहा! परमात्मा का अपमान किया, अनादर किया तुमने। जो ज्ञाता है उसको निमित्तकर्ता माना तुमने। दृष्टि विपरीत है।

आज तक किसी जीव ने कर्म बाँधे नहीं हैं और कर्म बंध में निमित्त (हुए ही नहीं हैं)। ऐसा भगवान आत्मा है। छबीलभाई! यह जरा यह करने जैसा है, हों! आहाहा! जीवकुर बहन! गुरुदेव ने तो निहाल कर दिया है। यह विषय गुरुदेव ने दिया है। तुम्हारी ये माँ हैं। हमारी भी माँ हैं। क्या नाम है इनका?

मुमुक्षुः- इंदिरा बहन !

उत्तरः- इंदिरा बहन! आहाहा! भगवान आत्मा हो! दो बात की, कि जीवतत्त्व का स्वरूप क्या है? भगवान आत्मा का स्वरूप क्या है? और फिर दूसरी बात की कि उसका अनुभव कैसे हो? और आत्मा के अनुभव के बिना किसी काल में भव का अंत किसी को आनेवाला नहीं है। चाहे जितनी क्रिया करे पुण्य की, आहाहा! नवमी ग्रैवेयक (तक) भी जाये नग्न दिगंबर मुनि होकर, आहाहा! परन्तु **जो स्वरूप समझे बिना पाया दुःख अनंत** ।

आहाहा! उस दुःख के नाश का उपाय तो आत्मा को लक्ष में लेना, आत्मा का अनुभव करना वह है। उसमें भी आता है बनारसीदास में, **अनुभव चिंतामनी रतन**। बोलो !

अनुभव चिंतामनी रतन, अनुभव है रसकूप ।
अनुभव मारग मोख कौ, अनुभव मोख सरूप ।।१८।।

आहाहा! अनुभव से ही मोक्षमार्ग की शुरुआत होती है, ज्ञान का अनुभव। अज्ञान का अनुभव, राग का अनुभव तो अनंतकाल से करता आया है। वो अनुभूति नई नहीं है। परन्तु यह अनुभूति, ज्ञान की अनुभूति, नई है। ज्ञान की अनुभूति कहो, आनंद की अनुभूति कहो, एक ही बात है।

अब एक यह द्रव्यस्वभाव की मैंने बात की। अब उसका अनुभव कैसे हो? द्रव्यस्वभाव की जिसको भूल है उसे तो अनुभव होने का अवकाश ही नहीं है। परिणाम से सहित मानता है। 'परिणाम को मैं करता हूँ'- इसप्रकार परिणाम के साथ स्व-स्वामी संबंध बांधता है, उसे तो भेदज्ञान भी नहीं है। इसलिये उसकी तो बात क्या करनी?

परन्तु ऐसा द्रव्यस्वभाव ख्याल में आने के बाद, कि दृष्टि का विषय तो हमें ख्याल में आया, मेरे से पूछते हैं बहुत लोग कि अनुभव क्यों नहीं होता? फिर मैं इस दूसरे पाठ की बात उनसे करता हूँ। तो 'वो ऐसे कैसे होगा?' ऐसा प्रश्न करते हैं। मैं अभी कहनेवाला हूँ, अनुभव कैसे होता है? कि

ज्ञान की पर्याय में ही आत्मा का अनुभव होता है। ज्ञान आत्मा को जानता है और जानता है उसीकी प्रतीति होती है। बिना जाने हुए की प्रतीति नहीं हो सकती। इसलिये पहले अपने ज्ञान में आत्मा जानने में आता है, अनुभव में आता है और उस समय प्रतीति, श्रद्धा होती है।

अब उस ज्ञान की पर्याय में उसने ऐसा माना है.., पूर्वोक्त में वह परिणाम का कर्ता मानता था। अब ज्ञान की पर्याय में क्या मानता है? कि पर का मैं ज्ञाता हूँ, ऐसा मानता है। जब तक अभिप्राय में ऐसा है कि मैं पर का जाननेवाला हूँ, पर का ज्ञाता हूँ तब तक तुम्हारा उपयोग, तुम्हारा ज्ञान बाहर भटकेगा। परन्तु अंदर में उपयोग नहीं आयेगा। क्योंकि तुमने अपना ज्ञेय बाहर स्थापित किया।

ज्ञान भी अंदर है और ज्ञेय भी अंदर है। आत्मा ही ज्ञेय है। आत्मा आत्मा को जाननेवाला है, उसके बदले पर में तुम्हारा उपयोग गया कि इसको जानूँ, इसको जानूँ, इसको जानूँ। तो फिर मेरे सामने तर्क आता है कि स्वपरप्रकाशक तो है, तो पर को जानना वह तो ज्ञान का स्वभाव है, और (जो) स्वभाव हो, उसका तुम क्यों निषेध करते हो? मैंने कहा कि पर को जानना वह विभाव है, स्वभाव नहीं है। हें? पर को जानना विभाव? हाँ, विभाव नहीं, मिथ्यात्व है! पर को जानने का जो अभिप्राय है, रूचि है उसे मिथ्यात्व कहा है भगवान ने। उसे अध्यवसान कहा है। अनुभव होने के बाद, अनुभव होने के बाद वह भावेन्द्रिय पर को जानेगी परन्तु "मैं पर को जानता हूँ" ये निकल जायेगा। भावेन्द्रिय रहेगी थोड़े समय तक।

अतीन्द्रिय ज्ञान प्रकट होता है। अभी तक अज्ञानी के पास एक ही ज्ञान है, इन्द्रियज्ञान। अनुभव होने के बाद दो ज्ञान होते हैं, एक अतीन्द्रियज्ञान अंशरूप और अंशरूप इन्द्रियज्ञान भी रहता है। जबतक केवलज्ञान नहीं होता तबतक साधक के दो प्रकार की ज्ञान की धारा होती है। एक ज्ञानचेतना

और एक कर्मचेतना। अतीन्द्रियज्ञान में आत्मा अनुभव में आता है उसका नाम ज्ञानचेतना है और जो इन्द्रियज्ञान और राग होता है उसका नाम कर्मचेतना है। उस कर्मचेतना और ज्ञानचेतना की जुदाई उसे ख्याल में आ जाती है। ख्याल आता है इसलिए उस कर्मचेतना में आत्मबुद्धि होती नहीं है और ज्ञानचेतना आत्मा को जानती रहती है।

उस आत्मा का अनुभव, जब तक मैं पर को जानता हूँ (ऐसा माने), तब तक आत्मा का अनुभव नहीं होगा। एक बात। और स्वपर दोनों को जानता हूँ (ऐसा माने), तब तक अनुभव नहीं होगा। एकमात्र ज्ञान में मुझे ज्ञायक ही जानने में आता है, दूसरा कुछ जानने में आता ही नहीं। अकेले ज्ञान का स्वभाव निश्चय से, स्वभाव से स्वप्रकाशक ही है। परप्रकाशक भी नहीं है और स्वपरप्रकाशक भी नहीं है। ये बात थोड़ी सूक्ष्म है यह। यह बात थोड़ी सूक्ष्म है। बहुत प्रचलित भी नहीं है, सूक्ष्म है।

अब स्वपरप्रकाशक की जो बात आती है, स्वपरप्रकाशक है सही। परन्तु स्वपरप्रकाशक के विषय में बहुत भ्रांति चालू हो गई है। पहले तो स्वप्रकाशक लो। कि ज्ञान, जो उपयोग बहिर्मुख होकर पर की प्रसिद्धि करता था, उस उपयोग को अंदर में मोड़ो और मोड़कर आत्मा को जानो तो अनुभव करो। तो उसका नाम स्वप्रकाशक ज्ञान कहलाता है। और स्वप्रकाशक जो ज्ञान है वह अतीन्द्रिय ज्ञान है। और उसमें आत्माका अनुभव होता है। स्वप्रकाशक में। नंबर-१।

अब जब आत्मा को आत्मा का निर्विकल्प अनुभव होता है वह स्वप्रकाशक, निर्विकल्प ध्यान में ही प्रकट होता है। सविकल्प में प्रकट नहीं होता। प्रकट होने के बाद (सविकल्प में भी) रहता है परन्तु (सविकल्प में) प्रकट होता (नहीं)। यह दूसरा पाठ जरा सूक्ष्म है। कि क्या पर को नहीं जानता? कि नहीं जानता, ले! जाननहार जानने में आता है।

यह इन्द्रियज्ञान की पुस्तक प्रकाशित हुई है न उसमें.... लाओ ना वह पुस्तक। उसमें बताओ न, **भगवान ! तू पर को जानता ही नहीं है!** , गुरुदेव ने कहा है। एक पुस्तक ले लो। निकालो तो २७६ कितना? तुम निकालो न, २७६ पॉइंट (बिंदु)। पॉइंट नंबर -२७६। बीच में पॉइंट होता है। पढ़ो।

मुमुक्षु:- **यहाँ तो कहते हैं - भगवान! तू पर को जानता ही नहीं है। भगवान लोकालोक को जानते हैं ऐसा कहना वह तो असद्भूत व्यवहार है ।**

उत्तर:- झूठा व्यवहार है। असद्भूत अर्थात् झूठा अर्थ हुआ न? झूठा व्यवहार। सच्चा व्यवहार भी नहीं। निश्चय तो नहीं (परन्तु) सच्चा व्यवहार भी नहीं।

मुमुक्षु:- असद्भूत में डाला है।

उत्तर:- असद्भूत में डाला है। आहाहा!

मुमुक्षु :- वैसे तो व्यवहारमात्र ही झूठा है।

उत्तर:- (व्यवहारमात्र) झूठा है वैसे तो, तो भी..

मुमुक्षु:- लेकिन ये तो असद्भूत व्यवहार यानि झूठे में झूठा।

उत्तर:- हाँ। झूठे में झूठा है। ये किसके वाक्य हैं ?

मुमुक्षु:- गुरुदेव के।

उत्तर:- यदि तुम..., आहाहा! ये गुरुदेव विराजमान हैं। इसकी लाइट होती है वो करो न? सभी दर्शन करें। दर्शन कराओ सभी को, आहाहा! स्वर्ग में से यहाँ पधारते हैं। लो! ये पधारे। देखो!

मुमुक्षु:- श्री सद्गुरुदेव की जय हो।

उत्तर:- इसमें यह क्या वाक्य लिखा हुआ है? पढ़ो न क्या लिखा है बहन?

मुमुक्षु:- **सिद्ध हैं वे ज्ञाता-दृष्टा हैं**

उत्तरः- **सिद्ध** भगवान **हैं वे ज्ञाता-दृष्टा हैं।**

मुमुक्षुः- **उसीप्रकार तू भी जानने-देखनेवाला ही है।**

उत्तरः- **"ही" है**। ऐसा। सिद्ध की तरह **तू भी जानने-देखनेवाला (ही) है** । आगे?

मुमुक्षुः- **अधूरे-पूरे का प्रश्न ही नहीं है।**

उत्तरः- **अधूरे-पूरे का प्रश्न** मत करना। कि मेरा ज्ञान अधूरा है इसलिये मैं नहीं जानता और केवली जानते हैं, ऐसा नहीं। जाननहार ही है तू। आगे?

मुमुक्षुः- **ज्ञाता-दृष्टा से किंचित् भी हटा तो कर्तृत्व में ही गया**। उत्तरः- ज्ञाता के बदले कर्ता माना, हटा ज़रा-सा स्वभाव से, तो..

मुमुक्षुः- **कर्तृत्व में ही गया**।

उत्तरः- **कर्तृत्व में ही गया**।

मुमुक्षुः- **अर्थात् सिद्ध से पृथक हो गया।**

उत्तरः- अर्थात् सिद्ध भगवान से, जानने-देखनेवाले से, तू पृथक हो गया, तो..

मुमुक्षुः- **एक क्षण सिद्ध से पृथक हो** ।

उत्तरः- एक समय पृथक हुआ सिद्ध से तू, तो..

मुमुक्षुः- **वह मिथ्यादृष्टि है, यह यथार्थ बात है।**

उत्तरः- दलीचंदभाई! मिथ्यादृष्टि! यह गुरुवाणी (है) हों! आहाहा! बोलो, ऐसे गुरु मिले और (हम) कर्ताबुद्धि रखें, तो हम गुरु के शिष्य कहलाने लायक नहीं गिने जाते। हें?

मुमुक्षुः- सही बात है।

उत्तरः- और हम गुरु के शिष्य हैं। गुरु कहते हैं भगवान! तू पर को नहीं जानता। और हम ऐसा मानें कि मैं पर का जाननेवाला हूँ, तो वह

गुरुशिष्य नहीं है। (वह) गुरु का शिष्य नहीं गिना जाता। आहाहा! **भगवान, तू पर को जानता ही नहीं है** , **ही** लगाया है। कथंचित् जानता है पर को और कथंचित् नहीं जानता, ऐसा नहीं है।

मुमुक्षुः- जानता ही नहीं है।

उत्तरः- जानता ही नहीं है। आहाहा! केवली भगवान लोकालोक को जानते हैं (ये) असद्भूत व्यवहार, झूठा व्यवहार है। केवली केवलज्ञान को जानते हैं यह सद्भूत व्यवहार है और केवली पर को (लोकालोक को) जानते हैं यह झूठा, असद्भूत व्यवहार है। दो प्रकार के व्यवहार हैं। आश्रय के लिये तो दोनों ही (व्यवहार) अभूतार्थ हैं परन्तु जानने के लिये लो, जानने के लिये लो तो श्रुतज्ञान को जानते हैं। श्रुतज्ञानी शुद्धात्मा को जानते हैं वह निश्चय और श्रुतज्ञान को जानते हैं वह व्यवहार परन्तु पर को तो (जानते ही नहीं)।

मुमुक्षुः- जानते ही नहीं! वाह! वाह! बहुत सुन्दर!

उत्तरः- श्रुतज्ञान द्वारा केवल शुद्धात्मा को जानता है वह श्रुतकेवली है, परमार्थ है। और वह साधक श्रुतज्ञान को जानता है वह व्यवहार है। परन्तु उस व्यवहार ने भी परमार्थ का प्रतिपादन किया क्योंकि श्रुतज्ञान है वह सब आत्मा (ही) है। इतना व्यवहार ले परन्तु इससे आगे झूठे व्यवहार में मत जा। अपने भेद को जाने वह सद्भूत व्यवहार (है)। पर को जाने तो असद्भूत व्यवहार है। आहाहा! यह गुरुवाणी है।

यह दूसरा पाठ कठिन है कि आत्मा पर को जानता ही नहीं। इस बात पर खूब ऊहापोह हुई हमारे सामने। समझ में आया? परन्तु तीन ज्ञानी स्वर्ग में से आये (हमारी) मदद करने। प्रवचनसार गाथा नंबर-११४, **अद्वितीय चक्षु**, वह पुस्तक बाहर आई। फिर तीन ज्ञानियों के सामने कौन ना कहे?

कुन्दकुन्द भगवान कहते हैं कि पर्यायार्थिक चक्षु सर्वथा बंद कर दे। अमृतचंद्राचार्य कहते हैं अपने परिणाम को जानना बंद कर दे। करता तो है

ही नहीं। वह तो प्रश्न ही नहीं है अब। परन्तु तू अपने परिणाम को जाननेवाला (भी) नहीं है। बंद कर दे जानना। आहाहा! और गुरुदेव ने इसके ऊपर प्रवचन दिया कि परिणाम को जानना बंद कर दे।

साहब! परिणाम का तो विवेक करना चाहिये न? राग होता है, राग को जानूँ तो कषाय को मंद (करुँ न)? अरे! जानना बंद कर दे, यदि तुझे भगवान के दर्शन करने हों तो! भटकना हो तो तेरी मरजी। आहाहा!

वह **अद्वितीय चक्षु** (पुस्तक) बाहर आई न, उससे सारा वातावरण ठंडा हो गया। कठिन विषय है। उसमें गलती नहीं है किसी की। किसी की गलती नहीं है। यह जो है न, यह तो अपनी योग्यता हो न तब स्वप्रकाशक के पक्ष में आता है। स्वप्रकाशक प्रकट हो जाय तो तो सम्यग्दर्शन हो जाये। अभी तो परप्रकाशक या स्वपरप्रकाशक के- व्यवहार के पक्ष में पड़े हैं (जीव)। आहाहा!

**जाननहार ही जानने में आता है, दूसरा कुछ जानने में ही नहीं आता।** (ऐसा) ले न, (तो) काम हो जायेगा तेरा। आहाहा! पहले, स्वपरप्रकाशक की बात अब उठाई है, तो पहले स्वप्रकाशक लेना। कि मेरे ज्ञान में तन्मयपने ज्ञायक भगवान आत्मा ही निरंतर बाल-गोपाल सभी को जानने में आता है। तो मैं भी बाल-गोपाल जैसा हूँ। तो मुझे भी मेरे ज्ञान में भगवान आत्मा जानने में आता है, इसप्रकार भगवान ने मेरे ज्ञान में मेरा आत्मा जानने में आता है- ऐसा देखा है।

भगवान ने, सर्वज्ञ भगवान ने क्या देखा मेरे विषय में? मेरे विषय में क्या देखा? कि इस जीव के वर्तमान ज्ञान में इसका भगवान आत्मा जानने में आता है- ऐसा उन्होंने जाना और वाणी में (आया है)। प्रकाश! तेरे ज्ञान में तेरा आत्मा जानने में आता है, ऐसा वाणी में आया। वह तो दिव्यध्वनि है, उसमें नाम बाम नहीं (होता), यह तो मैं उदाहरण के तौर पर (कहता हूँ)। इसप्रकार

सभी समझ लेना। समझ गये? प्रकाश का नहीं, सभी का है। सभी के ज्ञान में भगवान आत्मा जानने में आता है। इसका अर्थ (है कि) पर जानने में नहीं आता। इसका नाम स्वप्रकाशक ज्ञान है।

स्वप्रकाशक ज्ञान प्रकट होता है तब निर्विकल्प ध्यान में आत्मा अनुभव में आता है। उस समय आनंद का स्वाद आता है। उस ही समय वजुभाई, स्वपरप्रकाशक प्रकट होता है। निर्विकल्प ध्यान में ही, निश्चय स्वपरप्रकाशक (प्रकट होता है)। उसमें निश्चय स्वप्रकाशक, निश्चय शब्द। दूसरे में भी निश्चय, निश्चय परन्तु स्वपरप्रकाशक। दूसरे में निश्चय क्यों लिया स्वपरप्रकाशक में? क्योंकि अपना ज्ञान अपने को भी जानता है और ज्ञान में आनंद आया उसे भी जानता है। तो ज्ञान की अपेक्षा से, ज्ञान स्व है और आनंद भी जानने में आया तो आनंद पर है। दूसरा गुण हुआ अंदर का, इसलिए उसे पर कहते हैं । ऐसा स्वपरप्रकाशक निर्विकल्प ध्यान में। निर्विकल्प ध्यान में ये दो स्थितियां होती हैं।

जब वह साधक सविकल्प में आता है तब अपना आत्मा भी जानने में आता है, जानता है और परपदार्थ का (भी) प्रतिभास उसमें होता है इसलिए व्यवहार स्वपरप्रकाशक । यह व्यवहार आया। निश्चयपूर्वक व्यवहार। स्वपरप्रकाशक भी कथंचित् है। स्वपरप्रकाशक सर्वथा नहीं है। स्वपरप्रकाशक, (स्वप्रकाशक में) अंदर में अनुभव होता है और स्वपरप्रकाशक निश्चय प्रकट होता है ऐसे साधक को स्वपरप्रकाशक का व्यवहार उत्पन्न होता है। ये तीन प्रकार साधक के भजते हैं।

दूसरा एक स्वपरप्रकाशक है । समस्त जीवों के ज्ञान में स्वपरप्रकाशक है। निगोद के जीव की ज्ञानपर्याय भी स्वपरप्रकाशक है, परन्तु वह प्रतिभासरूप है। स्वपर का, दोनों का प्रतिभास होता है, परन्तु अज्ञानी जीव सामान्य का तिरोभाव करता है और विशेष ज्ञेयाकार ज्ञान का

आविर्भाव करके, उसके प्रतिभास का लक्ष्य करके अज्ञानी बन जाता है । यह भी एक निगोद तक सभी में है। स्वपरप्रकाशक की ज्ञप्ति। यह चौथा प्रकार कहा।

तीन प्रकार ये कहे और एक प्रकार चौथा कहा। सभी के, सर्व जीवों के स्वपरप्रकाशक (है)। स्वपरप्रकाशक अर्थात् स्व और पर का प्रतिभास होता है, उसके ज्ञान की स्वच्छता में। ज्ञान की स्वच्छता है। भले तीव्र मिथ्यात्व हो, रागद्वेष तीव्र होते हों उसके परिणाम में, परन्तु उस परिणाम से भिन्न एक उपयोग लक्षण है आत्मा का, और वह उपयोग स्वच्छ है। शुद्ध भी नहीं कहलाता और अशुद्ध भी नहीं कहलाता, स्वच्छ (कहलाता है)।

शुद्ध उपयोग नहीं कहलाता है। उसीप्रकार अशुद्ध तो कभी होता ही नहीं है और स्वच्छपना छूटता नहीं है। उस स्वच्छ पर्याय में अपना ज्ञायक भी जानने में आता है और परपदार्थ भी- रागादि, देहादि प्रतिभासित होते हैं। प्रतिभास समझे न? जैसे दर्पण में दर्पण का दल प्रतिभासता है और मोर आदि या अग्नि आदि का भी प्रतिभास होता है। ऐसे दो प्रकार के प्रतिभास एक समय की स्वच्छ पर्याय में होते हैं। उसमें भेदज्ञान है। ओहोहो! मेरा आत्मा मुझे जानने में आता है। वह जो जानने में आता था उसका आविर्भाव कर लेता है। और जो 'पर जानने में आता है मुझे' वह भ्रांति थी (वह) निकल जाती है और अनुभव हो जाता है।

ऐसा स्वपरप्रकाशक प्रतिभास तो सभी जीवों के है। उसी के अंदर भेदज्ञान करना है। कि स्व जानने में आता है और पर जानने में नहीं आता। तब जो पहला बोल मैंने कहा स्वप्रकाशक का, वह खड़ा होता है । उसमें अनुभव हो जाता है। और फिर उसमें निश्चय से स्वपरप्रकाशकपना प्रकट होता है।

मुमुक्षुः- वह आ जाता है ।

उत्तरः- वह आ जाता है, साथ में ही, एक समय में। ऐसी परिस्थिति है। है थोड़ा, ज्यादा तो कुछ है नहीं। छह महीने का अभ्यास करने को कहा है ना? तीन-तीन महीने के दो हिस्से कर दो। पहले "कर्ता नहीं, अकर्ता हूँ" इसका अभ्यास करो। फिर अगले तीन महीने में "जाननहार जानने में आता है, वास्तव में पर जानने में नहीं आता।" लो! इसमें है।

**मैं जाननेवाला हूँ, मैं करनेवाला नहीं हूँ।**

**जाननहार जानने में आता है, वास्तव में पर जानने में नहीं आता।**

यह, तुम उठोगे तब सभी को प्रसादी दे देंगे । ज्ञानी के वचन हैं ये। आहाहा! यह इम्पोर्टेड (imported) माल है। सीमंधर भगवान की सीधी वाणी है। वह शास्त्रों में है। गुरुदेव ने कहा है।

इसलिये ठीक है। मनसुखभाई के स्वर्गवास के निमित्त पर धर्मध्यान है न वो दुःख को दूर करता है। उतनी देर उनको मानसिक शांति होती है। उस जीव के वियोग का खेद भी निकल जाता है, जब उपयोग आत्मा के विचार में लगता है तब सगे-संबंधियों को उस प्रकार की उन्हें सांत्वना होती है। और यदि मार्ग पर चढ़ जाये तो काम हो जाये।

वरना जीवतत्त्व की भूल है। कर्ताबुद्धि जीवतत्त्व की भूल है। और ' मैं पर का ज्ञाता हूँ ' यह संवर (तत्त्व) की भूल है। इसमें आस्रव प्रकट होगा, संवर प्रकट नहीं होगा ।

मुमुक्षुः-पर का ज्ञाता जानेगा तब तक संवर प्रकट नहीं होगा ।

उत्तरः- पर की तरफ ही उपयोग जायेगा। आत्मा की तरफ उपयोग आयेगा (ही) नहीं। "मैं पर का ज्ञाता हूँ" यह शल्य अनंतकाल से है।

पर की कर्ताबुद्धि और पर की ज्ञाताबुद्धि, ये दो दोष हैं। परिणाम की कर्ताबुद्धि और परिणाम की ज्ञाताबुद्धि। इसलिए परिणाम को जानना बंद, इसीलिए कराया। ११४ में सर्वज्ञ भगवान ने बंद कराया। अपने परिणाम को

जानना बंद कर दे न, और आत्मा की दृष्टि (कर)। एक ऐसा जात्यांतर ज्ञान प्रकट होगा तुझे, कि जिसमें भगवान आत्मा तुझे जानने में आयेगा।

गुरुदेव के प्रवचन छप गये हैं। वह पुस्तक बहुत अच्छी है, **अध्यात्म प्रवचन रत्नत्रय**। उसमें तेरह व्याख्यान हैं। नौ व्याख्यान गाथा ३२० के ऊपर हैं, और तीन व्याख्यान हैं- इस पर (प्रवचनसार गाथा ११४) और एक व्याख्यान २७१ कलश पर। ऐसे तेरह प्रवचन (हैं)। तेरापंथी के तेरह व्याख्यान और केवलज्ञान हो जाये, तेरहवाँ गुणस्थान आये, ऐसी पुस्तक है। लाइफटाइम (जीवनभर) पढ़ने जैसी है । लाइफटाइम।

आज दो बातें मैंने की ना, कर्ताबुद्धि छूटे और ज्ञाताबुद्धि छूटे, वह उसमें ही है। उसका सार तुम्हें बताया। अब समय हो गया। बहन कोई भजन सुनाये अतः (चलो समाप्त करें)। आहाहा! कैसा मंत्र दिया गुरुदेव ने ! सिद्ध की श्रेणी में रखा सभी को। सिद्ध से भिन्न मत पड़ना। पड़ेगा तो भटक मरेगा, ऐसा कहा। यह आत्मधर्म में आयी हुई बात है, हों! नीचे लिखा हुआ है। क्या (लिखा हुआ है)? नीलम पढ़ो, आत्मधर्म।

मुमुक्षु:- आत्मधर्म नहीं लिखा है।

उत्तर:- नहीं न, गुरुदेव की वाणी। सही है। आत्मधर्म का एक अंक निकला है उसमें चौथे बोल में है। मेरी पुस्तक में वह नाम है।

मुमुक्षु:- मार्च का अंक है।

उत्तर:- मार्च, ऐसा कुछ है। सीधी गुरुदेव की वाणी है। कर्ता का भूत चढ़ा है। मैं करूँ, मैं करूँ वह ही अज्ञानता, बस! स्वयं होता है। मानता है कि मैं करता हूँ।

मुमुक्षु:- कर्ता का भूत तो जरा ढीला पड़ जाता है परन्तु ज्ञाता का भूत ढीला होना बहुत कठिन पड़ता है।

उत्तर:- बहुत कठिन है। अत्यंत कठिन है। इसलिये ही यह पुस्तक

बाहर निकाली है। क्योंकि इन्द्रियज्ञान को अपना मानता है तब तक ज्ञाता पर में रहता है, अंदर में नहीं आता। उसे ज्ञान माना है न?

खूब ऊहापोह हुआ था हमारे सामने, आठ-नौ वर्ष पहले। भले हो। (किन्तु) बात पलट जाये ऐसी नहीं है। अनुभव करना हो तो तुझे व्यवहार का निषेध करना पड़ेगा, असद्भूत व्यवहार का। पर को (जानने का), असद्भूत व्यवहार का निषेध। क्या हो? (जिसकी) योग्यता हो उसे गुरुवाणी निमित्त होती है। योग्यता न हो (तो) श्री गुरु क्या करें? उन्होंने तो धुआँधार वाणी दी है।

मुमुक्षुः- पैंतालीस वर्ष।

उत्तरः- बरसात बरसी, बरसात। जब छठा काल पूरा होता है और पाँचवां काल अच्छा आता है न। फिर चौथा (काल) अच्छा आता है तब सात-सात दिन की सात (प्रकार की) बरसात होती हैं। ऐसे यह सात गुना सात उनचास (७ x ७=४९) वर्ष उन्होंने व्याख्यान दिये । उनचास वर्ष। पैंतालीस वर्ष में चार वर्ष और जोड़ दो। घनघोर बरसात बरसाई, हें? तू ज्ञाता है, भाई! कर्ता नहीं है बापू ! भगवान तू तो जाननेवाला है न? आहाहा! करनेवाला नहीं भाई! तू तो जाननेवाला है न? फिर (उसने) पकड़ा कि मैं जाननेवाला हूँ, तो पर का जाननेवाला (हूँ ऐसा पकड़ा)। अरे! नहीं-रे-नहीं! जाननहार को जानता है, (पर को नहीं)।

आत्मा, ज्ञाता की व्याख्या आयी है २७१ कलश में। ज्ञाता किसको कहते हैं? स्वयं स्वयं को जानता है इसलिये आत्मा का नाम ज्ञाता है। पर को जानता है इसलिये ज्ञाता है ऐसा है ही नहीं। आहाहा! परन्तु व्यवहार से चिपक गए जीव, निश्चय को छोड़ दिया।

बोलो, एकाध भजन सुनाओ । यहां जैसे मंदिर में बैठे हों ना ऐसा लगता है, हें?

मुमुक्षुः- हाँ जी, एकदम ऐसा लगता है।

उत्तरः- छोटा मंदिर।

जाणनार नो रंग बरस रह्यो रे,
मैं भींग गयो आहा मैं भींग गयो रे। (२)
जाणनार ही मुझको जणाई रह्यो रे,
मैं जान रह्यो आहा मैं जान रह्यो रे।
जाणनारनो रंग बरस रह्यो रे,
मैं भींग गयो आहा मैं भींग गयो रे।
अनंत शक्तिमयी ध्रुव आतम, शक्ति अनंतोमयी एक आतम,
जाणनार है शाश्वत परमातम,
मैं तो शक्तिमयी द्रव्य में प्रसर गयो रे। (२)
मैं भींग गयो आहा मैं भींग गयो रे। (२)
कारक वेदक नहीं है रे आतम। जाणनार है शाश्वत परमातम,
पारिणामिक शुद्ध विलस रह्यो रे। (२)
मैं भींग गयो आहा मैं भींग गयो रे।
जाणनार नो रंग बरस रह्यो रे,
मैं भींग गयो आहा मैं भींग गयो रे। (२)
आनंदमयी महासागर शुद्धात्मा, स्वयं तृप्त है तृप्त तृप्त आत्मा,
तृप्ति सागर में ऐसे मगन भयो रे। (२)
मैं भींग गयो आहा मैं भींग गयो रे।।
जाणनार तो जाणनार ही, पर का न स्व का भेद है कुछ भी,

आहा साक्षात् अमृत बरस रह्यो रे, (२)
मैं भींग गयो आहा मैं भींग गयो रे।
चित् स्वरूप तो चित् स्वरूप है, आनंद वचनातीत रूप है,
मोहे शुद्ध चिदानन्द जनाई रह्यो रे,
मैं भींग गयो आहा मैं भींग गयो रे। (२)
व्यक्त हुए आनंद के प्रति भी, उदासीन रहता है ये धर्मी,
मैं तो ज्ञाता हूँ, ज्ञाता हूँ, ज्ञाता रह्यो रे। (२)
मैं भींग गयो आहा मैं भींग गयो रे। (२)
कर्तृत्व बुद्धि विनश गई है रे, ज्ञातृत्व शक्ति प्रगट भई है रे,
ये ज्ञाता केवलज्ञान को बुलाय रह्यो रे, (२)
मैं भींग गयो आहा मैं भींग गयो रे। (२)
मात्र जाणनार मुझको जनाई रह्यो रे, (२)
मैं जान रह्यो आहा मैं जान रह्यो रे। (२)

आज की चर्चा, अच्छी आई। प्रयोजनभूत।

मुमुक्षुः- बहुत अच्छी आयी। अकेला अमृत ही ....

उत्तरः- एकदम प्रयोजनभूत। गुरुदेव के प्रताप से बहुत से जीव क्रम क्रम से अपना काम करेंगे। सीमंधर भगवान ने एक जीव के लिये नहीं भेजा उन्हें। ऐसा कहा, इंदिरा बहन सुनाई देता है? कान से कुछ? गुरुदेव ने, मलाड़ में जन्मजयंती थी तब ऐसा कहा, व्याख्यान देते देते, आहाहा! कि (सीमंधर भगवान ने ) हमें यहाँ भेजा है। सीमंधर भगवान ने हमें यहाँ भेजा है। मतलब उसका अर्थ कि एक के लिये नहीं भेजते। सीमंधर भगवान भेजें? एक के लिये भेजें? हें? मुख्य एक-दो व्यक्ति हों वह अलग बात है, नहीं तो सेंकडो

हजारों जीवों के लिये यहाँ आये थे। समझ में आया? और ये संस्कार हर एक के अंदर में बीज रोपण हो जाता है न, वह वृक्ष हो जायेगा। और फल में मोक्ष की प्राप्ति होगी। ऐसी वाणी, ऐसी टंकोत्कीर्ण, इन पुरुष की (गुरुदेव की) है। गजब की वाणी है। आहाहा! ऐसे पुरुष अवतरित हुए। आहाहा! जितनी उनकी प्रशंसा करें उतनी कम है। ऐसा उपकार किया है हमारे ऊपर।

मुमुक्षुः- परम् अहोभाग्य ।

उत्तरः- जब ज्ञानी का जन्म होता है तब ही भेदज्ञान का मंत्र मिलता है। तब तक नहीं मिलता। माता-पिता ने णमोकार मंत्र तो दिया, जन्म होते ही। मगर भेदज्ञान का मंत्र धर्मपिता दे सकते हैं।

मुमुक्षुः- स्पष्ट आपने समझाया।

उत्तरः- यह सब गुरुदेव का है बहन! आहाहा! हमने उनके पास से ही सीखा है और हम तुम्हें उनका (ही कहा हुआ) कहते हैं। ये वाणी सारी उनकी है। बस!

मुमुक्षुः- उनकी विरासत पूरी संभाली है आपने।

उत्तरः- चमत्कार हुआ।

मुमुक्षुः- जाननहार जानने में आता है। जाननहार जानने में आता है।

उत्तर- और मनसुखभाई जानने में नहीं आते तुम्हें, ऐसा लेना पड़ेगा।

मुमुक्षुः- जी प्रभु! सही बात ही है।

उत्तरः- बस! उसमें शान्ति है। जरा भी विचार करना नहीं। किसी परपदार्थ का विचार करने से तो विकल्प और राग की उत्पत्ति होती है। आत्मा को याद करो न? बस! वह वस्तु तुम्हारी कहाँ थी?

मुमुक्षुः- और सर्वज्ञ भगवान के ज्ञान में तो ऐसा आ रहा है अभी कि इस जीव के ज्ञान में उसका आत्मा ही जानने में आता है, दूसरा कुछ जानने में आता ही नहीं। तो अब सर्वज्ञ भगवान को जो मेरे विषय में जो जानने में

आता है ऐसा ही मुझे जानने में आना चाहिये।

उत्तरः- जानने में आना चाहिये।

मुमुक्षुः- तो ही मैं सर्वज्ञ का शिष्य कहलाऊंगा ना?

उत्तरः- शिष्य कहलाऊं। हाँ!

मुमुक्षुः- उससे जरा सा जुदा पड़े तो मिथ्यादृष्टि है।

मुमुक्षुः- तो उनका शिष्य नहीं है। हाँ मिथ्यादृष्टि है। बहन बराबर।

उत्तरः- सर्वज्ञ भगवान की वाणी में आया है कि तेरे ज्ञान में तेरा आत्मा जानने में आता है। तू नकार मत करना। तो तेरा काम हो जायेगा।

मुमुक्षुः- मेरा आत्मा ही जानने में आता है।

उत्तरः- आबाल गोपाल सभी को भगवान आत्मा जानने में आता है। वह तो समयसार तो अपने यहाँ है न? मान्य है ना सभी को? हें?

मुमुक्षुः- सर्वज्ञ से जुदा नहीं पड़ना। सर्वज्ञ से जुदा पड़े? आहाहा!

ઉત્તર:- (ना कह रहा है).

उनके कारण हम सब एकत्रित हुए हैं। कोई कहाँ जन्मे हुए, कोई कहाँ जन्मे हुए। दलीचंदभाई! हें? सभी सोनगढ़ में गुरुदेव के चरणों में एकत्रित हुए हैं। आहाहा! जैसे मोती बिखरे हुए होते हैं और धागे में सभी पिरो दिए जाते हैं, ऐसे इन गुरुदेव के कारण हम सभी शिष्य इकट्ठे हो गये। नहीं तो कोई किसी को पहचानता नहीं। कौन कहाँ, कौन कहाँ? आहाहा! सभी सोनगढ़ में एकत्रित हो गये।

मुमुक्षुः- सत्ताईस वर्ष अनार्य देश में निकाले। अफ्रीका में सत्ताईस वर्ष निकाले। अनार्य देश में, अफ्रीका में सत्ताईस वर्ष निकाले।

उत्तरः- ओहोहो!

मुमुक्षुः- ये सभी लंदन गये। मैंने कहा हमें लंदन जाना नहीं है।

उत्तरः- जाना नहीं है।

मुमुक्षुः- मैंने कहा अपनी भारत भूमि अच्छी है। अब वे संयोग आए सभी। आज सत्रह वर्ष हुए। सोनगढ़ में सत्रह वर्ष हुए।

उत्तरः- सत्रह वर्ष, ठीक। अच्छा, अच्छा।

मुमुक्षुः- गुरुदेव की वाणी का और इस भूमि का, कण कण में नाम आज गुरुदेव का बोला जाता है, उसका लाभ मिल रहा है।

उत्तरः- लाभ मिला, सही है। अच्छा लाभ लिया। सत्रह वर्ष से रहे, सब छोड़कर। एक तो बाहर का संतोष मिला कि अपने को कोई ज्यादा पैसा चाहिये नहीं। अपने को तो आत्मा का करना है। नहीं तो लंदन चले गये बहुत से लोग।

मुमुक्षुः- हाँ बहुत से चले गये।

उत्तरः- बहुत से चले गये अफ्रीका में से। यह ठीक, अच्छा किया तुमने। ये संस्कार सत् के हैं न? आहाहा! सत् के संस्कार का फल बहुत बड़ा आता है। बड़ा आता है। मैं जाननहार हूँ बस! आहाहा! अंदर में बारम्बार, बारम्बार, हमारी बहन ने सुबह के पहर में बहुत प्रमोद (प्रसन्नता) जाहिर किया कि हूँ जाननहार ही हूँ? हाँ तुम जाननहार ही हो। ऐसा ही करना है? कि हाँ, ऐसा ही किया करो। उसमें (आत्मा) जानने में आ जायेगा तुम्हें। 'मैं पर का जाननेवाला हूँ' तो जानने में नहीं आयेगा। 'पर का करनेवाला हूँ' तो भी जानने में नहीं आयेगा। क्योंकि ऐसा स्वरूप ही नहीं है। सर्वज्ञ भगवान ने नहीं देखा है।

मुमुक्षुः- हाँ फिर?

उत्तरः- तुम्हारे घर से (तुम्हारी पत्नि ने) प्रसन्नता व्यक्त की। आत्मा हैं न सभी, उसमें क्या? आत्मा हैं न बहन?

मुमुक्षुः- पहले वे ही आई थी। उनके पीछे मैं आया।

उत्तरः- ठीक (समझ मे आया) ये क्यों आगे बढती हैं। इसलिये अब

समझ में आ गया। जैसा था वैसा कह दिया। अच्छा, अच्छा। भगवान के स्मरण की अपेक्षा परमात्मा के स्मरण से परमात्मा हुआ जाता है । परमात्मा का स्मरण वह ही परमात्मा होने का उपाय है। दूसरा उपाय है ही नहीं कोई। द्रव्यदृष्टि वह ही सम्यकदृष्टि है। बस!

ॐ

# પ્રવચન નં. LA ૩૪૬, તત્ત્વ ચર્ચા - બે ભૂલ

## (તારીખ: ૧૯૯૧, ઉષાકિરણ એપાર્ટમેંટ, રાજકોટ)

અનંતકાળથી જીવની બે પ્રકારની ભૂલ છે. એક તો એવી ભૂલ કરે છે કે પરિણામ સ્વયં થયા કરે છે છતાં એની દ્રષ્ટિ પર્યાય ઉપર પડી છે, અનંતકાળથી. એટલે આ પરિણામને હું કરું છું એવી એને પર્યાયબુદ્ધિ થઇ જાય છે. એટલે કર્તાબુદ્ધિ છે તે મિથ્યાદષ્ટિ છે. જેમકે સ્વયં પગ ચાલતો હોય તો હું ચાલું છું, હું ચલાવું છું. સ્વયં હાથ હલતો હોય તો કહે હું હાથને હલાવું છું. સ્વયં રોટલી, દાળ, શાક, ભાત થાય છે અને માતા-બેન એમ માને કે આ હું કરું છું. એમ પરપદાર્થની ક્રિયાનો આત્મા સ્વભાવથી અકર્તા-જ્ઞાતા હોવા છતાં પરપદાર્થને હું કરું છું એવી અનાદિકાળથી અજ્ઞાનથી ભ્રાંતિ થઇ ગઇ છે એને. એ ભ્રાંતિ એને (કેમ) ટળે?

પહેલા તો એ ભ્રાંતિ છે એમ ખ્યાલમાં આવવું જોઇએ! હાથ-પગ હલાવું છું એ મારી શક્તિથી હલાવું છું, એમ જેને ભાસતું હોય એને તો પ્રવેશ જ નથી ધર્મમાં. પણ સાંભળ્યા પછી એ જીવ વિચાર કરીને કૂણો પડે કે ના, આ વાત તો સાચી છે. મારી ઇચ્છા થાય એમ તો શબ્દ નીકળતો નથી. બોલવું કાંઇ ને બોલાઇ કાંઇક જાય, દરેકને અનુભવ (છે). અને હાલતાં ચાલતાં પગ સરખો પડવો જોઇએ એની બદલે આડો પડી જાય. એટલે આત્મા પરપદાર્થનો કર્તા ત્રણકાળમાં નથી. એ પહેલો પાઠ.

અહીંયા આવી જાવને સામે, કાઈં વાંધો નહીં. ઠીક છે ત્યાં આવો. ખુરશી આપે તમને મોદી સાહેબ, ખુરશી છે ત્યાં? નહીં? ચાલશે? બસ. ઉંમરલાયક બધાને એમ જ હોય ને?

આ એક અસાધારણ વાત બહાર આવી છે એમ પહેલા એણે ખ્યાલમાં લેવું જોઇએ. કે એ તો મે સાંભળ્યું છે ગુરુદેવ પાસે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે. શ્રધ્ધા એમ રાખે છે કે હું કર્તા છું અને અભિમાન એ એમ કરે કે હું જાણું છું એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા નથી, આ તો સીધી વાત છે. એમ કરીને આ વાત કાઢી નાખવા જેવી નથી. આમાં ઊંડા ઉતરવા જેવું છે.

વાત તો બે જ છે. ઘી ખિચડીના અક્ષર બે. લાંબુ તો કાંઇ છે નહીં. અને છ મહિનાથી વધારે મુદ્દત નથી અભ્યાસ માટે. વધારેમાં વધારે છ મહિના, એ તો પ્રમાદી હોયને એને માટે હોં! બાકી તો અન્તર્મુહૂર્તમાં નિર્ણય પણ થાય અને અનુભવ પણ અન્તર્મુહૂર્તમાં, બે ઘડીની અંદર, જ થઇ શકે છે. પણ વધારેમાં વધારે કોઇ પ્રમાદી હોય તો આચાર્ય ભગવાને એટલી છૂટ આપી કે છ મહિના તું આત્માના લક્ષે અભ્યાસ કરીશ, તો તને આત્મ પ્રાપ્તિ, અનુભવ થશે, સમ્યગ્દર્શન થઇ જશે.

એના બે વિભાગ પાડીને સમજાવે છે શાસ્ત્રકાર, કે એક તો આત્મા સ્વભાવથી અકર્તા એટલે જ્ઞાતા એટલે જાણનાર છે. જાણનારા આત્માને, પોતે જીવતત્ત્વ જાણનાર છે, એને બદલે એને કરનાર માને છે, એટલે એ જીવતત્ત્વની મોટી ભૂલ છે. જીવ સંબંધેની વિપરીતતા છે. વિપરીત અભિનિવેશ એને મિથ્યાત્વ કહેવામાં આવે છે. જીવતત્ત્વ સંબંધે, એનો વિપરીત અભિપ્રાય, વિપરીત શ્રધ્ધા, ખોટી માન્યતા, એને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર ભગવાન કહે છે. એટલે પાયાની વાત એ છે કે જગતના બધા પદાર્થો જડ ચેતન સ્વયં પરિણમે છે, એનો આત્મા કર્તા નથી. કર્તા નથી એનું કારણ આપે છે, કે તારા આત્મામાં પરપદાર્થની નાસ્તિ છે. તારા આત્મામાં પર પદાર્થ નથી. તારા આત્મામાં જ્ઞાન ભરેલું છે પણ જગતના પદાર્થોનું અસ્તિત્વ તારામાં આવતું નથી, એટલે તું એનો

કર્તા-ભોક્તા થઇ શકતો નથી.

એમ જાણીને એ પરપદાર્થોથી આત્મા જુદો પડે છે એને પણ એક અપેક્ષાએ વિધિ-નિષેધનો પ્રયોગ કહેવામાં આવે છે. કે આત્મા સ્વયંમેવ પરિણમે છે પોતે પોતાથી અને પરને પરિણમાવી શકતો નથી. અકર્તા છે એટલા માટે પરનો કર્તા નથી, જાણનાર છે માટે પરનો કર્તા નથી. એમ બે દ્રવ્યની ભિન્નતાનું ભેદજ્ઞાન પાયાથી, પહેલું કરવું જોઇએ. કે આત્મા કર્મને બાંધતો નથી અને કર્મના ઉદયથી કોઇ જીવ રખડતો નથી. કર્મના ઉદયથી અત્યાર સુધી કોઇ જીવ દુઃખી થયો નથી. દુઃખી થાય છે પોતાના અજ્ઞાનથી. સુખી થાય છે આત્મજ્ઞાનથી. કર્મ તો નિમિત્ત માત્ર છે.

**કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઇ**. એટલે બે દ્રવ્યની ભિન્નતા માટે કર્તા-કર્મ અધિકાર સ્પેશ્યલ (ખાસ) લખ્યો. અને પછી, આટલું જો ભેદજ્ઞાન થઇ જાય જેને, પરદ્રવ્યથી જુદો પડે અને પોતાના વર્તુળમાં આવી જાય. દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છે, બહાર જોવાનું કાંઇ છે જ નહીં. પરની સાથે કોઇ સંબંધ નથી. કર્તા-કર્ત સંબંધ નથી, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી અને જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ પણ પરની સાથે નથી.

એમ પરથી જુદો આત્માને પાડીને આત્માના સ્વચતુષ્ટયમાં આવવું જોઈએ, કે મારો આત્મા છે, જીવતત્ત્વ, એ અનંત ગુણનો પિંડ છે. અને મારામાં સમયે સમયે જ્ઞાન થાય છે. મારામાં સમયે સમયે જ્ઞાન થાય છે પણ જ્ઞાનને હું ભૂલ્યો છું, એટલે જ્ઞાન તો થાય છે, પણ રાગ પણ સાથે પર્યાયમાં થાય છે. એવું અંદરમાં ને અંદરમાં, દ્રવ્ય પર્યાયમાં આવ્યા પછી, અંદરમાં ને અંદરમાં એને ભેદજ્ઞાન કરવું જોઇએ. કે આ આત્મા છે સામાન્ય અનાદિ અનંત નિષ્ક્રિય પરમાત્મા, એમાં જે આ પરિણામ ઉત્પન્ન થાય છે એ સ્વયંમેવ થાય છે. એ પરિણામનો હું કર્તા નથી. કર્તા નથી એનું કારણ આપ્યું, કે એ મારામાં નથી માટે હું એનો કર્તા નથી. મારામાં જેમ પરદ્રવ્ય

નથી, તેથી પરદ્રવ્યનો હું કર્તા-ભોક્તા હું નથી. એમ મારામાં, મારામાં એટલે જીવતત્ત્વમાં, જીવતત્ત્વમાં નવતત્ત્વનો અભાવ છે. નવતત્ત્વ જે પરિણામસ્રૂપ છે, એવા જે પરિણામો છે, ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, શુભાશુભભાવ, પુણ્ય પાપના પરિણામ...

જેને આવવું હોય એને દશમાં એક મિનિટ પહેલા આવી જવું. દશ પછી નહીં કોઇએ. દશ વાગી જાય ઘડિયાળમાં અને અહીં ચાલુ થઇ જાય એટલે નીચે ઊતરી જવું. અહીં નહી આવવાનું. આ એક શિસ્ટ રાખવું કેમકે ચાલુ લિન્ક (કડી) હોયને, તે તૂટી જાય છે. નવા છે આ ચંદ્રકાંતભાઇ એટલે એને ખબર ન હોય. પણ સામાન્ય બધાને માટે કહું છું. કે દશ પહેલા આવી જવું બસ! દશ પછી ટાઇમ થઇ ગયો હોય પોતાના કામને અંગે, તો કાંઇ (અહીં આવવું) નહીં. આહાહા! એટલે પહેલું (પોતાનું) કામ કરી લેવું અને પછી કામમાંથી નિવૃત્તિ થાય, પછી જ્યારે સવા દશ, સાડા દશ, ગમે ત્યારે જાઇએ (તે ન ચાલે). અહીંયા દશ વાગ્યા પછી બંધ થઇ જવાનું. ખલાસ! દશ અને એક મિનિટ થાશે એટલે બંધ થઇ જશે, કોઇ બેલ મારશે તો ઉઘડશે નહીં. આ તો ભગવાનની વાર્તા છે. આ કાંઇ સામાન્ય વાત નથી. આહાહા! મન થાય ત્યારે આવવું અને મન થાય ત્યારે ઊઠી જવું એમ ન ચાલે. સમજી ગયા આહાહા! દશ પેહલા આવવાનું, સમજ્યા? દશ પછી આવવાનું નહીં. કોઇએ પણ. બંધ કરી દયો હવે. બંધ કરી દયો હવે. કરી દયો બંધ, બસ. ખોલવાનું નહીં, હવે કોઇ આવે તો. બસ.

આ તો પરમાત્મા થવાની વાત બહાર આવી ગઇ છે. કુદરતી આપણા ભાગ્ય જોગે, આ પુરુષ(ગુરદેવ)થી, લાઇટ કરી દયો. આ પુરુષે, ભગવાન મહાવીરની વાણીમાં શું હતું, એ બહાર મૂકી દીધું છે. ગૌતમ ગણધર(આદિ) ભગવંતોએ શું કહ્યું? એની વાત ચોખ્ખી બહાર મૂકી છે, આ એક પુરુષે. અપૂર્વ વાત છે આ, સમજી ગયા? આ કોઇ સાધારણ વાત નથી.

આ કોઇ વિકથા નથી. આ આત્મકથાની વાત ચાલે છે. આહાહા! આ તો જિનવાણીની વાત છે . આહાહા!

**આત્મા જાણનાર છે, કરનાર નથી**, એ પહેલો પાઠ છે. પહેલો પાઠ પણ જેને હજી આહાહા! પરિપક્વ ન થયો હોય, વિપરીતતા હોય, કચાશ હોય, એને વિપરીતતા ટાળવી જોઇએ. એના માટે આગમ, યુક્તિ (અને) અનુભવ(થી) એ બધી વાત સિધ્દ્ધ થાય છે. કે આત્મા પરપદાર્થનો કેમ કર્તા નથી? પરપદાર્થનો ભોક્તા શા માટે નથી? એના કારણો બધા આચાર્ય ભગવાને કર્તા-કર્મ અધિકારમાં આપ્યા છે, સમયસારમાં. એના ઉપરના વ્યાખ્યાન ગુરુદેવના થઇ ચૂક્યા છે. (પ્રવચન રત્નાકરના) અગિયાર ભાગ છે. એમાં પાંચમા-છઠ્ઠા ભાગમાં, જ્યાં હોય ત્યાં જોઇ લેવાનું. પણ કર્તા-કર્મ અધિકારમાં સ્પષ્ટ વાત કરી છે. એના કારણો પણ આપ્યા છે. કે શા માટે પરપદાર્થને આત્મા પરિણમાવી શકતો નથી? કેમ કર્તા-ભોક્તા નથી? એના કારણો બધા આવ્યા છે. એટલે એ વાત હવે જે સૂક્ષ્મ કહેવાની છે મારે, એ અપેક્ષાએ એ વાત સ્થૂળ થઇ ગઇ છે.

હવે એને સ્થૂળનું પણ ભેદજ્ઞાન જો ન હોય, તો જે મારે વાત કરવી છે, એ હું તો સૂક્ષ્મ જ વાત કરવાનો છું. હવે, ગુરુદેવે પિસ્તાળીશ વર્ષ, (અકર્તા-અભોક્તાની) ઘણી કરી, એટલે હું સમજું છું કે બધા સમજી ગયા હશે. એમ સમજીને હવે એમાં ટાઇમ નથી રોકવા જેવુ, સૂક્ષ્મમાં જવા જેવુ છે કેમકે આત્મા પોતે સૂક્ષ્મ છે. એ સૂક્ષ્મ દ્રષ્ટિથી ગ્રાહ્ય થાય એવો છે. સ્થૂળ દ્રષ્ટિથી ગ્રાહ્ય થાય એવો નથી.

આત્માનો અનુભવ કેમ થાય? આ એની વાત છે અને અનુભવ વિના ધર્મની શરૂઆત ત્રણ કાળમાં થતી નથી. ગમે તેટલા વ્રત અને તપ અને જાપ અને જાત્રા કરે, મંદિર બંધાવે આહાહા! દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ, એ બધા રાગની ક્રિયા છે. જ્ઞાનની ક્રિયા નથી ભાઇ!

આત્માનું જ્ઞાન કોઇ અલૌકિક ચીજ છે. એણે એક સમય (પણ) આત્માનું જ્ઞાન કર્યું નથી. અનંતકાળથી આત્માને જાણ્યો નથી. આહાહા! છ દ્રવ્યને જાણ્યા. આઠ કર્મને જાણ્યા. એકસો અડતાલીસ કર્મની પ્રકૃતિને જાણી, એની સત્તા, ઉદય, બધી વિશુધ્ધિ, બધું જાણ્યું કોઇ પાર વગરનું જાણ્યું. અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી ભણી ગયો, લબ્ધિ મળી, પણ એ ત્યાં અને ત્યાં (જ) ઊભો છે એ.

શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી ભાઇ! આહાહા! એ વાત સૂક્ષ્મ બીજા નંબરમાં આવશે. હજી આ પહેલા નંબરની ભેદજ્ઞાનની વાત છે. કે આત્મા, બે દ્રવ્યની ભિન્નતા છે. સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટયની નાસ્તિ છે, એ પણ વિધિ-નિષેધ છે. અસ્તિ-નાસ્તિ કહો કે વિધિ-નિષેધ કહો. સ્વપણે છે અને પરપણે નથી, એનું નામ વિધિ-નિષેધ કહો કે અસ્તિ-નાસ્તિ કહો. બે આંગળી છે, એકમાં બીજાની નાસ્તિ, એની એમાં એકની અસ્તિ સિધ્ધ થાય. એકમાં બીજું ન હોય ત્યારે એકની સિધ્ધિ થાય. જીવમાં શરીરનો અભાવ ત્યારે જીવતત્ત્વ સિધ્ધ થાય. એક પરમાણુમાં બીજા પરમાણુની નાસ્તિ ત્યારે એક પરમાણુ સિધ્ધ થાય. એક પરમાણુ સિધ્ધ થાય તો અનંત પરમાણુ સિધ્ધ થાય. એક પરમાણુ સિધ્ધ થાય તો અનંત પરમાણુ ભગવાને કહ્યા છે એ સિધ્ધ થઇ જાય. એમ ધર્માસ્તિકાયમાં અધર્માસ્તિકાયની નાસ્તિ. અધર્માસ્તિકાયમાં ધર્માસ્તિકાયની નાસ્તિ. આકાશમાં કાળ દ્રવ્યની નાસ્તિ. એમ બધા પદાર્થો સ્વતંત્ર, ભિન્ન ભિન્ન બિરાજમાન પોતાના સ્વભાવથી બિરાજમાન રહેલા છે. એમ બે દ્રવ્યની એકદમ ચોખ્ખી ભિન્નતા અને એ ભિન્નતા કરવાના બધા કારણો કર્તા-કર્મ અધિકારમાં આપ્યા છે. ટાઇમ હોય તો વાંચવું. આહાહા! સુખી થવું હોય તો વાંચવું. આહાહા! જેને હજી દુ:ખી થવું છે એને એ કાંઇ વાંચવાની રૂચિ આવે નહીં. આહાહા! ટાઇમએ મળે નહીં, ક્યાંક રોકાઇ જાય. આહાહા!

બે દ્રવ્યની ભિન્નતા પછીની બે વાત સૂક્ષ્મ કરવાની છે. કે બે દ્રવ્યની ભિન્નતા પછી આત્મામાં પર્યાયનો અભાવ છે. પર્યાય છે પણ પર્યાય ત્રિકાળી દ્રવ્યમાં નથી. સામાન્ય જે શુદ્ધાત્મા છે, દૃષ્ટિનો વિષય છે, જેનું લક્ષ કરતાં આત્માનો અનુભવ થાય અને આનંદની પ્રાપ્તિ થાય, એવો જે ભગવાન જ્ઞાનાનંદ અંદર પરમાત્મા બિરાજમાન છે, એમાં ઉત્પાદ-વ્યયનો અભાવ છે.

એમાં નવતત્ત્વના જે પરિણામ પ્રગટ થાય છે એનો અભાવ છે. પ્રગટ છે, એમાં (જે) પ્રગટ થાય છે, એનો અભાવ છે. આત્મા અનાદિ અનંત પ્રગટ છે છે ને છે! અને પ્રગટ થાય છે પર્યાય, નાશવાન, એક સમયની પર્યાય, એમાં-ત્રિકાળીમાં, એનો અભાવ છે. નિત્યમાં અનિત્ય તત્ત્વનો અભાવ છે. ભગવાન જીવતત્ત્વ નિત્ય તત્ત્વ છે, નવતત્ત્વ અનિત્ય તત્ત્વ છે. મોક્ષતત્ત્વ પણ અનિત્ય તત્ત્વ છે. એક સમયનું આયુષ્ય છે મોક્ષનું.

ભલે સાદિ અનંતકાળની ધારાવાહિની અપેક્ષાએ મોક્ષને નિત્ય કહેવાય પણ પર્યાયની અપેક્ષાએ જુઓ તો એક સમયનું આયુષ્ય છે. આયુષ્ય એટલે સમજાણું? એક સમયમાં પ્રગટ થાય અને પાછો એનો વ્યય થાય. ઉત્પાદ થાય અને વ્યય થાય. ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય ભલે ધારાવાહિ મોક્ષની પર્યાય એવી ને એવી આવે. પછી સંસારની પર્યાય એમાં આવતી નથી, તો પણ એ અનિત્ય છે. અનિત્ય હોય એ જીવતત્ત્વ ન હોય. અનિત્ય હોય તે જીવતત્ત્વ ન હોય અને જેમાં અનંત ગુણ ન હોય એ પણ જીવતત્ત્વ ન હોય. અને જેમાં પરમપારિણામિકભાવ લક્ષણ ન હોય એ પણ જીવતત્ત્વ ન હોય.

આ દ્રવ્ય અને પર્યાયના ભેદજ્ઞાનની વાત છે. આહાહા! મોદી સાહેબે કહ્યું હતું સોનગઢમાં આહાહા! આ તો દ્રવ્ય-પર્યાયના ભેદજ્ઞાનની ભાઇ વાત કરે છે. મોદી સાહેબે કહ્યું હતું.

મુમુક્ષુ :- ૧૩ મી ગાથા ચાલતી હતી.

ઉત્તર :- હા, સોનગઢમાં. આ તો ભાઇ, જેને પોતાનું કરી લેવું છે, છૂટી જવું છે આ સંસારમાંથી એના માટે આની વાત છે. આહાહા! સંસાર જેને રૂચે છે, સત્તા જેને રૂચે છે એને આત્મા રૂચતો નથી. આહાહા! સત્તા જેને જોઇએ છે એને આત્મા નહીં મળે. આહાહા! જેને લક્ષ્મી જોઇએ છે બહારની એને આત્મા મળવાનો નથી.

આ જ્ઞાનલક્ષ્મી છે ભાઇ! આહાહા! આ ત અપૂર્વ ચીજ છે. માંડ આ પુરુષ (ગુરુદેવ)ના પ્રાતપે બહાર વાત આવી છે. આહાહા! એટલે નવ તત્ત્વનો પણ જેમાં અભાવ છે, બંધ-મોક્ષનો પણ જેમાં અભાવ છે. આત્મા બંધાતો પણ નથી અને આત્મા મૂકાતો પણ નથી. બંધાય છે અને મૂકાય છે એ અજીવ તત્ત્વ છે. અથવા પરદ્રવ્યમાં થાય છે, બંધ-મોક્ષ. ભાવબંધ અને ભાવમોક્ષ પરદ્રવ્યમાં થાય છે. સ્વદ્રવ્યમાં ભાવબંધ અને ભાવમોક્ષ થતો નથી. એ તો ત્રિકાળ મુક્ત છે પરમાત્મા. આહાહા!

મોદી સાહેબે બહુ માંગણી કરી કે આઠ દિવસમાં એક દિવસ તો આપો. બાકી ઇચ્છા નહોતી. બિલ્કુલ ઇચ્છા નહોતી, સાવ. પણ મોદી સાહેબના કહેવાથી બે-ત્રણ વાર આ વાત કહ્યું એને. આ ભાઇની પણ બહુ ઇચ્છા હતી, સુમનભાઇની, એટલે મેં કહ્યું અઠવાડિયામાં એક વાર ચાલો કલાક. કેમકે ગુરુદેવે ઘણું આપ્યું છે હવે, સ્વયં પોતાથી નિર્ણય કરી અને પાર પામે એવું છે. કાંઇ કોઇના કહેવાથી કોઇ સમજે એવું કાંઇ છે નહીં. આહાહા! અને પૂજ્યપાદ આચાર્યે તો ત્યાં સુધી કહ્યું કે સાંભળવું એ પાગલપણું અને કહેવું એ પણ પાગલપણું છે. આ શાસ્ત્રનો આધાર છે. આહાહા! સંતો તો એ જ વાત કહે ને? બીજી શું વાત કરે? ઠરવાની વાત કરે એ તો.

એટલે દ્રવ્ય સામાન્યમાં પર્યાયની નાસ્તિ છે માટે પર્યાયનો આત્મા

કર્તા નથી. પર્યાયનો કર્તા કેમ નથી? કે પર્યાય પર્યાયને પણ કરે અને પર્યાયને દ્રવ્ય પણ કરે એમ એક સત્તના બે કર્તા ન હોય. અને એક કર્તાના બે પરિણામ ન હોય. સ્વયંમેવ પરિણામ થાય છે. પર્યાય સ્વયંમેવ થાય છે.

પર્યાયનો કર્તા ઇશ્વર પણ નથી, પર્યાયનો કર્તા જીવ પણ નથી, અને પર્યાયનો કર્તા કર્મ પણ નથી. પર્યાયનો કર્તા પર્યાય છે, બસ! એ પર્યાયનો કર્તા પર્યાય છે એમ જેને બેસે એને કર્તાબુધ્ધિ છૂટી જાય, પર્યાયનું લક્ષ છૂટી જાય. પર્યાયનો કર્તા હું છું એમ લાગે ત્યાં સુધી દ્રષ્ટિ પર્યાય ઉપર છે. અને પર્યાય પર્યાયથી થાય છે, મારાથી નહીં. .. (બારણુ ખખડે છે. મુમુક્ષુ ઊભા થાઈ છે..) કેમ?

મુમુક્ષુઃ- મારા ઘેરથી છે. મારા ઘેરથી છે.

ઉત્તરઃ- ઘેરથી છે. હવે આજે આવા દયો પછી મનાઈ. શું? ખોલો, ખોલો.

મુમુક્ષુઃ- કાં મારે જવું જોઈએ.

ઉત્તરઃ- નહીં. ખોલો, કઈ વાંધો નહીં, આવવા દયો. દશ પછી આવવાની મનાઇ છે. હવે આજે છૂટ છે. બંધ કરી દયો.

મુમુક્ષુઃ- હજી આવે છે.

ઉત્તરઃ- આવે એટલે લઈ આવો. બસ. આહાહા!

અનંતકાળથી આ આત્માને આત્માએ, સ્વયંમેવ પોતાથી, બીજાના ઉપદશેથી નહીં. ગૃહિત મિથ્યાત્વ જુદું, જન્મે ત્યારે અન્યમતિ થાય એનું નામ ગૃહિત મિથ્યાત્વ. અને અગૃહિત મિથ્યાત્વ એટલે અનાદિકાળથી આત્મા, સ્વભાવથી અકારક-અવેદક-જ્ઞાતા, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર, અનાદિ અનંત જાણનાર છે. અનાદિ અનંત એનો સ્વભાવ જ જાણવું, જાણવું, જાણવું છે. જાણનાર, જાણનાર, અકર્તા-અભોક્તા એવા આત્માને, પોતે પોતાની મેળે, ઉપદેશ વિના, નિગોદના

જીવને ઉપદેશ નથી મળ્યો કે તું અકર્તા છો ને કર્તા નથી. છતાં પણ એ કર્તાબુદ્ધિ રાખે છે અનંતકાળથી.

નિગોદમાંથી હજી નીકળ્યા નથી જીવો કેટલાક. થોડાક નીકળ્યા છે. સમજ્યા? નિત્ય નિગોદ અને ઇત્તર નિગોદ. આહાહા! એટલે નિગોદના જીવને પણ સંસ્કાર અનાદિકાળના અજ્ઞાનથી છે, કે હું પરિણામને અને પરને કરું છું અને દુ:ખને હું ભોગવું છું. એને અગૃહિત મિથ્યાત્વ કહેવાય. એ અગૃહિત મિથ્યાત્ત કેમ ટળે અને સમ્યગ્દર્શન કેમ થાય એનો ઉપદેશ સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આવ્યો અને કુંદકુંદ ભગવાને ઝીલીને આ શાસ્ત્રો લખ્યા છે. કે પરિણામનો કર્તા... પરિણામનો કર્તા કોણ છે? એની એને ખબર નથી, અને હું કોણ છું એની પણ એને ખબર નથી.

પરિણામનો કર્તા કોણ છે, એની પણ એને ખબર નથી, અજાણ છે એનાથી. અને હું કોણ છું, એની પણ એને ખબર નથી. આહાહા! કાં કહે પરિણામને (૧) ઇશ્વર કરે, કર્તાવાદી, ઇશ્વરના કર્તાવાદી. કાં (૨) કર્મોના કર્તાવાદી કર્મ (પરિણામ)ને કરે. કર્મ કરે છે પર્યાયને સુખી દુ:ખી. અને કાં (૩) જીવ કરે છે. એ ત્રણમાંથી, ત્રણે ખોટા, ત્રણમાંથી કોઇ સાચો નથી. ઇશ્વરના કર્તાવાદી ખોટો, કર્મના કર્તાવાદી ખોટો અને જીવ કરે છે એ પણ ખોટો છે.

પરિણામ એના ષટ્કારકથી સ્વયં થાય છે. એ સત્ અહેતૂક છે. પર્યાય, પર્યાયને કરે અને પર્યાયને દ્રવ્ય પણ કરે એમ એક સત્તના બે કર્તા હોઇ શકે નહીં. થોડીક બુદ્ધિ ચલાવવી પડશે અને પોતાની માન્યતાને થોડીક ડિપોઝીટ રાખવી પડશે, સત્ય વાત સાંભળવા માટે. અસત્ય સાંભળ્યું બહુ અને સંભળાવનારા ઢગલાબંધ છે. જ્યાં જુઓ ત્યાં આ ઉપદેશ છે. કરો, આ કરો, આ કરો, આ કરો, આ કરો, આ કરો, ક્રિયા કરો, બસ! થઈ રહ્યું! આહાહા! આત્મા રાગને કરે છે, રાગને ન કરે તો સ્વચ્છંદી

થઇ જશે - આવા ઉપદેશ દેનારા છે.

આત્મા રાગને પૂર્વે પણ કર્યો નથી અત્યારે પણ કરતો નથી અને ભવિષ્યમાં પણ કરશે નહીં. પર્યાય, પર્યાયને કરે છે. માને છે કે હું કરું છું, એ એનું અજ્ઞાન છે. અજ્ઞાન હોવા છતાં એ પર્યાયનો કર્તા નથી, કર્તા પ્રતિભાસે છે, કર્તા બની શકતો નથી. શું કહ્યું? નવિનભાઇ! ભગવાન જે આત્મા નિષ્ક્રિય અકારક છે, એ રાગ થાય, અને રાગ ઉપર દૃષ્ટિ રાખી, અને એમ બકે-બોલે કે આ રાગને હું કરું છું, તો પણ એ રાગને કરી શકતો નથી. કર્તા છું એમ પ્રતિભાસે છે, એ એનો પ્રતિભાસ છે, અજ્ઞાન છે.

રાગની ઉત્પત્તિ મિથ્યાત્વનું કારણ નથી. પણ રાગને હું કરું છું એવી જેની બુધ્ધિ થાય છે એ મિથ્યાદૃષ્ટિ બની જાય છે. આહાહા! રાગ થાય છે સ્વયં અને માને કે હું કરું છું એણે સ્વભાવનું ખૂન કર્યું, હિંસા કરી. આહાહા! મિથ્યાત્વના પરિણામ, એને પરમાત્મા હિંસા કહે છે. એટલે પર્યાયનો કર્તા પર્યાય છે, સત્ છે, અહેતૂક છે, નિરપેક્ષ છે પર્યાય. સત્ હોય એ નિરપેક્ષ હોય, એને કોઇની અપેક્ષા ન હોય. આત્માથી પરિણામ થતા નથી, કર્મથી થતા નથી અને કોઇ ઇશ્વર એનો કર્તા નથી. પર્યાય પર્યાયથી સ્વયંમેવ એના ષટ્કારકથી એના સ્વઅવસરે, એની જન્મક્ષણ છે ત્યારે જ થાય. પર્યાયનો કાળ ફરે નહીં અને એનો ભાવ પણ ફરે નહીં. જે ભાવે પર્યાય ઉત્પન્ન થવાની હોય એ જ ભાવે ઉત્પન્ન થાય. એ જ સમયે ઉત્પન્ન થાય. સમય ફરે નહીં અને ભાવ પણ એનો ફરે નહીં.

અને જે એનો રાગાદિ પરિણામ થાય, એ રાગાદિ ઉદયભાવ પર્યાયમાં તન્મય થાય પણ જીવમાં તન્મય થઇ શકે નહીં. એ એક સત્તમાં બે ભાવોનું તન્મયપણું નથી. ખ્યાલ રાખજો જરાક, સૂક્ષ્મ વાત તો કહી છે, કે મારે સૂક્ષ્મ જ કહેવું છે. સમજી ગયા? જેટલું સમજાય એટલું સમજવું બીજો ઉપાય નથી.

કે એક પર્યાયમાં જેમ ઉદયભાવ તન્મય છે એમાં પારિણામિકભાવ તન્મય થઇ શકતો નથી. અને પારિણામિકભાવ જીવતત્ત્વમાં તન્મય છે એમાં ઉદયભાવ તન્મય થઇ શકતો નથી. ત્રણ કાળમાં અશક્ય છે. આહાહા! માટે દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે એમ જાણીને પર્યાયની કર્તાબુદ્ધિ છોડી, આહાહા! કર્તાનો અભિપ્રાય છોડી, ક્રિયા થયા કરશે. ક્રિયા થયા કરશે પણ કર્તાનો અભિપ્રાય છોડી, લક્ષ છોડી અને હું તો જાણનાર છું, આહાહા! હું કરનાર નથી. એમ જાણી, એવો નિર્ણય કરી, વિધિ-નિષેધનો નિર્ણય કરી.

વિધિ-નિષેધ એટલે સમજાણું? આ હું અકર્તા છું અને કર્તા નથી. એનું નામ વિધિ-નિષેધ. નયમાં વિધિ-નિષેધ હોય, પ્રમાણમાં વિધિ-નિષેધ ના હોય. કેટલાક જીવ તો પ્રમાણમાં અટકી ગયા, પછી વિધિ-નિષેધમાં આવતા જ નથી. આહાહા! વિધિ-નિષેધ વિના નિર્ણય થઇ શકતો જ નથી. અને યથાર્થ નિર્ણય વિના અનુભૂતિ આવી શકતી નથી. વિધિ-નિષેધથી નિર્ણય થાય છે. વિધિ-નિષેધથી અનુભવ થતો નથી.

ફરીથી શું કહ્યું? હું અકર્તા છું અને કર્તા નથી. એવો જે વિકલ્પ ઊઠે છે, એવો જે વિધિ-નિષેધનો વિકલ્પ છે આહાહા! ત્યાં સુધી હજી અજ્ઞાન છે, ત્યાં સુધી અનુભવ નથી. પણ એ વિધિ-નિષેધના વિકલ્પ જ્યાં ઊભા થાય છે, વ્યવહારનો નિષેધ કરે છે અને નિશ્ચયની તરફ એ ઢળે છે ત્યારે એનો મિથ્યાત્વ જે ભાવ, અનાદિકાળનો હતો, અનુભાગ-રસ એ ગળવા માંડે છે, ઘટે છે મિથ્યાત્વ. મિથ્યાત્વ ઘટતાં ઘટતાં, ગળતાં ગળતાં. ઘટતાં ઘટતાં અને ગળતાં ગળતાં, જાય છે નહીં. રહેશે થોડો ટાઇમ પણ એ એવી ગલન સ્થિતિ આવે છે એની ભેદજ્ઞાનની, સવિકલ્પ ભેદજ્ઞાનનો વ્યવહાર. આહાહા! એનાથી એવી સ્થિતિ જીવની આવી જાય છે કે યથાર્થ નિર્ણય થઇ જાય છે. એ યથાર્થ નિર્ણય ક્યારે થાય છે? કે જ્યારે મિથ્યાત્વ બહુ

ગળી જાય, ટળવાની અણી ઉપર આવી જાય છે, ટળ્યો નથી હજી. ટળવાની અણી ઉપર આવે છે ત્યારે યથાર્થ નિર્ણય જીવને થાય છે. મિથ્યાત્વ અવસ્થામાં, જેવો આત્માનો અનુભવ એને થવાનો છે સમ્યગ્દર્શનના કાળમાં એવો જ જ્ઞાયક ભગવાન આત્મા એને પરોક્ષ અનુભવમાં આવી જાય છે. પછી અલ્પકાળમાં જ એ વિકલ્પ તૂટીને અનુભવ સાક્ષાત્ થાય છે. માટે પર્યાયનો કર્તા પર્યાય જ છે, આત્મા નથી, કર્મ નથી અને ઇશ્વર પણ નથી. આહાહા! એક સત્તના બે કર્તા ન હોય. એક સત્તના બે ભોક્તા પણ ન હોય. શું કહ્યું?

મુમુક્ષુ :- બરાબર

ઉત્તર :- બરાબર જીજ્ઞેશ? પર્યાયમાં રાગ થાય, એમાં દુ:ખ થાય. દુ:ખ તો આવે, (રાગની) પર્યાયનું ફળ તો દુ:ખ છે જ. હવે એ દુ:ખને જીવ ભોગવે કે પર્યાય ભોગવે?

મુમુક્ષુ :- પર્યાય ભોગવે.

ઉત્તર :- પર્યાય ભોગવે. બસ! જીવ ભોગવે નહીં. આહાહા! પછી તો હજી આગળ છે. આ તો પહેલો પાઠ છે. પછી તો જીવ એને જાણશે પણ નહીં. હમણાં થોડીકવારમાં એ આવશે વખત. ઝાઝો વખત ન લાગે. સમજી ગયા? સમ્યગ્દર્શન થવા માટે ઝાઝો વખત ન લાગે. જો યથાર્થ એને લાઇન (line) હાથમાં આવી જાય તો. બાકી તો ગોથા ખાઇ ખાઇને અનંતકાળ જાય. જો હાથમાં લાઇન ન આવે એને તો ક્યાંથી કામ થાય? આહાહા! માટે પર્યાયમાં જે રાગ થાય છે એનો કર્તા પર્યાય છે અને એમાં જે દુ:ખ થયું એનું ફળ, એનો ભોક્તા પર્યાય છે.

ભગવાન! નિષ્ક્રિય પરમાત્મા આહાહા! દુ:ખને ભોગવે એવો આત્માનો સ્વભાવ નથી, છતાં હું દુ:ખને ભોગવું છું એમ માને તે મિથ્યાદ્રષ્ટિ થાય છે. દુ:ખને ભોગવી તો શકતો નથી. દુ:ખને ભોગવું છું એવો એને

પ્રતિભાસ થાય છે. શું કહ્યું? દુ:ખને ભોગવતો હોય અને હું દુ:ખને ભોગવું છું એમ જો માનતો હોય તો તો સમ્યગ્દ્રષ્ટિ કહેવાય. શું કહ્યું સમજાય છે? સુમનભાઇ! આહાહા! ઊંચા પ્રકારનો માલ છે આ તો. વ્યવહારના પક્ષવાળાને કઠણ પડે બહુ. આહાહા! એવો પક્ષ છે અનાદિકાળનો, છૂટવો મુશ્કેલ. દુ:ખને આત્મા ભોગવે છે એ ઉપચારનું કથન છે. દુ:ખને પર્યાય ભોગવે છે એ અનુપચાર, નિશ્ચયનું કથન છે. પર્યાય દુ:ખને ભોગવે છે. જે કરે તે ભોગવે ને? જે કરે તે ભોગવે, એક સિદ્ધાંત. હેં? જો આત્મા રાગને કરતો હોય તો તો રાગને, દુ:ખને, આત્મા ભોગવે. એ તો વાસ્તવિક છે પણ આત્મા તો રાગનો ઉત્પાદક નથી. ઉત્પન્ન કરતો નથી. આહાહા! કેમકે નિષ્ક્રિય છે પરમાત્મા. કોઇ ગુણ એવા નથી, ગુરુદેવે કહ્યું, કે રાગને ઉત્પન્ન કરે. રાગનો કર્તા નથી કેમકે ગુણ કોઇ એવો નથી. એ ગુરુદેવને માનતા નથી! આ જીવો. આહાહા!

કોઇ એવી ગુણ-શક્તિ નથી આત્મામાં, કે એ રાગને ઉત્પન્ન કરે અને કોઇ એવી શક્તિ નથી કે દુ:ખને ભોગવે. હા પરિણામ કરે અને પરિણામ ભોવગે. બસ, એની કર્તા અને ભોક્તાની મર્યાદા ઉદય (ઔદયિક) ભાવ સુધી છે. અને ઉદય ભાવ જ્યાં છે ત્યાં કર્તા ભોક્તા છે. ઉદય ભાવ સમજ્યા ને? ચાર પ્રકારના ભાવો છે - ઉદય, ઉમપશમ, ક્ષય(ક્ષાયિક), ક્ષયોપશમ. તો ઉદય ભાવનું અસ્તિત્ત્વ જીવમાં નથી, પર્યાયમાં છે. એ પણ થોડો ટાઇમ. અનાદિ અનંત ન હોય. એક સમય પૂરતું.

મુમુક્ષુ :- બાકીના ત્રણ ભાવનું?

ઉત્તર :- બાકીના ત્રણ ભાવનું પર્યાયમાં અસ્તિત્ત્વ છે. ઉપશમનું અસ્તિત્ત્વ પર્યાયમાં, ક્ષાયિકનું અસ્તિત્ત્વ પર્યાયમાં. ક્ષાયિકભાવ પર્યાયથી તન્મય છે. ક્ષાયિક ભાવ કેવળજ્ઞાનની પર્યાયથી તન્મય છે, પણ ક્ષાયિક ભાવ ભગવાન આત્માથી અતન્મય છે. તન્મય છે જ નહીં. કેમકે બે ભાવ

એકમાં તન્મય ન હોય.

ન્યાય સમજાય છે? પારિણામિક ભાવથી આત્મા જો તન્મય છે, પરમપારિણામિક ભાવથી. પાંચ ભાવ છે કે નહીં? તો એક ભાવથી જો તન્મય છે, તો એમાં બીજો ભાવ આવી અને તન્મય થઇ જાય, તો તો આત્માનો નાશ થઇ જાય. આહાહા! આ એક બુધ્ધિગમ્ય વાત છે. લોજીક અને ન્યાયથી છે વાત પણ વ્યવહારનો પક્ષ એવો (દૃઢ) થઇ ગયો છે (કે સત્ય નથી સમજાતું). અનન્ય, જીવને રાગથી અનન્ય, અનન્ય, અનન્ય, અનન્ય માન્યા કરે છે. છે અન્ય અને માને અનન્ય. આહાહા!

આ બધી વાત શાસ્ત્રમાં છે હું કહું છું હોં! કે પર્યાયમાં જ ઉપશમ ભાવની તન્મયતા. ક્ષાયિક ભાવની તન્મયતા પણ પર્યાયમાં, દ્રવ્યમાં તન્મય થાય જ નહીં. એ તન્મય ક્યારે થાય? કે જો પારિણામિક ભાવને કાઢી નાખો આમાંથી, તો તો તન્મય થાય પણ એ તો નીકળે જ નહીં. (નીકળે) તો તો જીવનો નાશ થાય. જીવના ભાવનો નાશ થાય તો ભાવવાનનો પણ નાશ થાય. જીવનો ભાવ પરમપારિણામિક છે. આહાહા! **નિષ્ક્રિય શુધ્ધ પારિણામક:** આ જીવનું લક્ષણ છે. આહાહા! રાગાદિક જીવનું લક્ષણ નથી, પર્યાયનું લક્ષણ છે. ક્ષાયિક ભાવ જીવનું લક્ષણ નથી, પર્યાયનું લક્ષણ (છે), જીવનું લક્ષણ નથી.

મુમુક્ષુ:- સુખ નામ ગુણ છે કે નહીં?

ઉત્તર:- ત્રિકાળી ગુણ એ લક્ષણ છે, સુખની પર્યાય એનું લક્ષણ નથી.

મુમુક્ષુ:- સુખ કોણ ભોગવે?

ઉત્તર:- દુ:ખ પર્યાય ભોગવે. સુખ પર્યાય ભોગવે. કેવળી ભગવાનની પર્યાય પ્રગટ થાયછે ને એ આનંદને ભોગવે છે. એનો ભગવાન આત્મા (આનંદને) ભોગવતો નથી. જો એ આનંદને ભોગવતો હોય તો દુ:ખનો ભોગવનારો એ સિધ્ધ થઇ જશે. તો જીવ તત્ત્વનો નાશ થાશે. જીવતત્ત્વની

સિધ્ધિ જ નહીં રહે.

તો સુખ કોણ ભોગવે છે? આટલી આટલી શુકલ ધ્યાનની શ્રેણી માંડી, પરમાત્મા થયા, તો સુખ માટે જ કર્યું ને એમણે? આહાહા! તો એ સુખ કોણ ભોગવે છે? જીવ ભોગવે છે એ ભ્રાંતિ છે. ઉપચારથી જ્યારે પર્યાય પર્યાયને-સુખને-આનંદને ભોગવે છે, 'નિત્ય આનંદ ભોજી' આવે છે ને? એ પર્યાય ભોગવે છે આનંદને. ઉપચારથી આત્મા એને ભોગવે છે. મુનિરાજ આનંદને ભોગવે છે. અમારા કેવળી પરમાત્મા, અરિહંત અને સિધ્ધ, નિત્ય આનંદને ભોગવે છે. એ ઉપચારના કથન છે. ભોગવે છે પર્યાય અને બાજુમાં ભગવાન આત્માનું અસ્તિત્ત્વ છે, (તેથી) ઉપચારથી આત્મા એને ભોગવે છે. આત્મા ભોક્તા-બોક્તા છે નહીં, અભોક્તા છે. આહાહા!

ભોગવતો કેમ નથી એ? હવે એનું કારણ. કે અમારા પરમાત્મા આનંદને કેમ ભોગવતા નથી? કે **तद्रूपो न भवति**, તે રૂપે પારિણામિક ભાવ થતો નથી. માટે ભોક્તા નથી. છતાં ભોક્તાનો ઉપચાર છે, ભોક્તાનો ઉપચાર છે, વ્યવહાર છે. ઉપચાર કહો કે વ્યવહાર, એ અસત્યાર્થ કથન છે. શ્રધ્ધા માટે એ કથન અસત્યાર્થ છે. જાણવા માટે સત્યાર્થ કથનચીત. આહાહા! આવી વસ્તુ છે. ઝીણું તો છે!

મુમુક્ષુ :- દુ:ખ નામનો ગુણ નથી માટે તો નથી ભોગવતો.

ઉત્તર :- હા.

મુમુક્ષુ :- (પણ) સુખનો તો ગુણ છે.

ઉત્તર :- સુખનો ગુણ છે ત્રિકાળી, એ ત્રિકાળી ગુણ છે એ સક્રિય છે કે નિષ્ક્રિય?

મુમુક્ષુ :- નિષ્ક્રિય.

ઉત્તર :- નિષ્ક્રિય તો સુખને કેમ ભોગવે? અને પર્યાય સક્રિય છે. પર્યાય જરૂર સુખને ભોગવે. જરૂર ભોગવે. સમજી ગયા? એ નિશ્ચયનું કથન

છે. આત્મા એને ભોગવે છે, એ વ્યવહારનું કથન છે. અને વ્યવહાર સઘળોય અભૂતાર્થ જાણજે. આહાહા!

કહ્યું તું કે સૂક્ષ્મ વાત કરવી છે. આહાહા! માટે દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે. એવું અસ્તિ-નાસ્તિ અનેકાંત છે. અથવા વિધિ-નિષેધ દ્વારા, નય દ્વારા મિથ્યાત્વ ગળે છે અને જ્ઞાન દ્વારા આત્માનો અનુભવ થાય છે. નયમાં વિધિ-નિષેધ હોય. પ્રમાણમાં વિધિ-નિષેધ ન હોય. પ્રમાણમાં જે અટકેલો છે અને નયમાં આવ્યો નથી એ વિધિ-નિષેધમાં આવતો નથી એટલે મિથ્યાત્વ ગળતું પણ નથી. પ્રમાણના પક્ષવાળાને મિથ્યાત્વ ગળે નહીં. અને નયના જ્ઞાનવાળાને પણ મિથ્યાત્વ ગળે નહીં. બે નયના જ્ઞાનવાળાને પણ મિથ્યાત્વ ગળે નહીં. ટળે તો નહીં પણ ગળે પણ નહી. (અજ્ઞાની કહે છે) ભગવાને બે નય કહી છે. અમે બે નયના જ્ઞાતા છીએ. આહાહા! એમાં મિથ્યાત્વ ગળે નહીં. ટળે તો નહીં જ, ગળે (પણ) નહીં, કેમકે વિધિ-નિષેધ નથી કરતો એ. આમ પણ છે અને આમ પણ છે.

આમ છે અને આમ નથી! વિધિ-નિષેધમાં, આમ છે અને આમ નથી. આત્મા શુધ્ધ છે, અશુધ્ધ નથી. આત્મા વીતરાગની પ્રતિમા છે અને રાગી નથી. આત્મા અકર્તા છે અને કર્તા નથી. અભોક્તા છે અને ભોક્તા નથી. એમ નય દ્વારા નિશ્ચયનયથી અકર્તા છે અને વ્યવહારનયે કર્તા કહ્યું એનો નિષેધ કરવો જોઇએ કે હું કર્તા નથી. એમ વિધિ-નિષેધના નયોના વિકલ્પમાં આવતાં મિથ્યાત્વ એને ગળે છે, ટળતું નથી. પછી જ્યારે યથાર્થ નિર્ણયનો કાળ આવે ત્યારે મિથ્યાત્વ એવું ગળે છે કે ટળી જાય એવું ગળે. ગળવાના બે પ્રકાર, ગળે અને પછી વધી પણ જાય અને ગળે અને ટળી પણ જાય. શું કહ્યું જીજ્ઞેશ સમજાણું? ગુરુના યોગમાં આવ્યો હોય, મિથ્યાત્વ ગળે અને પછી ક્યાંક બીજો ભટકાઇ જાય કોક (મિથ્યાદ્રષ્ટિ) તો પાછું મિથ્યાત્વ વધી જાય. એવો એક ગળે અને વધે એવો એક જીવ હોય

અને ગળે અને ટળી જાય એવો એક જીવ હોય. ગળે પછી વધે નહીં, ટળે. આહાહા!

એવી વસ્તુ છે! આ વાદવિવાદે પાર આવે એમ નથી, હેં? અને (પ્રવચન રત્નાકરના) અગિયાર ભાગ બહાર પડી ગયા છે. બધું એમાં ભરેલું છે. પણ ટાઇમ કાઢીને સ્વાધ્યાય કરવો જોઇએ. ગુરુદેવની ટેપ છે, નવ હજાર તો ટેપો છે. આહાહા! અને પરસ્પર સમવિચારના જીવોની સાથે તત્ત્વ નિર્ણય માટે ચર્ચા કરવી જોઇએ. અને એમ લાગે કે વિચાર ભેદ છે પછી એમની સાથે બેસવું ન જોઈએ. વિચાર ભેદ હોય ને તો જય જિનેન્દ્ર કહેવું બસ! પણ વિચાર ભેદ હોય એની સાથે પછી મજા નહીં. સમજી ગયા? રાગ-દ્વેષ થાય, કારણ વગરના, એટલે અલિપ્ત રહેવું. વિચાર ભેદ ન હોય અને ગુરુની લાઇન એને હોય એમ લાગે તો જરૂર પરસ્પર ચર્ચા કરવી. આહાહા!

એટલે પર્યાયનો કર્તા પર્યાય છે, દ્રવ્ય નથી. એક સત્તના બે કર્તા ન હોય. એક સત્તના બે ભોક્તા ન હોય. સુખની પર્યાય એક છે, એ પર્યાય પણ ભોગવે અને દ્રવ્ય પણ ભોગવે એમ એક સત્તના બે ભોક્તા ન હોય. બે સત્ત અલગ અલગ છે. સમજી ગયા? એક સત્તમાં બીજા સત્તની નાસ્તિ છે ત્યારે એકની અસ્તિ. સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા. બે ભાવ વડે એક પદાર્થની સિદ્ધિ થાય છે. આહાહા! એકમાં બીજાની નાસ્તિ છે. એટલે વિધિ-નિષેધમાં આવતાં એને મિથ્યાત્વ ગળે છે અને એને યથાર્થ નિર્ણય પણ આવે છે. યથાર્થ નિર્ણય આવ્યા પછી, એને કાં અંત:મુહૂર્તમાં અને કાં થોડા ટાઇમમાં અવશ્ય સમ્યગ્દર્શન થાય છે. અને (યથાર્થ નિર્ણય વાળાને) ઉપચારથી, નૈગમ નયે, સમ્યગ્દર્શન થઇ ગયું, એમ પણ સંતો કહે છે. પોતાને પણ ખબર પડે અને બીજા સંતોને પણ (ખબર પડે), આ પ્રમાણે શાસ્ત્રમાં લખ્યું છે.

મુમુક્ષુ :- ગળ્યા પછી ટળવાનું.

ઉત્તર :- ગળ્યા પછી ટળવાનું એમ કે નય દ્વારા નક્કી કર્યું કે હું અકર્તા છું, નય દ્વારા નક્કી કર્યું કે અભોક્તા છું, નય દ્વારા એમ નક્કી કર્યું કે હું જ્ઞાયક છું, એવો જે વિકલ્પ ઊઠતો હતો. અરે! હું તો સ્વભાવથી જ જ્ઞાયક છું, હું તો સ્વભાવથી જ જ્ઞાયક છું. હું તો ત્રણેકાળ સ્વભાવથી અકારક અવેદક છું, મારે નયની જરૂર નથી. નયનો સહારો છૂટી જાય છે અને સ્વભાવના જોરે અનુભવ થાય છે. ત્યારે નયાતિક્રાંત થાય એમ કહેવામાં આવે છે. નયોની લક્ષ્મી ઉદય પામતી નથી.

નયથી નિર્ણય થાય અને જ્ઞાનથી અનુભવ થાય. નય છે એ જ્ઞાન નથી. નય છે એ માનસિક જ્ઞાન છે, ઇન્દ્રિયજ્ઞાન છે. એ જ્ઞેયનો ભેદ છે, નય છે એ જ્ઞાનનો ભેદ નથી. નયથી નિર્ણય થાય, અનુભવ ન થાય. નયાતિક્રાંત થાય ત્યારે અનુભવ થાય. એ સ્વભાવનું જોર આવી જાય ને એને ત્યારે એ વિકલ્પ, નિર્ણયનો વિકલ્પ, પણ છૂટી જાય. એને દેવસેન આચાર્યે (નય ચક્ર, પાનું ૩૧) એમ કહ્યું કે નિશ્ચયનયથી નિર્ણય કર્યો પછી એ નિશ્ચયનય એવી પ્રગટ થાય છે કે આત્માનો અનુભવ કરાવી, આનંદની પ્રાપ્તિ કરાવી અને નય ચાલી જાય છે.

એક વાર દાખલો આપ્યો હતો કે ચક્રવતી મહારાજને મળવા જતાં હતા શેઠ, કોઇ મોટા નગરશેઠ, તો પટ્ટાવાળાને કહ્યું કે મને બતાવ બંગલો, એટલે પટ્ટાવાળો બંગલા સુધી આવ્યો. પછી દરવાજા સુધી, ચક્રવર્તીના દરવાજા સુધી, શેઠને લઇ આવ્યો. પછી કહે કે તમે અંદર જાવ. (શેઠ કહે) તમે તો મારી સાથે આવો. (પટ્ટાવાળો કહે) કે ના સાહેબ, હું અંદર નહીં આવી શકું, હું લાચાર છું. મને આવવાની મનાઇ છે, સાહબેની! રાજા સાહેબની મને (અંદર) આવવાની મનાઇ છે. તમે જઇ શકો છો. તો કહે ભલે, એટલે શેઠ અંદર વયા ગયા અને ઓલો બહાર રહી ગયો પટ્ટાવાળો.

એમ નય છે એ પટ્ટાવાળો છે. અનુભવકાળમાં નય અંદર જતી નથી.

નય છે (તે) વિકલ્પ છે, રાગ છે, ઇન્દ્રિયજ્ઞાન છે, જ્ઞેયનો અંશ છે. એ નયજ્ઞાન-વિકલ્પજ્ઞાન આત્માને અનુભવવાનું સાધન નથી. એ અતીન્દ્રિયજ્ઞાનથી આત્માનો અનુભવ થાય છે. સમજી ગયા? એટલે નય ચાલી જાય છે, અનુભવના કાળે નય રહેતી નથી, એવી એક સ્થિતિ આવે છે.

એક પાઠ તો પૂરો થયો. હવે બીજી વાત કરી દઉં. આ વાત તો ફરી ફરી કરવાની છે હજી. હું આ જ વાત કરવાનો છું. હવે બીજી વાત કરવાનું બંધ બસ! ખલાસ! આ બે જ વાત કરીશ. આવતા રવિવારે બે વાત. કોઇ પણ રવિવારે તમે આવો. ત્રીજી વાત હવે મારી પાસે છે નહીં. બસ! ઉપસ્થિતિ ખૂબ (છે), હેં? ઘણો વિસ્તાર ગુરુદેવે કર્યો, હવે વિસ્તારથી ઘણું કહ્યું. હવે અલમ્! આહાહા!

બીજી વાત એવી છે કે આ ભગવાન જે આત્મા, જીવતત્ત્વ છે, પરમાત્મ તત્ત્વ અંદર બિરાજમાન છે. એને આ આશ્રવતત્ત્વ અને અજીવ તત્ત્વોથી, શરીરથી, રાગથી ભિન્ન પાડવાનું અસાધારણ લક્ષણ શું છે? કે જેનાથી ભેદજ્ઞાન થઇ અને શુધ્ધાત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય, સમ્યગ્દર્શન થાય, આત્મદર્શન થાય એવું અસાધારણ લક્ષણ શું છે? જ્યાં સુધી અસાધારણ લક્ષણને જીવ જાણશે નહીં ત્યાં સુધી એને એ જ્ઞાનમાં આત્માનો અનુભવ નહીં થાય. એટલે પહેલા અસાધારણ લક્ષણની વાત કરું.

